**समानो मन्त्रः** (ઋગ્વેદ) **समानी प्रपा** (અથર્વવેદ)

# પરબ

સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૧ મે : ૨૦૦૭ અંક : ૧૧

**: પરામર્શનસમિતિ :**

**કુમારપાળ દેસાઈ**
પ્રમુખ

**ભોળાભાઈ પટેલ**
વરિષ્ઠ કાર્યવાહકસમિતિ સભ્ય

**ભારતી ર. દવે**
પ્રકાશનમંત્રી

**: તંત્રી :**
યોગેશ જોષી

**: સહતંત્રી :**
પ્રફુલ્લ રાવલ

## ગુજરાતી સાહિત્ય પરિષદ

**મેઘાણી જ્ઞાનપીઠ m ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ,
'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

# પરબ

## ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :

- v 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- v 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- v 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
- v વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે, પ્રમાણપત્ર સાથે બીડવું.
- v ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- v પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.
- v પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- v 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

## લેખકોને :

- v 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- v લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવા તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- v **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો જ અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ રદ ગણવી. પૉસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- v **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ' ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

E-mail : gspamd@vsnl.net **ફોન અને ફૅક્સ : ૨૬૫૮૭૯૪૭**
Web-site : www.gujaratisahityaparishad.org

ISSNO250-9747 **પરબ** **છૂટક કિં. રૂ. ૨૦/-**

માલિક : ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક અને પ્રકાશક : **ભારતી ર. દવે** (પ્રકાશનમંત્રી), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, અમદાવાદ ૩૮૦૦૦૯ s તંત્રી : યોગેશ જોષી s મુદ્રણસ્થાન : **શારદા મુદ્રણાલય**, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૬ & ૨૬૫૬૪૨૭૯

પરબ વર્ષ : ૧ મે : ૨૦૦૭ અંક : ૧૧

## અ નુ ક્ર મ


| | |
|---|---|
| પ્રમુખશ્રીનો પત્ર | કુમારપાળ દેસાઈ 4 |
| કવિતા | સાત કાવ્યો • નિરંજન ભગત 7, યોગમ • પ્રદ્યુમ્ન તન્ના 10, ખેલ • પ્રદ્યુમ્ન તન્ના 11, અંદર • કિશોરસિંહ સોલંકી 12, સ્થળ-સમય ચીતરવા વિષે • હરીશ મીનાશ્રુ 13 |
| અનુવાદ | આયુષ્યના અવશેષે (રાજેન્દ્ર શાહ) • અંગ્રેજી ભાષાંતર : પ્રદીપ ખાંડવાલા 16 |
| વાર્તા | બ્લેડ • રાકેશ દેસાઈ 22 |
| લઘુકથા | સફર • રમેશ ત્રિવેદી 28 |
| નિબંધ | વસંતો જ વસંતો • પ્રીતિ સેનગુપ્તા 30 |
| વ્યંગવિનોદ | દેવ મંદિરે • મંજુલા ગાડીત 34 |
| આસ્વાદ | કવિના રમ્ય ઇશારા • વિનોદ જોશી 39 |
| વિદેશી સાહિત્ય | છાશિયો પ્રેમ • જેઇમ્સ જોય્સ, અનુ. સુરેશ શુક્લ 42 |
| વિવેચન | અજ્ઞાત કવિકૃત 'વસંતવિલાસ' • ચિનુ મોદી 47 |
| વ્યાખ્યાન | 'શનિમેખલા' વિશે • નરોત્તમ પલાણ 57 |
| સમીક્ષા/ગ્રંથાવલોકન | એક સમાજમિત્રનું નજરાણું • જોસેફ મેકવાન 60, લબુને ઊડતાં શીખવતી વાર્તા • નટવર પટેલ 63 |
| પરિષદવૃત્ત | શ્રીમતી તારાબહેન મહેતા વ્યાખ્યાન, શ્રી રમણીક સોમેશ્વરનું વ્યાખ્યાન, 'મારું શાંતિનિકેતન' પર શ્રી અમૃતલાલ વેગડનું વક્તવ્ય, મુંબઈમાં સાહિત્યગોષ્ઠિ, પાક્ષિકી અને સર્જકો સાથે સંવાદ, હાસ્યોત્સવ, એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ, 'પરબ' અપીલ : દાન આવક, સાહિત્ય પરિષદમાં 'ગ્રંથાગાર', ગુજરાતી સાહિત્ય પરિષદનું આગામી અધિવેશન, આપ સાહિત્યકાર છો ? તો આ વિનંતી જરૂર વાંચો ! • સંકલન : અનિલા દલાલ 64 |
| સાહિત્યવૃત્ત | સંકલન : પ્રફુલ્લ રાવલ 82 |
| પુનરપિ | રઘુવીર ચૌધરી 84 |
| આ અંકના લેખકો | 85 |
| આવરણ | 'દીપ જલે' : ઊર્મિ પરીખ |


# પ્રમુખશ્રીનો પત્ર

પરિષદ-પરિવારના પ્રિય સ્વજનો,

૧૮૯૮ની ૨૫ માર્ચે ૭૮ વર્ષ, બે માસ અને ચાર દિવસનું આયુષ્ય ભોગવીને કવિ દલપતરામ અવસાન પામ્યા. ન્હાનાલાલ પાસે દલપતરામનું ચરિત્ર આલેખવા માટે સઘળી સામગ્રી હતી. પથારીવશ દલપતરામે છેલ્લા પંદર મહિના ન્હાનાલાલને એમની જીવનકથાની વિસ્તૃત નોંધ લખાવી હતી. 'દલપતકાવ્ય' અને 'બુદ્ધિપ્રકાશ'માં પ્રગટ થયેલી નોંધો પણ ન્હાનાલાલને હાથવગી હતી. ૧૯૧૩થી દલપતરામની ચરિત્રવિષયક સઘળી નોંધો હોવા છતાં દલપતરામની જીવનકથા લખવા માટેના ન્હાનાલાલના પ્રયત્નો તરત સફળ ન થયા. આખરે ૧૯૨૮ના જાન્યુઆરીમાં એમણે આ ગ્રંથની યોજના તૈયાર કરી. એ પછી એનાં પ્રકરણો પાડ્યાં. ન્હાનાલાલ કહે છે તેમ, આ જીવનકથા લખવામાં ઘણું મોડું થયું, એનું કારણ આળસ કે ભાવઓછપ નથી. તેઓ કહે છે કે સહુ સહુનો પાકકાળ હોય છે. જેમ કેરીને ઝાડ પરથી વીણી લીધા પછી એ તરત ખાઈ શકાતી નથી, પણ એને કેટલોક વખત પાકવા દેવી પડે છે. તેમ લખાયેલી કૃતિને પ્રકાશન પૂર્વે પાકવા દેવી જોઈએ. કવિ ન્હાનાલાલ પોતાની કૃતિને સુધારતા. એનું પરિમાર્જન કરતા. ક્યારેક આ પ્રક્રિયા એકથી વધુ વખત પણ થતી. કવિની લેખનની પ્રથમ નકલ અને પ્રકાશન માટે તૈયાર કરેલ પ્રેસકૉપી વચ્ચે ખાસ્સું અંતર પડી જતું. આવો સાહિત્યશ્રમ એ એમનો સ્વેચ્છાએ સ્વીકૃત સ્નેહશ્રમ હતો. કવિ ન્હાનાલાલે લખેલું 'કવીશ્વર દલપતરામ' એ દલપતરામના જીવનની સાથોસાથ ન્હાનાલાલની પ્રતિભાના ઉગમકાળનો પણ પરિચય આપે છે. દલપતરામના સાહિત્યિક પ્રદાનની એ વિગતે વાત કરે છે. કવિ ન્હાનાલાલને જીવનના અંતે હૃદયરોગ, લો બ્લડ પ્રેશર અને શરીરે અતિ વેદના આપતાં ખરજવાં થયાં હતાં. એક વાર શ્રી વિષ્ણુભાઈ ભટ્ટે એમને માલિશ કરતાં પૂછ્યું,

'ન્હાનાભાઈ ! દલપતકથા તો આપે લખી, પણ નાનલકથા કોણ લખશે ?' ન્હાનાલાલે જવાબ આપ્યો, 'ભાઈ, દલપત તો ડુંગર હતો ને ન્હાનાલાલ તો કણ છે.'

દલપતરામનું ચરિત્ર ન્હાનાલાલે આપ્યું અને તે ન્હાનાલાલની ઉત્કૃષ્ટ સર્જનશક્તિને કારણે સુવાચ્ય બન્યું. પરંતુ શબ્દાળુ ભાષાશૈલી અને અત્યુક્તિથી કરેલું ચરિત્રનાયકના વ્યક્તિત્વનું ગુણદર્શન રસક્ષતિ પહોંચાડે છે, તેથી કવિ દલપતરામનું સમતોલ અને તટસ્થ રીતે લખાયેલું ચરિત્ર લખવાનું બાકી છે. એ જ રીતે કવિ ન્હાનાલાલનું જીવનચરિત્ર પણ ક્યાં છે ?

અંગ્રેજી સાહિત્યમાં નીવડેલા સર્જકોનાં ચરિત્રોની 'મેન ઑફ લેટર્સ' શ્રેણી પ્રસિદ્ધ છે. આપણે ત્યાં સર્જકોનાં આવાં જૂજ ચરિત્રો મળે છે.

એક પ્રશ્ન એ થાય કે સર્જકના જીવન સાથે કૃતિને શો સંબંધ ? હકીકતે માણસનું

જીવન અખંડ પ્રવાહ જેવું છે. તેમાં સ્થૂળ અને સૂક્ષ્મના ભેદો અમુક કક્ષાએ જરૂર વરતાય; પરંતુ વ્યક્તિના જીવનપ્રવાહનું અખંડ દર્શન તો સ્થૂળ તેમજ સૂક્ષ્મ બેય બાજુઓના સમન્વિત યોગે જ થઈ શકે. વ્યક્તિના સમગ્ર જીવનને સમજવા માટે જેમ એનું આંતર તેમ એનું બાહ્ય જીવન જાણવુંયે જરૂરી છે. કલાપીના કાવ્યને સમજવા માટે એમનું જીવન જાણવું જરૂરી છે. કલાપી વિશે નવલરામ જ. ત્રિવેદીએ નાનું સરખું ચરિત્ર લખ્યું, પણ તે અપૂર્ણતાવાળું છે. કોઈ કલ્પનાશીલ લેખકે કાન્ત અને કલાપીના જીવન પર ચરિત્ર લખવું જોઈએ.

ચરિત્ર આલેખનમાં તેના નાયકના જીવન્ત આલેખન માટે કલ્પનાનો ઉપયોગ કરવો જોઈએ. ચરિત્રનાયકના આંતરસ્વરૂપને સમજવા ચરિત્રનાયક માટે મનોવૈજ્ઞાનિક અભિગમ પણ અપનાવવો જોઈએ. કાર્યો પરથી એના ઉદ્દેશોની સફળતાનો ક્યાસ કાઢવો જોઈએ અને એ રીતે ચરિત્રનાયકની સત્ત્વશ્રીને પ્રત્યક્ષ કરાવવી જોઈએ.

ચરિત્ર એ ઇતિહાસ છે કે કલા એવો વિવાદ થાય છે, પણ નવલકથાને આવો કોઈ સવાલ નડતો નથી. નવલકથામાં લેખક ચરિત્રને યથેચ્છ બહેલાવી શકે છે. ચરિત્રકાર તથ્ય અને સત્યની વાસ્તવિક મર્યાદાની બહાર જઈ શકતો નથી અને તેમ છતાં એ ધારે તો એની સર્જનાત્મક કલાદૃષ્ટિથી ચરિત્રને જીવંત અને રસિક જરૂર બનાવી શકે.

સર્જકનું ચરિત્ર બે પ્રકારે રજૂ કરી શકાય : પ્રથમ પ્રકારમાં ચરિત્ર-આલેખક સર્જકના જીવનની ઘટનાઓને સાંકળીને એ દ્વારા એનું વ્યક્તિત્વ ઉપસાવે. બીજા પ્રકારમાં સર્જકનાં લખાણોમાં અંતર્હિત વ્યક્તિત્વ પકડી-પરખી તેની તાસીર આપવામાં આવે છે. સર્જકોનાં ચરિત્ર-આલેખન અનેક રીતે થઈ શકે. કાળક્રમ અનુસાર એના જીવનની ઘટનાઓનું આલેખન કરી શકાય. ચલચિત્રાત્મક (ફિલ્મોબાયૉગ્રાફી) રીતેય એના જીવનનાં દૃશ્યો એક પછી એક કલાત્મક રીતે પ્રત્યક્ષ કરી શકાય. એમ કરવામાં કલ્પનાનીયે મદદ લેવાની થાય. પણ કલ્પના તથ્યને સત્યની આણ લોપે એવી ન હોવી જોઈએ. તે સત્ય ઘટનાને જીવંત ને પ્રભાવક બનાવવામાં તેની સર્જકકલ્પનાનો વિવેકપુરઃસર વિનિયોગ કરી શકે.

સર્જકોનાં ચરિત્રો સર્જકને ઓળખવાની બારી બની રહે છે. અંગ્રેજ કવિ શેલીનું જીવન, તેનું વ્યક્તિત્વ અને તેનું સર્જન – એ ત્રણેયને સમન્વિતપણે જોઈએ ત્યારે કવિની સંપૂર્ણ છબી આપણને મળે છે.

સર્જકોનાં આ ચરિત્રો લોકોની રુચિ ઘડવા માટે પણ ઉપયોગી થઈ શકે. નવી પેઢીને પ્રેરણા અને નવું દર્શન એ ચરિત્રોમાંથી લાધી શકે. વ્યક્તિએ કયા હેતુને લક્ષ બનાવી સર્જન-સાધના કરી, તે હેતુ કઈ રીતે સિદ્ધ કર્યો, એનું શું મૂલ્ય છે, એનું મહત્ત્વ કેવું હતું, આવા તો અનેકાનેક પ્રશ્નોના ખુલાસા – તેમનું સ્પષ્ટીકરણ ચરિત્રોમાંથી મળી રહે છે.

સાક્ષરોનો વર્ગ એ સમાજમાં અગ્ર (એલિટ) કે ભદ્ર વર્ગ ગણાય છે. એનાં વિચારો, કાર્યો અને સર્જન સમાજ અને રાષ્ટ્રના ઘડતરમાં મહત્ત્વનું પ્રદાન કરે છે. નર્મદ ને ગોવર્ધનરામે પોતાની સામે આદર્શ રાખીને વાઙ્મય પુરુષાર્થ કર્યો હતો. સામાન્ય રીતે આપણે સર્જકને એની કૃતિ પરથી ઓળખીએ છીએ, પરંતુ એ કૃતિ સાથે સર્જકોનું જીવન એવી રીતે જડાયેલું હોય છે કે એનું ચરિત્ર વાંચીએ તો વધુ સારી રીતે તે કૃતિને સમજી શકાય. આ ચરિત્ર કેવળ કુતૂહલ ખાતર નહીં, પણ આપણા આંતરવિકાસ માટે, આપણી જ્ઞાનવૃદ્ધિ માટે વાંચવું



જરૂરી બને છે. નરસિંહરાવની 'કુસુમમાળા'નાં કાવ્યો વાંચીએ ત્યારે એમણે પ્રકૃતિનાં વિધવિધ રૂપો કેવી રીતે જોયાં હશે, કેવી રીતે અનુભવ્યાં હશે – એ બધું જાણવાનું સહેજેય મન થાય. 'નરસિંહરાવની રોજનીશી'માંથી આની કેટલીક ઉપયોગી વિગતો પ્રાપ્ત થાય છે, પરંતુ એમાંથી નરસિંહરાવ વિશેની સંપૂર્ણ માહિતી મળી શકતી નથી. નરસિંહરાવનું વિસ્તૃત જીવનચરિત્ર હોત તો એ સંપૂર્ણ માહિતી આપણે મેળવી શક્યા હોત.

આપણે ત્યાં અભ્યાસનું દારિદ્ર્ય એટલું બધું છે કે લેખકનું પૂરું નામ પણ કેટલાક જાણતા નથી. રમણભાઈ અને રમણલાલ કે મોહનભાઈ અને મોહનલાલ જુદા છે એવો ભેદ પણ ઘણાની જાણમાં હોતો નથી. સર્જકો વિશેની પ્રાથમિક માહિતી પણ નિશાળથી યુનિવર્સિટીના અભ્યાસક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓને પૂરતા પ્રમાણમાં મળતી નથી. આપણા પહેલા સમર્થ વિવેચક નવલરામ કહેતા હતા તેમ સત્ય, શોધવિવેક અને વર્ણનશક્તિના વિનિયોગે તૈયાર કરાયેલાં સર્જકોનાં પ્રમાણભૂત ચરિત્રો જ સર્જકો વિશેની શ્રદ્ધેય માહિતી આપી શકે.

ચરિત્ર-આલેખન સમયે મુલાકાતો લઈને એમાંથી સત્ય તારવવું જોઈએ. એ વ્યક્તિના ઘરનું પુસ્તકાલય, એની વસ્તુઓ અને એની જીવનશૈલીનું પણ આમાં મહત્ત્વ છે. વિલિયમ શેક્સપિયર, વર્ડ્ઝવર્થ કે બ્રિટનના વડાપ્રધાન અને સાહિત્ય માટે નોબેલ પારિતોષિક મેળવનાર વિન્સ્ટન ચર્ચિલનું ઘર આજે યથાવત્ જાળવી રાખવામાં આવ્યું છે. બીજી બાજુ ગુજરાત કૉલેજ પાસે ન્હાનાલાલ વસતા હતા એ ઘર આપણે જાળવી શક્યા નથી, તો કલાપીની સમાધિને પણ સારી રીતે રાખી શક્યા નથી. સાહિત્ય પ્રત્યે રુચિ ધરાવતી પ્રજાએ પોતાના સર્જકના જીવનની અક્ષર-સ્મૃતિને સ્નેહથી જાળવવી ન જોઈએ ?

કવિ સુંદરમ્‌ની જન્મશતાબ્દીના વર્ષે એમનું જો પ્રમાણભૂત ચરિત્ર મળે તો તો આપણે સાચે જ ખૂબ ન્યાલ થઈએ; એમ થશે ખરું ? જોઈએ...

**– કુમારપાળ દેસાઈ**

## કવિતા

# સાત કાવ્યો | નિરંજન ભગત

### ૧. ગમતું નથી

તમને ક્યાંય ગમતું નથી,
તમારું મન તમારા મનમાંય તે રમતું નથી.

કાલની સ્મૃતિઓ શું ડંખે છે ?
તમારું મન કશું ઝંખે છે ?
તમારું મન હવે શું તમનેય નમતું નથી ?

તમારે શું ક્યાંય જવું નથી ?
છો ત્યાંથી દૂર થવું નથી ?
તમારું મન હવે શું શૂન્યમાંય શમતું નથી ?

### ૨. પાસે–દૂર

સ્ત્રી : પાછા આવો, તમે ક્યાં છો ?
પુરુષ : દૂર દૂર, તમે જ્યાં છો.
સ્ત્રી : હું તો અહીં છું પાસે, તમારી સામે.
પુરુષ : તમે સામે છો એવો ભ્રમ તમને ભલે થાય,
પણ તમે પાસે નથી, એથી મારું મન દૂર દૂર જાય;
પાસે–દૂરનું રહસ્ય તમારું મન ક્યારેય નહિ પામે.

### ૩. તમે જે નથી

સ્ત્રી : આમ શું તમે મને જોઈ રહ્યા છો ?
આમ જોઈ જોઈને હવે તમે મને ખોઈ રહ્યા છો.
આજે જ મને જુઓ છો ? કદી મને જોઈ ન્હતી ?
જુઓ, હું એની એ જ છું, જે હું આજ લગી હતી.
આમ આજે શું મારી આંખમાં આંખ પ્રોઈ રહ્યા છો ?
પુરુષ : તમે એનાં એ જ છો એ માત્ર તમારો વ્હેમ છે,
તમે સ્ત્રી છો ને તોયે આમ માનો એમ કેમ છે ?
આમ હવે તમે જે નથી તેને તમે રોઈ રહ્યાં છો.





### ૪. અધવચ

મને હતું જ કે તમે આમ અધવચ અટકશો.
આગળ જવું નથી ? ભલે ! પણ પાછા જવાશે નહિ,
વરસો વહી ગયાં તે તો હવે પાછાં લવાશે નહિ,
તમે જેવા હતા તેવા તો હવે પાછા થવાશે નહિ;
તો પછી તમે સ્મૃતિ ને વિસ્મૃતિની વચ્ચે લટકશો.
તમે અહીં લગી ચાલ્યા, એટલું બીજું ચલાશે નહિ,
થાકી ગયા હો તો મારો આ હાથ ઝલાશે નહિ,
તમે પથ્થર સમા થશો ને હવે જો હલાશે નહિ,
તો પછી તમે જીવનભર શું શૂન્યમાં ભટકશો ?

### ૫. અંતે તમે હાર્યા

આરંભથી જ મેં તો તમને ન્હોતા વાર્યા ?
પણ ત્યારે તમે મારું માન્યું નહિ,
તમે તો બસ જે કહો, જે કરો તે જ સહી;
ત્યારે મેં તમને આવા ન્હોતા ધાર્યા.

જ્યારે મેં કહ્યું, 'બહુ સાંકડી છે આ પ્રેમગલી,
એમાં શક્ય નથી એકસાથે બે જણે જવું,
અશક્ય છે એમાં પાર થવું,
એ તો ક્યારેય ક્યાંય કોઈનેય નથી ફળી.
ત્યારે તમે માન્યું હું તમને હસી રહ્યો,
તમારાથી દૂર ખસી રહ્યો,
ત્યારે તમે આંસુ સાર્યાં.

જ્યારે મેં કહ્યું, 'આ પ્રેમે તો કેટકેટલાને માર્યા.'
ત્યારે તમે માન્યું તમને ક્યાં કોઈ ભય છે.
'ચેતો !', મેં કહ્યું, 'હજુ સમય છે.
પ્રેમે ક્યારેય ક્યાંય કોઈનેય નથી તાર્યા.
હવે નક્કી કરો મરવું છે કે મરવું નથી ?'
ત્યારે તમે માન્યું, 'આપણે હવે કશું કરવું નથી.'
ત્યારે અંતે તમે હાર્યા.

## ૬. તમારો પ્રેમ

શું આ તમારો પ્રેમ છે ?
હું જે છું તેને નહિ ને હું જે નથી તેને ચાહો,
અને એને તમે પ્રેમ ક્હાવો
ના, આ તમારો પ્રેમ નથી, આ તમારો વ્હેમ છે.
શું આ તમારો પ્રેમ છે ?

તમે મારામાં તમારાં સ્વપ્ન જોઈ રહ્યા,
એથી તમે મને જોતા નથી;
તમે મને નહિ, તમારાં સ્વપ્નને જોઈ રહ્યા,
એમાં તમે મને ખોતા નથી ?
એથી સ્તો હજુય બધું જેમનું તેમ છે.

તમે મને નહિ, પ્રેમને પ્રેમ કરો છો,
એ પ્રેમનો કોઈ અર્થ નથી;
એથીસ્તો તમે મને પ્રેમ કરવામાં ડરો છો,
તમારો પ્રેમ શું વ્યર્થ નથી ?
એથીસ્તો હજુય બધું એમનું એમ છે.

## ૭. એકાન્ત અને એકલતા

એ બે જણ પોતપોતાનાં એકાન્તમાં એકલાં હતાં
ક્યાંક રસ્તે જતાં જતાં
અચાનક જ એકમેકને મળી ગયાં
ને માન્યું કે પરસ્પરનાં હૃદય હળી ગયાં.
માન્યું કે હવે એમનાં એકાન્તની બાદબાકી થશે
(પણ જાણ્યું ન્હોતું અંતે બન્ને થાકી જશે.)
ને માન્યું કે હવે એમની એકલતાનો ભાગાકાર થશે
(પણ જાણ્યુ ન્હો'તું કે અંતે બન્નેની હાર થશે.).
માન્યું કે હવે એ બન્ને બે જલબિન્દુની જેમ પરસ્પરમાં ભળી જશે,
પછી કદી છૂટાં ન થાય એમ એકમેકમાં છેક મળી જશે.
પણ અંતે એ બન્નેનાં એકાન્તનો સરવાળો થયો,
(હવે જાણ્યું કે જીવનમાં માત્ર કંટાળો રહ્યો.)
ને અંતે એ બન્નેની એકલતાનો ગુણાકાર થયો,
(હવે જાણ્યું કે સંબંધમાં ન કોઈ સાર રહ્યો.)
પૂર્વે એ બે જણ પોતપોતાનાં એકાન્તમાં એકલાં હતાં,
પણ હવે છે એવાં એકાન્તમાં અને હવે છે એટલાં એકલાં ન'તા.



## ચોગમ | પ્રદ્યુમ્ન તન્ના

આ ગમ ! ઓ ગમ !
આ ગમ ! ઓ ગમ !
ભગોરિયાનાં ઢોલ તે વાજે
સામટાં ધમાધમ ને ચોગમ !

બોલ્ય હવે સઈ !
હકડેઠઠ્ય આ ભીડ વચે થઈ
સરીએ આપણ આ ગમ ?! ઓ ગમ ?!

જમણે ઝાઝાં દુકાનુંના ઠાઠ, કહે તો ઈ ગમ જાઈં — ઊંહૂં !
ડાબે ભરાણાં સટરપટર હાટ, કહે તો ઈ ગમ જાઈં — ઊંહૂં !
સરખું કે'તો ઊકલે
શેણે 'ઊંહૂ' 'ઊંહૂ' મોઘમ મોઘમ !
ભગોરિયાનાં ઢોલ તે વાજે
સામટાં ધમાધમ ને ચોગમ !

આગળ પરે હોટલુંનાં છે થડાં, કહે તો ઈ ગમ જાઈં — હૌવે !
ગરમાગરમ ચાયની હાર્યે,
તમતમાં ખૂબ ખાઈએ વડાં,
ચાવતાં-તંબોળ-પાનનાં પડાં.
પાધરાં પાધરાં પોગીએ
ઘમ્મર ઘૂમતાં ઘેર વચાળે ?

હૌવે ! હૌવે ! હૌવે !
હંધીય હાલો આંગળિયુંના આંકડા ભીડી
દાખીએ એવો ખેલ
કે એંટે ઊછળતા સહુ છેલ
જાણી લે આપણેયે નહીં કમ !

ભગોરિયાનાં ઢોલ તે વાજે
સામટાં ધમાધમ ને ચોગમ !

## ખેલ | પ્રદ્યુમ્ન તન્ના

ભીનેવાન પાતળી કાઠ તારી મોટિયાર
અદકો શો ઠાઠ અલ્યા કીધો રે લોલ !
ઓળેલાં જટિયાંમાં કાંગસી રે મોટિયાર
ફરતો રૂમાલ લાલ વીંટ્યો રે લોલ !

પડખે થૈ' સાથ જો નીસર્યો 'લ્યા મોટિયાર
ઉમળકે હાથ આ દીધો રે લોલ !
એરુ ન'તો કે આમ ભડકી 'લ્યા મોટિયાર
ઝટકે ઝબાક ખેંચી લીધો રે લોલ ?!

મહુડો બે ઘૂંટ લે પીધો છે મોટિયાર
પીધો છે બાટલીથી સીધો રે લોલ !
તંબાકુ-પાન ને બીડીનો મોટિયાર
ચૂસકોયે આજ જરી કીધો રે લોલ !

ભેરુની બીચ ઘણું ઍંટે 'લ્યા મોટિયાર
ધાર્યો એવો તો નથ્થ રીઢો રે લોલ !
લૂલી લટાક ક્યાં ગરી ગઈ મોટિયાર
ઊભો શું આમ થઈ મીંઢો રે લોલ ?!

રણઝણ વાજે રે રૂડાં પિંજણિયાં મોટિયાર
આંકડાંનો ઘેર અમીં લીધો રે લોલ !
દાખ્ય હવે ખેલ ! –
રખે લોક કહે મોટિયાર
લાલો લુગાઈ થકી બીધો રે લોલ !

ભીનેવાન પાતળી કાઠ તારી મોટિયાર
અદકો શો ઠાઠ અલ્યા કીધો રે લોલ...

---

s આ સાથે 'પરબ' માટે બે રમતગીતો લખી મોકલું છું. જે હોળી પહેલાનાં છેલ્લા અઠવાડિયા દરમિયાન દક્ષિણ ગુજરાતમાં, દેવહાટ, પાનવડ, રંગપુર-સઢલી વગેરે ગામોમાં થઈ છોટાઉદેપુરમાં વિરમતાં, રાઠવા જેવી ભીલ જનજાતિઓના, પંડે જોયાં-માણ્યાં 'ભગોરિયાં'ના હુલાસ થકી નીપજ્યાં છે. ભરી બજારે મોટિયારોની મનભર છેડ કરતી રહેતી, માંજરનીલ ને મારકણી આંખોવાળી 'લુગાઈયું'ના અતિ સહજ, નિર્બંધ હુલાસને જોતાં, નાનાવિધ કુંઠિત રીતરિવાજો મહીં જકડાયા શ્હેરીજનોને ખરે જ ઈર્ષા થઈ આવે !



## અંદર | કિશોરસિંહ સોલંકી

(૧)

અંદર હાંફતો શ્વાસ
જોજનો દૂરથી આવે
દરવાજા અકબંધ ભીડેલા
અંદર ક્યાંથી જાવે ?

બારણે ટકોરા તડપે
બ્હાર ટકોરા ઝડપે
કોણે ભીડ્યા ભોગળા
કોણ અંદર લપાયું ?
કોનો પડછાયો પડઘાતો
કોણ દડબડ દડબડ દોડે ?

કોણે વાસ્યાં બારણાં
કોણે ચડાવી સાંકળ ?
કોણે વધાયાં તાળાં ?
અંદર
અંધારામાં
કોણ હલાવે પારણાં ?

કોણ છે અંદર અંદર ?
કોનું નામ પોકારું ?
કોણ દરવાજે દરવાન ?
કોની પાસે ચાવી ?
કોણ ઉઘાડે અંદર ?
કોણ બોલાવે અંદર ?

કોનો અંદર વાસ ?
અંદર હાંફતા શ્વાસ....

(૨)

અંદર ઊંડી ખાઈ
અંદર બેઠા ઓરતા
અંદર આખું આભ
રમતાં વાદળ નોરતાં.

અંદર વ્હેતી નદીયું
ખરતા કાંઠા કોરા
અંદર ઢેફાં ઑગળે
કૂદતાં બુદબુદ ફોરાં.

અંદર સળગે તાપણું
અંધારું અજવાળે
અંદર લીલાં ઝાડવાં
તરણા તરણી બાળે.

અંદર રણનો વાયરો
ઊડતી આંધી ધૂળ
અંદર થુંબડા-કોતરું
ક્યાંય ના મારગ મૂળ.

અંદર કૈં આડું-અવળું
અંદર ઊછળે ખોળે
અંદર ઘૂઘવે મોજાં
અંદર બેઠો બેઠો ડ્હોળે.

# સ્થળસમય ચીતરવા વિષે | હરીશ મીનાશ્રુ

કોણ જાણે કેમ
પણ અમુક રવિવારનો અંધારિયો ખૂણો કે મોસમનો બેદરકાર ટુકડો
તમારી સાથે જનમભર મોજૂદ હોય છે દરેક અઠવાડિયાના દરેક અજાણ્યા ઠેકાણે.
તમે અનુભવમાં ઓગળો છો ને ઠરો છો હવામાં અથવા હોવામાં.
તમે સબર કરતા રહો છો અને જોતજોતામાં તો
તમારો સમય બની જાય છે સ્થળ અથવા સ્થૂળ, કબરના સ્ફટિકમાં.
સ્થળોના અનુભવી અને જમાનાના
ખાધેલ તમારા જોડા અચાનક બની જાય છે નિશ્ચેષ્ટ,
જાણે રસ્તાનો અર્થ હોય ઉંબર, પસાર થવાનો અર્થ સ્તબ્ધતા
ને ઘટનાનો અર્થ, અર્થઘટનની પાર.
તમે મનમાં અને મકાનોમાં સંતાડી રાખવા મથો છો ખંડિયેર ને ભોંઠા પડો છો હરહંમેશ.

આ બધું પહેલેથી જ આવું છે, અટપટું અને અસંગત. સાદી ભાષામાં કહેવું હોય તો
એને કહી શકાય, બધાં કહે છે તેમ, સ્થળ અને સમય :
એક તમારા ચરણ તળે એવું ચંપાયેલું છે કે લગારે ચસકતું નથી
ને બીજાના ચરણ તળે તમે એવા ચંપાયેલા છો કે લગારે ચસકાતું નથી
એવી તો ભીંસ છે...
પણ કશુંય ચીતરવા માટે બન્ને છેડેથી આટલી ભીંસ તો અનિવાર્ય છે.

વેઠાય ત્યાં સુધી તો વેઠી લેશો. આ ભીંસ.
પછી નવાસવા ચિત્રકારની જેમ તમે પ્હેલો પ્રયાસ તો આ જ કરશો –
સ્થળ અને સમય વચ્ચે ફૂટ પડાવવાનો.
મહાન ચિત્રકારોની નકલ ઉતારતા હો એમ
તમે ચીતરશો દીવાનખંડની ફૂલદાની
અથવા અભ્યાસખંડના મેજ પર વાંચતાં વાંચતાં, ઊંધી મૂકેલી, ખુલ્લી કાવ્યપોથી.
(સ્થળની શૂન્યતાને સરળ અને સહ્ય બનાવવા માટે
ઉદાસ મનુષ્યો, મોટે ભાગે, આવી વસ્તુઓ પર ભરોસો રાખતા હોય છે.)
જો કે ત્યારે મનમાં જરાય અંદેશો નહીં હોય કે થોડા સમય પછી આવનારો દર્શક
જેવો એને 'સ્ટીલ લાઇફ' સમજીને જોવાનું શરૂ કરશે
કે સ્થળમાં પ્રવેશી જશે સમય.
ચીતરેલાં ફૂલોના રંગ પર, તમને ગણકાર્યા વગર,
વર્ષો પહેલાંની કોઈ સાંજે એણે એની પ્રેયસીને આપેલાં ફૂલોનો હઠીલો રંગ ચડી જશે.
કાયમ તાજા રહેવા સર્જાયેલા તમારા રંગ પર
લગારે ઝાંખો પડ્યા વિના, એનાં ફૂલોનો રંગ કરમાતો જશે.



પણ આકારોમાં બેસી ગયેલી જૂની પીડાની ગંધ,
શિયાળુ ચન્દ્રની જેમ, કેમે કરીને ખસશે નહીં :
સ્થળને સમયથી છૂટા પાડવાની તમારી બધી મહેનત એળે જશે.

પેલી કાવ્યપોથીને નિહાળવા માટે તો દેશદેશાવરથી અસંખ્ય દર્શકો ઊભરાશે
ને પાછા ફરશે ત્યારે માગશરના આકાશને ચોંટેલી રજતની રજોટીની જેમ
એમની ત્વચા પર ચોંટેલી હશે કૈં કેટલી ય કવિતાઓ, –
પ્રાચીનથી અર્વાચીન કાળ સુધીની ને આવતી કાલે લખાનારી સુધ્ધાં.
પોતાના પિંગળદોષો સમેત.
કોઈ ભાગ્યશાળી પ્રેમીને
ક્યારેક એ કાવ્યપોથીના બે આલિંગનરત પૃષ્ઠો પર જડી આવશે
જીર્ણ ફૂલપાંખડીનો કડૂચો આકાર અથવા ફૂલપાંખડી પર બેવડો દાબ,
– કાવ્યપોથીનો ને કાવ્યપંક્તિનો :
અચાનક ફૂલદાની અને કાવ્યપોથીનાં બે અલગ સ્થળો
એક પ્રાચીન સમયથી સંધાઈ જશે તત્ક્ષણ.
તમે સ્થળવાચક સમજીને જે વિશ્વાસુ રંગોનાં થર ચડાવેલા
સ્થળના અંતરંગ તરંગો – ફૂલદાની કે કાવ્યપોથી – ચીતરવામાં આ દશા હોય તો
કેમ કરીને ચીતરવાનાં સમયશૂન્ય સરનામાં
શેરી-મહોલ્લાનાં ? દેશપરદેશનાં ? અંતરીક્ષનાં ?
આખરે સ્થળ બની જતા એક સાદા પોસ્ટકાર્ડ પર પણ
હવે તમે જોઈ શકો છો સમયના ચક્રવ્યૂહો :
ઘેરાયેલા જોદ્ધાઓ : ભૂખરા લંબચોરસમાં ઘાયલ અક્ષરો.

હવે તમે સ્થળ વિનાનો સમય ચીતરવાની તરકીબ અજમાવશો :
એ વાત તો, જો કે, જૂના પ્રસિદ્ધ ચિત્રકારો સિદ્ધ કરી ચૂક્યા છે કે
ઓગળી રહેલાં ઘડિયાળો ચીતરવાથી તો સ્થળ બને છે વધારે ગુહ્ય સ્થળ.
એટલે તમે વશ કરી દેશો તમારી પીંછી, – નર્યા નિરાકારને.
તમે કાકલૂદી કરશો, રંગો અને વિચારને પોતાની જીદ છોડી દેવા માટે.
કાળની ઘનતા ઓગળી રહી હોય તેવી સુખદ ભ્રાંતિમાં
યુગો વીતી જશે, સમય ચીતરતો તમારો હાથ કદાપિ અટકશે નહીં.
ત્વચા પર યુવાનીના તેજવાળી કરચલીઓ પડી જશે,
આંગળાં દૃઢ હશે પણ કંપાયમાન લાગશે,
કાંડા પરના વાળ એકીસમયે કાળા ભૂખરા ને ધોળા દેખાશે.
કેન્વાસ એટલું તો સંદિગ્ધ બની જશે કે એકીસમયે એ પુરાતન અને નવીન જણાશે.
સાવ તાજા રંગો પર પણ અતિશય જૂની તિરાડો ઊપસી આવશે.
કોઈ અપરિચિત સ્થળે હમણાં આવીને વસ્યાં હો એ રીતે

નિર્ગુણ કેન્વાસના એ શ્વેતગર્તમાં તમે આદિકાળથી વસતાં હશો
કોઈ નિર્વાસિતની માફક, –
જેની ભૂગોળ ક્યારેય છોડતી નથી જેનો પીછો :
નિષ્ઠુરતાપૂર્વક ફાડી નાખેલાં જેનાં પોસ્ટકાર્ડમાંથી પણ
વિસ્તરે છે જુદ્ધનું મેદાન : બેઠા થઈ જાય છે પાળિયા પળના
ને હલ્લો બોલાવે છે કપાયેલા મસ્તકવાળા અક્ષરો.
તમારી બધી મહેનત એળે જશે. ફરી એક વાર.

હવે રહ્યો છે એક જ મારગ, –
ચીતરવાં સ્થળ અને સમયને, તદાકાર.
તમે લમણાં દાબી, જોરથી આંખો મીંચી, ક્યાંય સુધી બેસી રહેશો ચૂપચાપ.
પીંછી પર સુકાતી જશે પરગ્રહની ભાષા ને
દબાઈ ગયેલી ટ્યૂબના મોંઢિયા પર ઠરી જશે મીંઢા રંગ પ્રહેલિકાના
ભીંસ વધતી જશે, વધતી જ જશે
સ્થળ અને સમય ભીંસાઈને બની જશે સાવ કોરું ફલક,
વણાયેલું એવી તો ઝીણવટથી કે પવનથી અધિક પારદર્શક.
અચાનક તમે ટટાર થશો,
પૃથ્વીની પીડાના ભોમિયા હો એ રીતે કેન્વાસના આભાસ પર
રંગનો કે રેખાનો લસરકો કે ઘસરકો પડે જ નહીં
એની કાળજી રાખીને શરૂ કરશો ચીતરવું
કે વ ળ ચીતરવું.




## કવિતા

**નીરક્ષર (દસમું પુષ્પ) :** તખ્તસિંહ પરમાર, વિનોદ જોશી, ૨૦૦૬, પ્ર. શિશુવિહાર શૈક્ષણિક વિભાગ, કૃષ્ણનગર, શિશુવિહાર, ભાવનગર-૩૬૪૦૦૧, પૃ. ૯૮, રૂ. Nil. **જાહ્નવી સ્મૃતિ (બારમું પુષ્પ) :** તખ્તસિંહ પરમાર, વિનોદ જોશી, ૨૦૦૬, પ્ર. શિશુવિહાર શૈક્ષણિક વિભાગ, કૃષ્ણનગર, શિશુવિહાર, ભાવનગર-૩૬૪૦૦૧, પૃ. ૫૯, રૂ. Nil. **આંગ્લ-કાવ્ય-દર્પણ-૨ :** મહમદ રૂપાણી, ૨૦૦૦, પ્ર. ઇકબાલ એમ રૂપાણી, ૨, અલકાપુરી, રૈયારોડ, બસેરા સામે, રાજકોટ-૩૬૦૦૦૧, પૃ. ૨૦+૪૬૦, રૂ. ૨૭૫/-. **યોગિની માટી :** મહમદ રૂપાણી, ૧૯૭૯, પ્ર. એન. જે રૂપાણી, એ/૧૦, નૂરેબુરહાની સોસાયટી, સરખેજ રોડ, જુહાપુરા, અ'વાદ-૫૫, પૃ. ૨૧૬, રૂ. ૬/-.





# આયુષ્યના અવશેષે | રાજેન્દ્ર શાહ

**અંગ્રેજી ભાષાંતર : પ્રદીપ ખાંડવાલા**



è. ´ÜÜ. : 28–1–1913

જન્મસ્થળ : કપડવણજ

કાવ્યસંગ્રહો : 'ધ્વનિ' (૧૯૫૧)થી દ્વાસુપર્ણા (૧૯૮૩) સુધીના સોળ કાવ્યસંગ્રહો 'સંકલિત કવિતા' (૧૯૮૩)માં સમાવિષ્ટ. 'ચંદનભીની અનામિકા' (૧૯૮૭), 'નીલાંજના' (૧૯૮૯), 'આરણ્યક' (૧૯૯૨), 'વિરહમાધુરી' (૧૯૯૮), 'સ્મૃતિ-સંવેદના' (૧૯૯૮), 'હા... હું સાક્ષી છું' (૨૦૦૩). ઉપરાંત બાળકાવ્યોના ચાર સંગ્રહો અને બંગાળી, સંસ્કૃત તથા અંગ્રેજી કવિઓની કવિતાના અનુવાદો.

કુમારચંદ્રક (૧૯૪૭), રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૫૬), નર્મદ સુવર્ણચંદ્રક (૧૯૭૩-૭૭), જ્ઞાનપીઠ અવૉર્ડ (૨૦૦૩).

## ૧. ઘર ભણી

ખખડ થતી ને ખોડંગાતી જતી ડમણી જૂની,
વિજન પથને ચીલે ચીલે તમિસ્ર મહીં ઘન;
સ્વપન મધુરી નિદ્રાનું તે દગો મહીં અંજન
ભરતી ઘૂઘરી ધોરી કેરી મીઠા રણકારથી.

ચરમ પ્રહરે ઠંડી ધીમા સમીર મહીં ભળી,
સ્મૃતિદુઃખ મને વ્યાપે તેવી બધે પ્રસરી રહી.
લઘુક દીવડે સૂતી સીમા બધી બનતી લહી
સજગ, તમ-ને ઓઢી પાછું જતી પડખું ફરી.

પથ-તરુ તણા નીડે પંખી ક્યહીં ફરકે અને
કદીક અથવા તારો કોઈ ખરે, બસ એટલું
કળિત બનતું, ત્યાંયે ઊંડા મને કરણો સહુ
કણ કણની આ માટી કેરી કથા નીરખી રહે.

જનમ-સ્થલની ઝાંખી આયુષ્યની અવધે કરું,
ભર્યું જવ હતું તેની યાદે સૂને ઘર સંચરું.



## At Life's Twilight | Rajendra Shah

### 1. Towards Home

Rattling and limping goes the decrepit cart
in dense darkness on a deserted track;
sweet dreamy sleep in my eyes sways
induced by the tinkling of the bullocks' bells.

Night's last quarter's cold mingles with a breeze
spreads as in a mind suffused by painful memories.
The faint lamp briefly wakes the outskirts
they turn on their side and tuck themselves beneath darkness.

On wayside trees nesting birds begin to flutter
or a meteor streaks – that's all that's visible
though in the mind's innards the senses perceive
the chronicle of each particle of this soil.

At the fag end of my lifespan my homestead I glimpse
nostalgic of what was so full, I reach the empty place.



### ૨. પ્રવેશ

ભર્યું ઘર હતું તેના સૂના રજોમય પ્રાંગણે,
લઘુક ગઠડી મૂકી આયુષ્યના અવશેષની,
ત્યહીં ધૂમસથી છાયેલા તે વિષણ્ણ ઉજેશની
ટશર ગગને લાગી; જાગી દિશા અનુકંપને.

ખબર પૂછતાં મોટેરાં જે જીવંત રહ્યાં જૂજ,
નજર કરી લૈ કામે લાગી જતી વહુવારુઓ,
કુતૂહલ થકી પ્રેર્યાં આવી વળ્યાં કંઈ બાળકો,
ક્ષણ ભસી પછી શ્વાને સૂંઘી લીધાં ચરણો મુજ.

મુખથી ઊઘડ્યાં તાળાં, દ્વારે કર્યું જરી ક્રંદન,
અચલ સ્થિતિમાં ગાત્રો જેનાં જડાઈ ગયાં હતાં;
ભીતર થકી ત્યાં ભીની વાસી હવા તક લાધતાં
ધસી રહી શી ! કો પ્રેતે જાણે લહ્યું નિજ મોચન.

ઘર મહીં જતાં અંધારાંએ ઘડી લીધ આવરી,
કિરણપરશે જૂનાં પાત્રો વળી નીરખ્યાં ફરી.

### ૩. સ્વજનોની સ્મૃતિ

જીરણ થઈને ભીંતે ઝૂકી ઊભો હજી ખાટ આ,
રજનિ નમતાં જે ઢાળીને પિતાજી પુરાણની
જીવનબળને દેતી ક્હેતા કથા રસની ભરી,
પુર ઘર સમું હેતે મ્હોર્યું હતું પરસાળમાં.

મુખ મરકતું માનું જેના સ્વરે ઘર ગુંજતું,
નિત નિત વલોણાનાં એનાં અમી ધરતી હતી,
સુરભિ હતી જ્યાં સૌની વાંછા સદા ફળતી હતી,
અવ અહીં ઝૂલે ખાલી સીકું, વિના દધિ ઝૂરતું.

અહીં ઉપરની મેડી જોને કશી વલખી રહી !
પ્રિય ! ઊછળતાં બે હૈયાંનો થયો અહીં સંગમ.
અહીં પૂનમની રાતે મોજે ચડ્યાં ભરતી સમ.
ગગન ઝીલતી જાળી જાળાં થકી અવ આંધળી.

ગિરિસર સમું હંસોનો જે કલધ્વનિ રેલતું,
તમરું પણ ત્યાં આજે મૂંગી વ્યથાથી ન બોલતું.

## 2. Entry

In the lonely, dusty courtyard of a once brimming house
I put down the small bundle of my life's residue.
The crimson stripe of that dejected mist-laden dawn
touched the sky : directions awoke in resonant response.

The few surviving elders erquired about my tidings
young women-folk glanced at me and got busy.
Children crowded around out of curiosity
a dog barked a while and retreated after sniffing my feet.

The front's locks opened, the door cried out a whit
immobile for long its limbs had got so stiff.
The moist, stale air inside could now flee –
how it rushed out, like a spirit sensing it was free !

Stepping inside, the darkness encircled me for a trice
saw again the denizens of old in the flickering light.

## 3. Remembrance of Loved Ones

Still leaning against the wall is this frail cot,
the one Father used to tell at nightfall
uplifting spellbinding tales from the scriptures.
In the verandah thronged like blossom town's doting folk.

Beaming Mother at whose call the whole house hummed
daily she offered nectar from what she churned.
She was for all the wish-fulfilling Surabhi[S]
pining without yogurt dangles here the siku[SS] empty.

Look what the room upstairs yearns !
Beloved ! Union here of two leaping bosoms.
Here like full moon's tide waves rose high
cobwebs now blind the ventilator that received the sky.

Where swans once trumpeted that home was a summit
not even a cricket chirps now, mute it is in agony.



## ૪. પરિવર્તન

શિશુ હૃદયના ઉલ્લાસે હ્યાં ઊભી ઝરૂખા કને
ઇહ નીરખતો ચીલો, બંકી ધરી ગતિ દૃષ્ટિમાં
ક્ષણ ક્ષણ રમી સંતાતો ને અનંતન સૃષ્ટિમાં
ભ્રમણ અરથે જાતો, પૂંઠે વિમુગ્ધ મૂકી મને.

તલસતું હતું હૈયું કેવું સુદૂર અગમ્યને
પથ વિહરવા કાજે ! — જેની અપૂર્ણ કથા તણા
ધૂમસ પર અંકાતી મારી સુરંગીન કલ્પના;
નિજ રચિત, આનંદે જોતાં દગો, ભવિતવ્યને.

હજી ય ઝરૂખો એનો એ, હું, અને વળી પંથ આ,
પણ અવ અહીં આવી ઘેરી વળે ગતની સ્મૃતિ.
બીન મૂક થયું તો યે એની સુણી રહું ઝંકૃતિ,
વિવિધ સમયે છેડ્યા તે સૌ મળે સ્વર વૃંદમાં.

સરલ મનનાં ચાંચલ્યોનાં હવે નહિ ક્રીડન,
અવ હૃદયના શૂન્યે લાધ્યું પ્રશાન્ત નિમજ્જન.

## ૫. જીવનવિલય

અવ હૃદયના શૂન્યે પામી રહ્યો લહું છું લય.
અહીં નહિ હવે સંકલ્પો ને નહીં કંઈ વૃત્તિ યે,
તદપિ મુજ કર્મોની પેલી પ્રફુલ્લિત સૃષ્ટિ તે
ચહુ દિશ થકી ગર્જે આદ્યંત જીવનનો જય.

શબદ ઊપન્યો તેવો જોકે શમે, પણ એહના
અસીમિત જગે વ્યાપી ર્હે છે અનંત પ્રતિધ્વનિ.
નહિવત્ બની ર્હેતું માટી મહીં, પણ બીજની
તરુવર તણાં પર્ણે કેવી રમે શત એષણા !

જીવનનું જરા આઘે ર્હૈને કરું અહીં દર્શન,
ઉગમ નહિ વા ન્યાળું કોના ય તે વળી અંતને;
રૂપની રમણા માંહી કોઈ ચિરંતન તત્ત્વને
નીરખું, નિજ આનંદે ર્હેતું ધરી પરિવર્તન.

ગહન નિધિ હું, મોજું યે હું, વળી ઘનવર્ષણ,
અભિનવ સ્વરૂપે પામું હું સદૈવ વિસર્જન.

## 4. Transformation

Standing in the gallery with a child's exuberance
I would watch the path holding in my eyes its twists
that played hide-and-seek every instant, and departed
to wander in the infinite, leaving me behind bemused.

How my heart yearned to explore far off mysteries
on whose incomplete stories misty
I would embroider my colourful fantasies
and my joyous eyes would behold my self-crafted destiny.

This path is the same, I too, and the gallery
but now I am besieged by the bygone's memory.
Been[sss] is mute but I still hear its vibrant resonance
notes struck at different times converge now as chorus.

No longer has play the guileless heart's excesses
in this heart's void is now secured a serene submergence.

## 5. Life's Dissolution

Now in bosom's void I perceive attaining a dissolution
remain now no vows and no inclinations.
Yet that joyous world of my deeds roar
the triumph of life's duration in all four directions.

The word arisen, however, instantly subsides, though
its unending echoes permeate the infinite cosmos.
How in the soil lies insignificant the seed
but in the tree's foliage frolic hundred yearnings !

Here from some distance, detached I observe life
neither the beginning nor end of anything I espy.
In the play of forms an eternal essence I sight
transforming itself the while retaining its delight.

The deep I am, a wave too, and too the downpour;
dissolve I constantly into an ever new contour.

---

s Celestial cow that provides all that people want

ss A hanging pot sss A fretless string instrument



# વાર્તા

## બ્લેડ

રાકેશ દેસાઈ

ડ્રૉઇંગરૂમની અધખૂલી બારીમાંથી ગોરંભાયેલું આકાશ દેખાતું હતું. આ ચોમાસાનો કદાચ છેલ્લો વરસાદ. પપ્પા આવતા ચોમાસે હશે કે ? એનું એ જ પાણી હશે, પણ પપ્પા... રોહને નજરને છાપાં તરફ વાળી. બહાર સોસાયટીના રસ્તા પર સ્કૂલ-રિક્ષાની અવરજવર ચાલુ હતી. બેબીની રિક્ષા હમણાં જ ગઈ. જતાં જતાં એ રોજ પથારીવશ બાપાને પગે લાગી જાય છે. ભીંત પર ટાંગેલા શો-પીસની પાછળ માળો બાંધવા ચકલીની ઊડાઊડ – ચકચક ચાલુ હતી. કિચનમાંથી ધરાનો શ્યામ તુલસી વાટવાનો અવાજ સંભળાતો હતો. રોહનની ઉજાગરાવાળી આંખ છાપાંનાં મથાળાં વાંચવા-સમજવા મથી. ધરા વાટકીમાં શ્યામ તુલસીનો રસ ભરીને પપ્પાને પિવડાવવા બાજુના રૂમમાં ગઈ હશે, એટલે મમ્મીનો અવાજ – કહેવા પડતા શબ્દોથી ટેવાવા મથતો – સંભળાયો : 'ચાલો, જરા આ ચમચી પી લો જોઉં...'

પપ્પા મહિનાથી સાવ પથારીવશ છે, પીઠ પર નીચે જમણી બાજુએ બે બેડસોર સાથે. ફેફસાંનું કેન્સર છે, છેલ્લાં સ્ટેજમાં. બધું જ શક્ય છે – પપ્પાથી પુરવાર થયું.

સિવિલ જજ તરીકે નિવૃત્ત થયા પછી પપ્પાએ ગામની ખેતી હાથ પર લીધી. કોર્ટરૂમનો મલાજો કે ગામડાની તળપદી બોલી – પપ્પાને બધું જ બંધબેસતું થતું. અહીંથી ખેતી કરવા ગામ જાય. કોઈ વાર ગામની સીધી બસ રદ થાય તો હાઇ-વેથી ગામ લગી ત્રણ કિલોમીટર ચાલી કાઢે. ગામનો જુવાનિયો – કોઈ મોટરસાઇકલવાળો – દૂરથી દેખાય તો ખુમારીભેર આડું જોઈ જાય. રખેને પેલાએ 'લિફ્ટ' આપવી પડે.

'મી...ઠું...' રોહનના ટેવાયેલા કાને પારખ્યું. બહાર બારીમાં મીઠાનો ઢગલો લઈને જતા ફેરિયાની રોજિંદી બૂમ – અસ્પષ્ટ, ઘેરી, દરિયાના ઘુઘવાટ જેવી – સંભળાઈ. એ સોફા પરથી ઊભો થઈને દીવાન પર બેઠો. એમ જ. દીવાનના ગાદલા નીચે લાકડાની ઊખડેલી ચીપ દબાઈ ને તીણો અવાજ નીકળ્યો. એણે છાપાને દીવાન પર પહોળું કર્યું – કદાચ કૈંક સમજાય એવા સમાચાર મળવાના આશયથી.

ખડબડ – ખડબડ કરતુંક ગાલ્લું હાલકડોલક થતું સાંકડી નેળની ઘરડમાંથી ચાલ્યું જાય. છેક નાના હતા ત્યારની વાત. નેળની બન્ને બાજુ કાંટાળા થોર ઊગી નીકળેલા. ધોમધખતો બપોર. ક્યારેક મમ્મી – હાથ પરની રંગીન, રણકતી કાચની બંગડીઓ સાથે – નાનકડા રોહનના મોં પર વળતો પસીનો લૂછી લે. ત્યાં જ પપ્પાનો કસાયેલો હાથ રોહનના ચહેરા આડો આવી ગયો, અચાનક ધસીને ઝળૂંબતા કાંટાળા થોરની સામે ઢાલ જેવો. પપ્પાના હાથ પર પડેલા ઉઝરડા ઝમવા માંડ્યા, ને ગાલ્લું નેળમાંથી નીકળ્યા પછી મમ્મીએ ત્યાં રૂમાલ બાંધી દીધો, ને પછી પપ્પાએ બીડી સળગાવી...

અંદરના રૂમમાંથી ધરા-મમ્મીનો અવાજ સંભળાતાં રોહન છાપું ફંગોળીને ત્યાં પહોંચી

ગયો. મમ્મીએ આંગળી નાંખીને પપ્પાનું મોં ખોલ્યું ને ધરાએ અંદર ચમચી રેડી દીધી. રોહને નૅપકિનથી એમના હોઠના બન્ને ખૂણા લૂછી લીધા. એમની નજર સામે ઊભેલાં બધાં પર વારાફરતી ફરી, નિર્દોષતાથી. કારમી પીડામાંથી ફળેલી નિર્દોષતા. એમનો ચહેરો જૂની હિંદી ફિલ્મોના હિરો અશોકકુમાર જેવો દેખાતો – ગોરો વાન; ઊભા ઓળેલા, કપાળે બે ખૂણિયાં પાડતાં વાંકડિયા વાળ; વિશાળ, તગતગતું કપાળ; મોટી, પાણીદાર આંખો; મરોડદાર નાક. ઉદયપુર ફરવા ગયેલા ત્યારે એમણે ખભે ફિલ્મી અદામાં કોટ નાંખીને બગીચામાં ફોટો પડાવેલો. રોમૅન્ટિક ઍટ હાર્ટ. મમ્મીના અછવાઈ ગયેલા ચહેરા પરની ધાસ્તી લમણે ધબકતી નસમાં વધારે અલગ તરી આવી હતી. 'મમ્મી... સારું થઈ જશે...' રોહન બોલ્યો, કોઈ ગેબી મંત્રની જેમ. વાડકી-ચમચી લઈને કિચનમાં જતી ધરા સહેજ અટકી. રોહન ફરીથી એ જ બોલ્યો, પોતે એમાં માનવા માંગતો હોય તેમ. મમ્મી અચોક્કસતાથી તાકી રહી, વધારે ચોકસાઈનું જોખમ ઉઠાવ્યા વગર. પપ્પાએ આંખ મીંચી દીધી હતી.

પવન સાવ પડી ગયો છે... રોહને ડ્રૉઇંગરૂમમાં ફુલ સ્પીડમાં સીલિંગ ફૅન ચાલુ કરી દીધો. ચાંચમાં તણખલું લઈને ઊડતી ચકલી રૂમમાં ચકરાવો લઈને ઊંચે ટ્યૂબ સ્ટિક પર ઘડીક સૂનમૂન બેસી ગઈ. સીલિંગ ફૅનની ફેંકાતી હવામાં ભીંત પર ટાંગેલા કૅલેન્ડરનાં પાનિયાં ફડફડ ચકરાવા માંડ્યાં – મહિનાઓનાં નામ આડેધડ ઉઘાડાં પાડીને. સમયનું વસ્ત્રાહરણ. પાનાં પર એક નાકે પપ્પાને આપેલી કૅમથેરપિની સાઇકલની લખેલી નોંધ પણ ફંગોળાવા લાગી. કૅલેન્ડરની પતરાંની સ્પાઇન ચકરાઈને ભીંત પરના ખોતરાયેલા ચકરાવાને વધારે ઊંડો ખોતરવા લાગી.

પપ્પાનો ગામડામાં ઉછેર ને મધ્યમ આર્થિક સ્થિતિ. એમણે સ્કૂલની ફીઝ માટે દાદાની પૂંઠે અઠવાડિયા આગળથી ફરવું પડતું. દાદા હાકોટો પાડે તો એ ફીઝ અભિયાન તત્કાલીન થંભાવીને પછીથી આગળ ચલાવે. દાદાના મનમાં એવું કે ભણ્યા કરતાં કોઈ બે ડબલાં લઈને દુકાન કાઢે તો કમાણી – અથવા એની શક્યતા – વધારે સારી. પપ્પા ભણવા માટે માઈલો ચાલેલા – સાઇકલ ચલાવેલી. વકીલાતના ગાળામાં એ મિત્રો સાથે ગમે તે ખાઈ લે – ભૂસું, ભજિયાં, ફાફડા. રાતે મોડે સુધી ચર્ચાનો દોર ચાલે – રાજકારણ, કાયદો, દેશ-દુનિયા. મમ્મી માથું ઓઢીને રાહ જોયા કરતી... પછી જજની નોકરીમાં એ અજબ ઠરીઠામ થઈ ગયા. ઘરેથી કૉર્ટ ને કૉર્ટથી ઘર. એ નવાસવા જજ હતા ત્યારે સાંજે કોઈક મીઠાઈનું પૅકેટ લઈને ઘરે આવી ચઢેલો. પપ્પાએ એને ઘરની બહાર તગેડી કાઢેલો...

સહેજ કણસાટ સંભળાયો. રાતે બે વાગ્યે અલ્ટ્રાસેટ આપેલી. રોહને કિચનમાં જઈને અલ્ટ્રાસેટનો ભૂકો નાની વાટકીમાં પાણીમાં ભેળવ્યો, ને પપ્પાને ચમચીથી પાઈ દીધો. મમ્મીએ સવારની પૂજા શરૂ કરી હતી, ને ધરા કૂકર મૂકવામાં રત હતી. રોહને પપ્પાનું કપાળ પસવાર્યું. વૉટરબેડ તો છે, પણ બેડસોર વધે નહીં તો સારું... આ સર્જિકલ કૉટ લાવી દીધો તે સારું થયું... ઊંચોનીચો થઈ શકે...

પપ્પાને બીડી છોડાવવા બધાં મથ્યાંય ખરા, પણ... એમને એ નાનપણની ટેવ. બપોરે મોટા કાકા મેડીએ આડે પડખે થાય, ત્યારે પપ્પા એના ગોઠિયા સાથે ત્યાં લપકીને પહોંચી જાય. મોટા કાકાના ખીંટીએ ટીંગાતા ડગલાનાં ખીસાંમાં બીડીની ઝૂડી હોય – એમાંથી એક બીડી ગુપચુપ, સગડ છોડ્યા વગર, ઓછી થઈ જાય. છગનાએ પહેલેથી જ બાકસનો





મેળ પાડ્યો હોય (મોટા કાકા બાકસ ઉછીનું માંગીને જ બીડી સળગાવતા). એક બીડી બધા વચ્ચે ફરે – બધા ધુમાડાને હાથ હલાવીને સતત વિખેરતા જાય... જોકે પપ્પાની તબિયત આમ સારી હતી. એમને બ્લડપ્રેશર કે ડાયાબિટિસ જેવું કંઈ નહીં. એ ડૉક્ટરને ત્યાં ભાગ્યે જ જાય કે જવા માંગે. એમને બેએક વરસે તાવતરિયો આવી જાય ને ડૉક્ટરને ત્યાં લઈ જવા હોય તો બે-ત્રણ દિવસ આગળથી બ્રેઇન વૉશિંગ ચાલુ કરવું પડે, જે મોટે ભાગે આપણું થાય. છેવટે હકીકતે દવા લાવવી પડે, લાવી શકાય તો. એ શરીરે ઢીલા હોય તો પણ ગુસ્સો તીવ્ર કરી શકે – એમની એટલી શક્તિ હંમેશાં અનામત રહેતી. એમને જમણા ઘૂંટણમાં સહેજ તકલીફ ખરી, પણ એય જાતે ઊભી કરેલી. પપ્પા ઘરની અંદરનું કામકાજ ભાગ્યે જ કરે – એમણે બહારની દુનિયા સાથે જ બાથ ભીડેલી. પણ એક વાર એમને શું સૂઝ્યું કે ચોકમાં ઊંચી દોરી પર સૂકવેલી ગંજી પાડવા સિત્તેરની ઉંમરે કૂદકો માર્યો – ધરા સ્ટૂલ લાવે તે પહેલાં. આ ઘરકામ કર્યાનો પુરાવો આ ન્યાયાધીશના ક્યારેક દુઃખતા જમણા ઘૂંટણમાં હંમેશાં રહ્યો. જોકે પછીથી એમણે ખેતરને શેઢે ધીમેથી ચાલવા માંડેલું એટલું જ. એમને બન્ને આંખે મોતિયો આવી ગયેલો. જમણી આંખમાં મોતિયાનું ઑપરેશન થયેલું પણ ખરું. પણ જમણીથી ડાબી આંખ સુધીનું અંતર ત્રણ વરસથી કપાયું નથી.

પપ્પા આ ઉનાળામાં ભાતમાં દવા છંટાવવા ગામ જતા. ગરમી પણ ખરી. બસના આમેય ઠેકાણાં નહીં. સાંજે ઘરે આવીને પથારીમાં પડ્યા રહે. થાકેલા હશે, ગરમી લાગી હશે. પૂછીએ તો એ જ જવાબ. ખોરાક ઓછો થઈ ગયેલો, પણ એ તો આમેય ગરમીમાં પાણી વધારે પીવાય ને... છેવટે રોહન એમને ફિઝિશ્યનને ત્યાં ખેંચી ગયો. પ્રેશર નૉર્મલ. ઇ.સી.જી. પણ ઓ.કે. બન્ને પોરસાયા. ડૉક્ટરે છાતીનો એક્સ-રે કાઢવાનું કહ્યું. પપ્પાએ ક્લિનિક બહાર બીડી સળગાવી – 'એક્સ-રે અમણાં નીં... લેટર ઓન... આ ડાક્ટરડા લાંબું ખેંચ્યા કરે, ગામનું ભાત નીકળી જાય પછી.' ઉનાળુ ભાત કાઢવા ગામ ગયેલાં પપ્પા-મમ્મી ઉતાવળે કામ આટોપીને પાછાં આવી ગયાં. 'ડૉક્ટરને તાં જવું પડહે....' પપ્પા જાતે બોલેલા !

ચેસ્ટનો એક્સ-રે... ધડામ્ – ડ્રૉઇંગરૂમનું બારણું હચમચ્યું, બહારથી કૈંક વજનદાર જોરથી અથડાયું – ધડામ્. ત્રણ-ચાર કૂતરાંની કાન ફોડી નાંખતી ભસાભસ. રોહને સફાળા દોડીને બારીમાંથી જોયું. 'હટ્....હટ્...' એણે હાકોટો માર્યો. એનો જમણો હાથ આવેશમાં બારીની ગ્રિલ સાથે અથડાયો. હટ્ટાકટ્ટા ત્રણ કૂતરાં – કદાચ બીજી સોસાયટીનાં – અહીંના કાળિયા કૂતરા સામે લોહી તરસી આંખે ભસતાં-હાંફતાં પેંતરો રચીને ત્રાટકતાં હતાં. ત્યાં જ કાળિયો સોસાયટીના અંદરના ભાગ તરફ છલાંગ લગાવીને ભાગ્યો – ઓટલા પર એના પગ લપસ્યા – ડાઉંઉંઉં... એ ઊભો થઈને તીરઝડપે ભાગ્યો, હુમલાખોર કૂતરાના દાંતમાંથી પાછલો પગ છોડાવીને... રોહને ગ્રિલ સાથે અથડાયેલો હાથ પંપાળ્યો. એ ઉતાવળે પપ્પા પાસે ગયો, એ કદાચ ચોંકી ગયા હોય. પણ એમની સ્થિર, પીડાગ્રસ્ત આંખોમાં કશુંય નવું ભરાવાની જગ્યા નહોતી.

'સૉફ્ટ ઓપૅસિટી લેફ્ટ અપર ઝોન. બલ્કી લેફ્ટ હિલમ. મલિગ્નન્સિ ?' – છાતીનો એક્સ-રે રિપૉર્ટ રોહનની આંખના ડોળા પર છીણીથી ટંકાયેલો. ફેફસાંનું કૅન્સર ? સી. ટી. સ્કૅનથી કન્ફર્મ થયું – ડૂબતા માણસના પરપોટા સપાટીએ ચોખ્ખા દેખાયા. 'જઈ આવો

બૉમ્બે. સંતોષ માટે... આ કેસમાં આમ તો.. છ-સાત મહિના...' સુરતના ઓન્કલૉજિસ્ટે એક ખાસ્સી જાહેર બાબત શક્ય તેટલી અંગત રીતે કહી.

રોહન ઊઠીને ટૉઇલેટમાં ગયો. ઝીરો બલ્બની સ્વિચ પાડીને એણે કમોડની વચોવચ ધાર પાડવાની કોશિશ કરી. 'હિ ઇઝ અ સ્ટ્રૉંગ ઓલ્ડ મૅન. લન્ગ્ઝ ઑપરેટ કરી નાંખીએ. આટલા ટૅસ્ટ્સ કરાવી લો...' મુંબઈની બ્રીચ કેન્ડિ હૉસ્પિટલના ડૉક્ટરે સૂચવ્યું. પપ્પા કૈંક હરખાયા. બોન સ્કૅનિંગ મશીન પપ્પાની છાતી-માથાં લગી ધસી આવે – પેલી નેળમાં ધસી આવેલા કાંટાળા થોરની જેમ – ને કડ્ડ્ડ્... અવાજ સંભળાય. રોહન કાચની પેટી જેવા રૂમમાં એક ખૂણે સ્ટૂલ પર એપ્રન પહેરીને બેઠેલો... રોહને ઘડીક ફ્લશ ચાલુ કરીને બંધ કર્યું. સામે ભીંત પર ઝીરો બલ્બની બાજુમાં એક ગરોળી ચોંટેલી. એના આછા પીળા ડોળા એટલા તો ગંભીર કે જાણે ચારે દિશાઓ એની નાંખેલી જાળ હોય. પપ્પાના બોન સ્કૅન રિપૉર્ટમાં હાડપિંજરમાં ઠેર ઠેર કાળા ડાઘા દેખાય – સ્કલમાં, વર્ટૅબ્રામાં, પેલ્વિક બોન્સમાં, પગમાં... ધૂળેટીના દિવસે પપ્પા ફક્ત કપાળમાં જ ગુલાલનું તિલક કરવા દેતા. 'ઓહ ! ઇટ્સ સ્ટેજ ફોર... ગો ફૉર કેમથેરપિ...' બ્રીચ કેન્ડિના ઓન્કલૉજિસ્ટ નિરાશ સૂરે બોલ્યા. ગરોળી ભીંતના ખૂણામાં રેંગતા જીવડા તરફ લપકી. ગરોળીના મોઢા પર હલચલ, ગળામાં થરકાટ... મોઢા બહાર એક નાની ફફડતી પાંખ અંદર હોમાઈ ગઈ. ભીંત પર વધુ એક જગ્યા ખાલી પડી.

મમ્મી પૂજા પડતી મૂકીને પપ્પા પાસે પહોંચી ગઈ હતી. એમનો કણસાટ અચાનક શરૂ થઈ ગયો હતો – ફરતા ડોળામાં પીડાની લાલ ટશર, વંકાતું મોં, હાંફતી છાતી, વમળાતું શરીર... રોહન એમનો ખભો પસવારવા માંડ્યો. મમ્મીનો કંતાયેલો હાથ પપ્પાના કપાળ પર ટકી રહેવા મથ્યો.. આમ તો પપ્પાની જિંદગીમાં આ પહેલી જ માંદગી. એમને પહેલાં ક્યારેક તાવતરિયો આવતો તો એ પથારીમાં પડ્યા-પડ્યા કૈંક રમૂજમાં લવ્યા કરે – 'હે રામ ! તું મને કર ઠામ...' સાંભળીને મમ્મી આછું મલકાય. છ મહિના પહેલાં કૅન્સરની ખબર પડી ને બધાં પપ્પાને વળગીને રડેલાં. તે પછીથી એમને દુ:ખાવાનું પૂછીએ તો ના જ પાડે. પછીથી માંદગી વધતાં સહેજ ડોકું ધુણાવીને ના પાડે. સતત મૌન. છેક લગીની છલાંગ. ફક્ત એક જ વાર પપ્પાનું આ મૌન તૂટેલું – ને તેય રોહનની જ જાણમાં – પણ ત્યારે વધી ગયેલા રોગથી એ બોલી શકતા નહોતાં. મળસકે રોહન પપ્પાના કૉટની બાજુમાં બેઠેલો. એમની આંખ ઉઘાડી હતી. રોહને વહાલથી એમનો હાથ પંપાળ્યો, ને ઝૂકીને એમના કપાળ પર પોતાનો ગાલ અટકાવ્યો. અચાનક પપ્પાનો ચહેરો ફસડાયો – પહેલા વરસાદમાં ટીંબેથી ધસી પડતી માટીની જેમ. એમની આંખ, ગાલ, હોઠ વંકાયાં, ડહોળાયાં રાંકભાવે... આજીજી, લાચારી આખ્ખે ચહેરે ફરી વળી... ઘડીક પછી એ બધું જ ધીંગા મૌનમાં ઠરી ગયું... રોહને મમ્મીના કંતાયેલા હાથ પર હાથ મૂક્યો. પપ્પાનો કણસાટ શાંત થવા લાગ્યો હતો. એમના 'ક્લિન-શેવન' ચહેરા પર આંખ ફરતેનાં ખળભળતાં કાળાં કૂંડાળાં ધીમે ધીમે ઠરવા લાગ્યાં હતાં.

ગઈ કાલે જ નાકેથી હેરકટિંગ સલૂનમાંથી વાળંદે આવીને પપ્પાની દાઢી પથારીમાં જ કરેલી. પપ્પા રોજ અચૂક દાઢી કરતા. બ્લેડનું નવું પૅકેટ આવે એટલે પપ્પા પોતે જ રોજ એક નવી બ્લેડથી દાઢી કરે ને એમ બધી નવી બ્લેડને એક્કેક વાર વાપરી નાંખે.



એ નવી બ્લેડને એક વાર વાપરીને પાછી એના પેપર કવરમાં મૂકતી વખતે સહેજ ફાડીને એક કાપો કરે – એ બ્લેડથી એમણે એક વાર દાઢી કર્યાની નિશાની. પપ્પા રોહનને ગંભીરતાથી – બ્લેડના ઘર નવા પૅકેટે એ જ ગંભીરતાથી – કહેતા જાય : 'નવી બ્લેડથી દાઢી કરતાં છોલાઈ જાય. તારે આ વાપરેલી બ્લેડ જ વાપરવાની...' પપ્પાને પોતાને પણ ક્યારેક છોલાઈ જતું, વરસોનો દાઢી કર્યાનો અનુભવ છતાં. રોહન વિરોધ કરે – 'પણ પપ્પા, તમને વાગે એનું – ?' તો એ ડોકું ઝાટકીને એ વાહિયાત સવાલને ખંખેરી નાંખતા. ડિસ્પોઝેબલ રેઝર આવ્યું તોય પપ્પા ને રોહને આદતવશ છૂટી બ્લેડ વાપરવાની જ ચાલુ રાખેલી... રોહને પપ્પાના પેટના ખાડા પર પહેરણને સરખું કર્યું. એ પોતે નાનો હતો ત્યારે એટલું તો રમેલો, આળોટેલો એ પેટ પર... એ ત્યારે ઘરથી કૉર્ટ સુધી જ આવતા-જતા સિવિલ જજનું પેટ હતું, ઠીક ઠીક મોટું, પોચું, મોભાદાર...

બોન સ્કૅન રિપૉર્ટની પપ્પાને ખબર પડી – પાડી. એ બ્રીચ કૅન્ડિ હૉસ્પિટલના પાછળના ભાગે સાંજે દરિયાને તાકતા ઊભેલા – 'એકી વખતે ફટાકો ફૂટી જવો જોઈએ...' બોલીને એ ભીનું-ઘેરું-ખારું મલકેલા. શક્ય હોત તો એમણે એ પછી તરત બીડી સળગાવી હોત.

મુંબઈથી ઘરે આવીને પપ્પાએ સ્વમૂત્ર લેવાનું શરૂ કર્યું – બધાંને એટલું જ આશ્ચર્ય થયું જેટલું એમને કૅન્સર થયાનું જાણીને દુ:ખ થયેલું. રોહને બધા જ વ્યૂહ અપનાવ્યા – જવારાનો રસ, શ્યામ તુલસીનો રસ... હર્બલ... કેમથેરપિની સાઇકલ... એ પૂરી થઈ એટલે ન્યૂ બૉમ્બેમાં તિબેટન મેડિસિન, ઍલોપથિની ટૅબ્લેટ... ઓછા થતા જતા કોળિયાની સાથે-સામે પપ્પા ઝઝૂમ્યા... છેવટે ઍલોપથિની ટૅબ્લેટ પણ પૂરી થઈ – ભાડેનું ઘર છોડતાં છેલ્લે વસાતાં બારણાંની જેમ. નાનપણમાં એ કબડ્ડી... કબડ્ડી... એકીશ્વાસે બોલતાં સામે જાય ને પાછા વળતાં સામેની ટીમના ખેલાડીને વચલા પાટા સુધી ખેંચી લાવવા અચૂક જોર અજમાવે... કિચનમાં કૂકરની સીટી વાગી. હવે પરવારી જવું જોઈએ... ઑફિસે જવાનું. સાંજે ડૉક્ટરને મળવું પડશે... પપ્પાનો કણસાટ વધતો જાય છે... રોહનના હોઠ ભીડાયા.

રોહને વૉશબેસિનના ઉપરના કૅબિનેટમાંથી ઝટપટ શેવિંગ-બ્રશ કાઢીને ઉપર શેવિંગ-ક્રીમ લગાવ્યું. પાછી કૂકરની સીટી વાગી. એના ગાલ પર ક્રીમના લસરકા શેવિંગ-બ્રશથી ફિણાવા માંડ્યા... હવે દુ:ખાવો થાય છે ત્યારે અલ્ટ્રાસેટને પણ ગાંઠતો નથી... સારું છે કે હજી ઉધરસ ચાલુ નથી થઈ... આ બધી દવાનો કૈંક ફાયદો તો ખરો.. રોહને બ્લેડનું પૅકેટ ખોલ્યું. આમ તો આ રોગ ક્યોરેબલ છે, પણ વધી ગયા પછી... બ્લેડ કાઢતાં જ એના પેપરકવર પર એક કાપો દેખાયો – પપ્પાએ બ્લેડને એક વાર વાપર્યાની નિશાની. રોહનથી મલકાઈ જવાયું. એણે બ્લેડને રેઝરમાં ગોઠવી. ફરીથી કૂકરની સીટી વાગી. લાગલી જ ધરા દોડી આવી ને એણે ગૅસ બંધ કર્યો. કાપાવાળા ખાલી કવરને બાજુમાં મૂકતાં રોહનનો હાથ સહેજ થંભી ગયો. આ બ્લેડથી ક્યાંક છોલાઈ જાય તો... પપ્પાએ વાપરેલી બ્લેડ... કદાચ એક-બે મહિના પહેલાં... લન્ગ્ઝ કૅન્સરને લોહી સાથે સીધો સંબંધ તો નથી, પણ... છેલ્લા સ્ટેજમાં છે... રોહન બ્લેડને તાકી રહ્યો. એણે ફરીથી પેપરકવરના કાપાને જોયો. ધરા ડ્રૉઇંગરૂમમાં કોઈ ફોનનો જવાબ આપતી હતી. રોહને બેસિનમાં માથું નમાવીને ચહેરા પરનું ફીણ ધોઈ નાંખ્યું. એણે પાછળ ચોકમાં જઈને ડસ્ટબિનમાં બ્લેડનું એ પૅકેટ નાંખી

દીધું. આજે નવી બ્લેડ ખરીદી લાવીશ...

રોહન પપ્પાના પગ પાસે બેઠો. એમનો અશોકકુમાર જેવો દેખાતો ચહેરો ગળાઈ ગયો હતો. પપ્પાની આંખ ખૂલી – અંદર ને બહારને સરખી ગણતી નજર. રોહને માથું નીચે કરી દીધું ને પપ્પાના પગ દાબવા માંડ્યા – કદાચ આંખની ભીનાશ છુપાવવા. ડ્રૉઇંગરૂમમાં માળો બાંધવા મથતી ચકલીની ચકચક ગુંજતી હતી...

r




## પ્રકીર્ણ

**કર્ણ :** સતીશ પંડ્યા, ૨૦૦૬, પ્ર. સતીશ પંડ્યા, એમ. જી. માર્ગ, નવસારી-૩૯૬૪૪૫, પૃ. ૧૦+૨૦૨, રૂ. ૨૦૦/-. **અરધી સદીની વાચનયાત્રા :** મહેન્દ્ર મેઘાણી, ૨૦૦૬, લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર, પૃ. ૧૬+૪૮૦, રૂ. ૭૫/-. **પીઓ પાણી જિનવાણીનું :** રાજેન્દ્ર સૂરીશ્વરજી, ૨૦૦૬, શ્રી નવજીવન જૈન શ્વે. મૂ.પૂ. સંઘ, નવજીવન સોસાયટી, લેમિંગ્ટન રોડ, મુંબઈ-૪૦૦૦૦૮, પૃ. ૧૬૨, રૂ. ૫૦/-. **નિરૂપમ સાહચર્ય :** સનત ત્રિવેદી, ૨૦૦૬, પ્ર. લેખક પોતે, તૃપ્તિ, ૧૧, નૂતન નગર, કાલાવડ રોડ, રાજકોટ-૧, પૃ. ૧૬૦, રૂ. ૧૨૦/-. **મહાત્મા ગાંધી એમ. કે. ગાંધી એટ-લૉ :** પ્રવીણચંદ્ર સી. પારેખ, ૨૦૦૬, પ્ર. લે. પોતે ૨૧૮, બોમ્બે માર્કેટ, તારદેવ, મુંબઈ, પૃ. ૪૫૩, રૂ. ૨૦૦/-. **વિરાટ પર્વના કવિઓ :** ઉષા અ. ભટ્ટ, ૨૦૦૬, કૃષ્ણકાંત કડકિયા ટ્રસ્ટ, એમ-૮૨/૩૮૫ સરસ્વતીનગર, અ'વાદ-૧૫, પૃ. ૧૨+૧૯૬, રૂ. ૧૩૦/-. **ભાવાભિવ્યક્તિ :** કૃષ્ણકાંત કડકિયા ટ્રસ્ટ, એમ-૮૨/૩૮૫, સરસ્વતીનગર, અ'વાદ-૧૫, પૃ. ૨૫૬, રૂ. ૧૪૦/-. **જીવનવિજ્ઞાન :** ભાણજી એચ. સોમૈયા, ૨૦૦૬, મિશનરી પ્રકાશન, રૂમ નં. ૨૦, ગાંધીધામ (કચ્છ), પૃ. ૫૦, રૂ. Nil.

## બાળસાહિત્ય

**સંભારણાં બાળપણનાં :** નટવર પટેલ, ૨૦૦૫, પ્ર. લે. પોતે, સી/૨/૪, સીમંધર કોમ્પ્લેક્સ, પ્રભાતચોક, અ'વાદ-૬૧, પૃ. ૮૦, રૂ. ૩૬/-. **મૅજિક પેઇન્ટિંગ બુક : ઝૂલતા મિનારાનું રહસ્ય : રિંગો બડેવાલા :** ઉદયન ઠક્કર, ૨૦૦૭, પ્ર. નવભારત સાહિત્ય મંદિર, અ'વાદ, ત્રણેય પુસ્તકની પૃષ્ઠસંખ્યા ૬૦, ત્રણેય પુસ્તકની કિં. રૂ. ૬૦/-. **લપસણીની મજા :** કિશોર વ્યાસ, ૨૦૦૬, પ્ર. કિશોર વ્યાસ, ૬/બી, મહેતા સોસાયટી, કાલોલ, પૃ. ૪૮, રૂ. ૨૫/-.





## લઘુકથા

### સફર | રમેશ ત્રિવેદી

– અને પ્રો. જી. કે. ઉર્ફે 'ફાધર ઑફ ફિલૉસોફી'ને લાગ્યું કે પોતે રીતસરના રૉકેટગતિએ ઊડ્યા, ને જઈ પહોંચ્યા ઊંચે અવકાશમાં !' વિમાન ટેઇક ઑફ કરે, ને સહેજ ચક્કર જેવું આવે તેવું થયું, પણ પછી તો ભયભીત બનેલી આંખોમાં વિસ્મય... હા, નજર સામે જ ઓગળી ગયેલાં નદીઓ, પહાડો, મહાસાગરો, ખણ્ડો, ને ઉપખણ્ડો !...

એ મનોમન હસ્યા. આ તે કેવું વિચિત્ર બની ગ્યું ? હજુ હમણાં તો પોતે ઘેરથી નીકળીને, પોળના વળાંકેથી વળીને રોડના એક ખૂણે આવી ઊભા હતા. રોજિંદી ટેવ મુજબ ટાવરના ડાયલ સામે જોયું'તું... પણ કાંટા ગાયબ !? કાંડા-ઘડિયાળ સામે જોયું તો સેકન્ડકાંટો થંભી ગ્યો'તો ! છાતી પર હાથ મુકાઈ ગયેલો, ને એ સાથે જ પરસેવો ! ...હૃદયના ધબકાર વધી ગયેલા. રસ્તા પરનો ઘોંઘાટ તો દોડતો-ભાગતો ટ્રાફિક ને સૌનાં દેખતાં પોતે એક માણસ જેવો માણસ... ગૅસના ફુગ્ગાની જેમ !!

પ્રો. જી. કે. શિશુ જેવું સ્મિત વેરી વિસ્ફારિત નજરે તાકી રહ્યા. ગ્રહો, નક્ષત્રો, સૂર્યમંડળ... અને... આંખોની સામે પ્રશ્નાર્થ ? પોતે અહીં અવકાશમાં આવતાં જ સળગીને નિઃશેષ કેમ ન થઈ ગ્યા ? ગૂંગળામણનો અનુભવ કેમ થતો નથી એમને !? આજે કયો વાર ? કઈ તિથિ ? કઈ તારીખ ને કયો મહિનો ? આ તે રાત કે દિવસ ? અંધારું કે અજવાળું ? અરે ! પે...લી દેખાઈ તે નયનમનોહરા મા ધરિત્રી !! ને પેલો રહ્યો તે ચાંદો કે બાપુજીએ પૂજામાં મૂકેલો ચાંદીનો અસ્સલ લક્ષ્મીછાપ સિક્કો !! અધધધ તારાની લખોટીઓ ! રંગોના ફુવારા... જલસીકરોનાં સાચુકલાં મોતી !! વાહ ! કેવું પ્રશાન્ત ચિત્તહારી એકાન્ત ! આહ્‌લાદક ક્ષણ, ક્ષણનો રોમાંચ ! ને એ બીજી જ ક્ષણે એ ઊંડા વિચારોમાં ડૂબી ગયા. એકદમ સ્તબ્ધ. અવાક. મૌન. ને ત્યાં તો એક ચિત્કાર... અરે ! આ નિરર્થક ઉડ્ડયન ક્યાં સુધી ? આ અવિરામ યાત્રાનો કોઈ અંત ? કોઈ આરો કે ઓવારો ? અરે ! મૂંઝારો જન્માવતું આ એકાન્ત ! કાળમીંઢ અવકાશી મૌન... ! અને ?... અને ??...

– દાદા !

– અરે ! આ તો પિન્ટુનો અવાજ ! એને માટે કરમિયાની દવા લાવવાની...

– પપ્પા, બર્થડે-કેઈક લેતા આવજો પાછા, હા, તમે તો સાવ ભૂલકણા...

– પપ્પા, હૅપી બર્થડે ટુ યુ !

હિના, પિન્ટુ, મોના, પ્રજેશ !... ક્યાંથી આવે છે આ રોમહર્ષ જગાવતા અવાજો !? ...આ અવકાશની અભેદ્ય દીવાલોની પે..લે પાર... ઓહ ! વરસોથી ઝંખેલું સુખ, સુખની સમાધિ, સમાધિની ક્ષણો તે આ ? ...ને આ સાંભળ્યા તે અવાજોનો રોમાંચક સ્પર્શ !! ...ને પ્રો. જી. કે.એ ભીતરમાં જાગેલા ચિત્કાર સાથે જ એકદમ આંખો મીંચી દીધી, ને પોતાની જાતને ફંગોળી – અવકાશી સાગરમાં, ને એ ડૂબકી સાથે જ....

આ શું છાણના પોદળામાં ખૂંપલું ચંપલ ! વાહનોનો ઘુર્રાટો. ટેવ મુજબ નાક આગળ રખાયેલો રૂમાલ. ટાવરના ટકોરા. બરાબર નવના ટકોરા ! એમણે કાંડા-ઘડિયાળ સામે જોયું : મહિના પહેલાં પિન્ટુની વહાલી દાદીએ બરાબર નવના ટકોરે દેહ મૂકેલો... ને ? એમણે ધીમેથી પગ ઉપાડ્યો, ને અવકાશમાં ચાલતા હોય એટલી, સાવધાનીથી, ભારે હૃદયે, ધીમેધીમે ચાલવા માંડ્યું – સાઠમા વરસની સફરે.

### પરિષદના આજીવન સભ્યોને વિનંતી

આદરણીય મુરબ્બીઓ અને મિત્રો,

આપ ગુજરાતી સાહિત્ય પરિષદના આજીવન સભ્ય છો. સૌ પ્રથમ તો પરિષદ સાથે ભાવાત્મક રીતે સંકળાવા માટે આનંદ અને આભારની લાગણી પ્રગટ કરી લઉં.

પરિષદના આજીવન સભ્ય તરીકે આપને 'પરબ' નિયમિત રીતે મળતું હશે. કાગળ અને મુદ્રણની મોંઘાઈ, પુરસ્કારખર્ચ, ટપાલખર્ચ વગેરે મળીને 'પરબ'નો વાર્ષિક ખર્ચ રૂપિયા સાડા ત્રણ લાખ જેટલો થવા જાય છે. આ રીતે 'પરબ'નો ઘણો મોટો આર્થિક બોજો પરિષદ પર રહે છે. આ ઉપરાંત પરિષદની વિવિધ પ્રવૃત્તિઓ અંગે મળેલા દાનની રકમના વ્યાજના દર ઓછા થઈ જવાને કારણે એ પ્રવૃત્તિઓને આર્થિક રીતે પહોંચી વળવા માટે પણ ઘણી જ મથામણ કરવાની થાય છે.

પરિષદની આજીવન સભ્ય ફીના ઈ.સ. ૧૯૭૮માં વ્યક્તિ માટે રૂ. એકસો પચાસ હતા જે વધતાં વધતાં ઈ.સ. ૨૦૦૩ માર્ચથી રૂ. ૧૫૦૦/- થયા હતા. હવે તા. ૧-૪-૨૦૦૬થી પરિષદની આજીવન લવાજમ ફી વ્યક્તિ માટે રૂ. ૨૦૦૦/- કરવામાં આવી છે. આપ વ્યક્તિ તરીકે રૂ. ૧૫૦/-, ૨૦૦/-, ૩૦૦/-, ૫૦૦/-, ૧૦૦૦/- કે ૧૫૦૦/-માં સભ્ય થયા હશો. આ પત્ર દ્વારા હું આપને વિનંતી કરું છું કે આપ આજની આજીવન સભ્ય-ફી અને આપ સભ્ય થયો હો તે વખતની આજીવન સભ્ય-ફીના તફાવતની રકમ ધ્યાનમાં રાખીને આપને યોગ્ય લાગે તેટલી રકમ સ્વૈચ્છિક રીતે દાનરૂપે પરિષદને મોકલશો તો એનાથી પરિષદની પ્રવૃત્તિઓને વધુ વેગ મળશે. પરિષદના આજીવન સભ્યોની સંખ્યા ત્રણ હજાર જેટલી છે. સૌનો સહકાર મળી રહેશે એવી મને પૂરી શ્રદ્ધા છે.

આપ સૌની કુશળતા ચાહું છું.

લિ. સ્નેહાધીન

**રતિલાલ બોરીસાગર**

(વહીવટી મંત્રી)



## નિબંધ

# વસંતો જ વસંતો

**પ્રીતિ સેનગુપ્તા**

પ્રવાસે જવાનું શક્ય બનતું હોય છે અમુક કારણોસર – કૌટુમ્બિક, વ્યાવસાયિક, આર્થિક વગેરે, તથા ગૂઢ. કઈ રીતે જવું – જૂથમાં કે જાતે – તેનો આધાર પ્રવાસીની ઇચ્છા પર હોય છે; ઉપરાંત, ક્યારે જવું તેનો પણ. (અલબત્ત, અંતે તો બધી જ બાબતનો આધાર ભાગ્ય પર હશે.)

મેં કેટલો બધો સમય ભ્રમણ કરવામાં ગાળ્યો ! બધી તવારીખો ભેગી કરું તો વર્ષોનાં વર્ષો થયાં ગણાશે. દરેક મુસાફરીનું આયોજન મેં (લગભગ) હંમેશાં ત્યાં ત્યાંની "સારી" ઋતુ પ્રમાણે કર્યું છે. અગ્નિ એશિયામાં ઉનાળામાં ના જઈએ, યુરોપના દેશોમાં શિયાળામાં ના જઈએ, કરિબિયનના ટાપુઓ પર ઝંઝાવાતના મહિનાઓમાં ના જઈએ – એવું તો સ્વ-ઇચ્છાથી નીકળી પડનાર દરેક મુસાફરે વિચારવું પડે. હા, ક્યારેક અચાનક તે તે જગ્યાએ એકાદ દિવસ માટે, બે-ચાર દિવસ માટે ઋતુ બદલાઈ જાય એમ બની શકે, ને ત્યારે કુદરતની ઇચ્છા ઉપરવટ થયેલી કહેવાય.

વર્ષમાં બે ઋતુઓ એવી છે કે જે ત્યાંનાં નાગરિકો માટે તેમજ આગંતુકો માટે સહેલી, સુંદર અને ઇચ્છનીય હોય છે. તે છે વસંત અને પાનખર. ઉભય ઋતુ દરમ્યાન ચોતરફ રંગ જોવા મળે. એકમાં ઊગી જતાં ફૂલોનાં રંગ-સુગંધ, તો બીજીમાં ખરતાં પહેલાંનાં પાંદડાંના રંગ-રાગ. બંને વચ્ચે ફરક પણ આ જ – એકમાં નવ્યના આગમનનો અણસાર, તો બીજીમાં વિદાયનો.

વસંત એવી ઋતુ છે કે જેને શબ્દોમાં ગૂંથી શકાય. રવીન્દ્રનાથે વસંત અને વર્ષા ઉપર એટલાં ગીત લખ્યાં છે કે એનું જ એક પુસ્તક થાય. તો પાનખરનું રૂપ ચિત્રકારોને મુગ્ધ કરતું રહ્યું છે. ખાસ કરીને પશ્ચિમ અને ઉત્તરના દેશોમાં, કે જ્યાં સારી એવી ઠંડી થતી હોય. કેલેન્ડર પ્રમાણે પાનખરનો સમય-ગાળો નક્કી હોય છે, પણ એનું સાચેસાચ પ્રગટ થવું આગલા કેટલાક મહિનાઓના હવામાન પર આધાર રાખતું હોય છે. આથી એ વહેલી-મોડી થઈ શકે, અને પાંદડાંના બદલાયેલા રંગ જોવા મળશે કે નહીં તે નિશ્ચિત ના કહેવાય. વસંત ઘણી વધારે નિયત રહેતી લાગે છે. ઠંડી ના ગઈ હોય તો પણ ફૂલો તો ખીલવા માંડે જ.

હું દરિયા-પાર રહું તેથી ભારતની મુલાકાતે આવવાનું શિયાળામાં જ થતું રહે. દેશમાં જ્યાં જાઉં ત્યાં ફૂલો ભાગ્યે જ દેખાય. ચંપા, બોરસલી, હારશિંગા, ગુલમૉર, શિરીષ વગેરે કોઈ જોવા ના મળે; ને હું જીવ બાળું કે "અરે, પર્યાવરણ એટલું દૂષિત થઈ ગયું છે કે અમદાવાદમાં હવે ફૂલો પણ થતાં નથી." એક વર્ષે ઊતરતા શિયાળે આવવાનું બન્યું. ફેબ્રુઆરીથી એપ્રિલના અંત નજીક રહી. ત્યારે ઘણાંયે ફૂલો જોયાં. અરે, એ તો ક્રમ મુજબ ઊગતાં જ હતાં. એમના સમયે હું દેશ આવતી નહોતી.

ખૂબ ખુશી થઈ મનમાં. લાગ્યું કે દેશ આવવા માટે આ સારામાં સારો સમય-ગાળો

હતો. ફૂલો દેખાયાં – એટલું જ નહીં, મને તો હવામાં પણ સુગંધ વર્તાઈ. હવામાં તાજગી પણ સાચેસાચ લાગી. ઘણાં વર્ષોની ગેરહાજરી પછી જાણે નવેસરથી મને ભારતમાંની વસંત વિશે જાણકારી મળી હતી. ગરમી થવા માંડેલી ખરી, પણ થોડી. સહન તો થાય, પણ મને ગમે પણ ખરી. કેટલાંયે ઓળખીતાં રાતે રાતે વાતાનુકૂલ મશિનો ચલાવવા મંડી ગયાં હતાં. મારી બારીમાં થઈને તો પવન આવે, ને સાથે રાતરાણીની મહેક લેતો આવે. મને તો માથે પંખો પણ ના જોઈએ, અને આનંદની નીંદર આવી જાય. ઓળખીતાં તો માની પણ ના શકે. સાંભળીને પૂછે, “તું ગાંડી છું ?”

વાહ, ઋતુનો સ્પર્શ પામી શકનાર ગાંડું હશે ? કે ભાગ્યશાળી કહેવાય ? હું તો બપોરે પણ રસ્તા પર ચાલતી હોઉં – અમદાવાદમાં, ને પવન વહી આવે તો હું ઊભી રહી જાઉં, હસું, હસતાં હસતાં એને અનુભવું. વાત કરી હોય એવું લાગે. એ વર્ષે હું જાણે સતત ભાગ્યશાળી રહી, કારણ કે એ વર્ષે – બલ્કે એ વર્ષના સાતેક મહિનાની અંદર – પૃથ્વી પરના જુદા જુદા ચાર ખંડ પર ચાર વસંત જોઈ, અનુભવી, ને માણી.

પ્રવાસનો યોગ જ કંઈક એ પ્રમાણે થયો. વસંતપંચમીના તહેવારનું મહિમ્ન જ નહીં, પણ વાસંતી વાયરો તેમજ વાસંતી ફૂલ-ફાગ ભારતમાં સાનંદ અને સાશ્ચર્ય અનુભવી હું યુરોપમાં ફ્રાન્સ અને સ્વિટ્ઝરલૅન્ડ રોકાઈ. મે મહિનાની શરૂઆત થતી હતી. યુરોપની વસંત આગમન કરી ચૂકી હતી. પૅરિસ, જિનીવા અને બહારના વિસ્તારોમાં હું જ્યાં ગઈ ત્યાં બસ, ફૂલો જ ફૂલો. કોઈ ઓળખાય, બહુધા નવલાં, ને નામ તો કોઈનાં ખબર નહીં. દૃષ્ટિની પરિચિતતામાં આ કશું વચ્ચે ના આવે. આપણે તો રમ્યાણિ વીક્ષ્ય હરખાયા કરવાનું.

પૅરિસ તો ભાઈ, બહુ મોટું શહેર, ને ત્યાં ફૂલો પણ સત્તાવાર રીતે નક્કી થયા પ્રમાણે ઊગે. પણ પરાંમાં ઠેર ઠેર અને ઘેર ઘેર કાંઈ ફૂલો જોવા મળ્યાં. મારી નાનપણની મિત્ર રૂપાંદેએ એના બગીચામાં બહુ શોખથી રંગ અને જાત પ્રમાણે જુદાં જુદાં ફૂલો ઉગાડેલાં. મને ફેરવીને બધાં બતાવ્યાં પણ શોખથી. એ દૃશ્ય યાદ રહ્યું છે, યુરોપી નામો યાદ નથી રહ્યાં. આખા વિસ્તારમાં બીજાં ઘરોની દીવાલો પરથી બહાર ઝૂકી પડતાં ફૂલો તો બહાર નીકળવાને જ સુંદર બનાવી દેતાં. ખાસ તો, એમના રંગોથી. મેં જાંબલી અને ભૂરા રંગનાં ફૂલ જોયેલાં જરૂર, પણ એકાદ જાતનાં. અહીં તો – ફૂલો માટે અસામાન્ય, અને લગભગ અસંભવ કહીએ તેવા – આ બે રંગો ધારણ કરેલાં કેટલીયે જાતનાં ફૂલો દેખાયાં. એક એક નવી જાત નજરે પડે, ને હું બોલી ઊઠું, “આહા, હજી એક વધારે ?”

જિનીવા ગઈ તો ત્યાં પણ સર્વત્ર બસ, ફૂલો. ત્યાં તો, શહેરના કેન્દ્રમાં, મોટી એક ઘડિયાળ મૂકેલી છે, જેને રંગરંગીન ફૂલોથી શણગારી દેવાતી હોય છે. એ ફરીથી જોવા તો ખાસ ગઈ. સહજ આનંદ આપવાનો કેવો ગુણ હોય છે ફૂલોમાં.

પણ આ વર્ષે, આ ઋતુમાં મને એક વિશિષ્ટ સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. તે હતું પૅરિસની બહાર આવેલા જિવર્નિ (Giverny) કહેવાતા સ્થાને જવાનો મોકો. ફ્રાન્સ તો આ પહેલાં છએક વાર ગયેલી, પણ ક્યાં તો જવાયું નહોતું, ક્યાં તો એ બંધ થયેલું હતું. ક્લૉડ મોને (Claude Monet) નામના વિખ્યાત ફ્રેન્ચ ચિત્રકારે (૧૮૪૦-૧૯૨૬) જિવર્નિમાં વર્ષો ગાળેલાં. એમનું ઘર, તથા જેનાં અસંખ્ય ચિત્રો એમણે કર્યાં છે તે વિશાળ ગાર્ડન કળાપ્રેમીઓમાં વિખ્યાત બનેલાં છે. એમને જોવા આવનારાંની ત્યાં ભીડ થતી રહે છે. પણ



છએક મહિના જ આ સ્થાન ખુલ્લું રહે છે. ઠંડી શરૂ થતાં, જોનારાં માટે એ બંધ થઈ જાય છે. ગાર્ડનમાંનાં ફૂલોનાં વૈભવ તથા વૈવિધ્ય, જોવા જવાનો જ તો મહિમા છે – શિયાળામાં જે શક્ય નથી હોતાં.

પૅરિસથી સિત્તેરેક કિ.મી. દૂરના જિવર્નિ ગામની શાંતિ અને સુંદરતાની મધ્યે મોને પત્ની અને બાળકો સાથે સુખેથી રહેલા; અને આસપાસના દૃશ્યપટનાં ચિત્રો કરતાં રહેલા. એમણે કમળ અને પોયણીનાં ઘણાં ચિત્રો કરેલાં. ન્યૂયૉર્કનાં મ્યુઝિયમોમાં એ વર્ષોથી હું જોતી આવી છું. એમાંનું એક તો લગભગ આઠ મીટર લાંબું છે. એના આછા ગુલાબી-જાંબલી રંગ, ફૂલો ને પાણીનું વિરચન, એનું શાંતિપૂર્ણ વાતાવરણ વગેરે હંમેશાં મુગ્ધ કરતાં રહે છે. આ ચિત્રો જેના પરથી મોને-એ કર્યાં તે સ્થાન એમના ગાર્ડનની અંદર જ છે, ને લગભગ બધાંની જેમ મારે પણ ખાસ એ જ જોવું હતું. વર્ષોથી જોયા કરેલાં ચિત્રો જિવર્નિમાંના પુકુરના એ પરિસરમાં જીવંત થઈ આવ્યાં લાગ્યાં.

વિસ્તૃત ગાર્ડનમાં અન્યત્ર એપ્રિલથી ઑક્ટોબર દરમ્યાન દરેક મહિને જુદાં જુદાં, ઋતુને અનુરૂપ, ફૂલો જોવા મળે છે. ગાર્ડનના અમુક હિસ્સામાં અનેક જાતનાં ફૂલ-છોડ ઉગાડવાનું કામ સતત ચાલતું જ હોય છે. મહિના તથા ઋતુ પ્રમાણે, ખીલવા આવેલાં ફૂલ-છોડ કળાત્મક રીતે, હૃદ્ય રંગમેળ કરીને જાહેર વિભાગોમાં વાવવામાં આવે છે. એપ્રિલના અંતે મને આઇરિસ, ર્‌હોડોડેન્ડ્રોન, જરેનિયમ, પિયોનિ, વિસ્ટેરિયા, અઝેલિયા, ડેલ્ફિનિયમ, ડૅફોડિલ, ડેઇઝી વગેરે ખૂબ સુંદર, ખૂબ ગમતાં ફૂલો જોવા મળ્યાં. શું પ્રચુરતા, શું પ્રફુલ્લતા ! એ દિવસે સાચેસાચ એક કળા-યાત્રા થઈ હતી.

પછીને અઠવાડિયે ન્યૂયૉર્ક પાછી ફરી ત્યારે ત્યાં વસંત ચાલતી હતી. વસવાટથી પરિચિત બનેલો પ્રદેશ, ને પરિચિત બનેલાં ત્યાંનાં ફૂલ. અહીં ચૅરિ બ્લૉસમ્સ અને મૅગ્નોલિયા સૌથી પહેલાં આવે. એક ઝીણાં ને ઋજુ, બીજાં ખૂબ મોટાં ને મૃદુ. બંને થોડું જ ટકે ડાળીઓ પર, ને પછી એમની ખરી પડેલી પાંદડીઓની જાજમ જમીન પર પથરાય. ડૅફોડિલ ઘણું વધારે ટકે. એમની આટલી બધી જાતો હશે, તે તો એમને જોવા પામીએ ત્યારે જ ખ્યાલ આવે. ઘેરા લાલ ને પીળા રંગનાં ટ્યુલિપ તો ન્યૂયૉર્કના બ્રૉડવે તથા પાર્ક ઍવન્યૂ માર્ગોની વચ્ચે માઈલો સુધી ગોઠવવામાં આવે. વિવિધરંગી ઇમ્પેશન્સ આમ સાદાં, પણ લગભગ આખો ઉનાળો ટકી રહે, એટલે બહુ વહાલાં લાગે.

સૌથી છેલ્લાં ખીલી આવે ડૉગવૂડ્સ નામના ઝાડ પરનાં ફૂલો. એ પણ એ જ નામે ઓળખાય. એ સફેદ અને ગુલાબી – એમ બે રંગનાં હોય. ડાળીઓ પર એવી રીતે ખીલી જાય કે ના ડાળીઓ દેખાય, ના પાંદડાં. ચાર જ પાંદડીનાં ફૂલ. દરેક પાંદડી એવી અણિયાળી, કે આકાર બરાબર ચોરસ બને. જેમ ભૂરા રંગનાં ફૂલ નવાઈ પમાડે તેમ આ ચોરસ આકાર પમાડે. જ્યાં દોઢસો-બસો ઝાડ હોય ને હજારો ફૂલો ખીલી આવતાં હોય, ત્યાં ખાસ ડૉગવૂડ્સ પુષ્પોત્સવનું આયોજન થાય. દૂર દૂરથી અસંખ્ય લોકો આવે – બસ, આ અનુપમ સુંદરતા માણવા.

આ જ વર્ષે, ચારેક મહિના પછી હું વળી એક જુદા ખંડમાં જવા નીકળી. એશિયા, યુરોપ, ઉત્તર અમેરિકા અને હવે આફ્રિકા ખંડ. એમાંયે, હું છેક દક્ષિણ આફ્રિકા જવાની હતી. દક્ષિણ ગોળાર્ધનો પણ છેલ્લો, દક્ષિણતમ દેશ. ઉત્તર અમેરિકામાં પાનખરનો વારો

આવ્યો હતો ત્યારે મને હજી એક વાર વસંત માણવા મળવાની હતી. એક જ વર્ષમાં ચાર વસંત. અપૂર્વ વર્ષ હતું એ.

દક્ષિણ આફ્રિકાનો ભૂમિપટ અસામાન્ય છે. મને એ સંપૂર્ણતયા હૃદયગ્રાહી લાગેલો. ત્યાં જાણે બધું જ ખૂબ છે – પહાડો, મેદાનો, દરિયા-કાંઠો, રણ-પ્રદેશ. એના પહાડો ભૂખરા-જાંબલી પાષાણી છે; રણ-પ્રદેશ સપાટ ને સૂકો છે; દરિયા-કાંઠો ભેખડ-બદ્ધ પણ હોય ને સરળ, રેતાળ પણ હોય; અને મેદાનો એટલે લીલી લીલી ખાલી જગ્યા. આ ભૂમિપટમાં બધે જ ફૂલો ના દેખાય, છતાં દરેક ઘરના કમ્પાઉન્ડમાં તો ફૂલ-છોડ ઉગાડેલા હોય જ, એવું મેં જોયું. હું મિનિ-બસ વાટે તેરેક હજાર કિ.મી. દક્ષિણ આફ્રિકામાં ફરી. રસ્તા પરથી ગામોનાં નાનાં, સાદાં ઘર સરસ લાગે. ને એવાં જ સાદાં – બારમાસી, ધંતૂરો, ક્યારેક જંગલી ગુલાબ વગેરે – ફૂલોના રંગ એમને મળેલા જોઈ મનમાં આનંદ થાય.

હાઈ-વે પર જતાં ક્યારેક ઘેરા લીલા રંગના તાજાં ઊગેલા ઘાસની જાડી જાજમ થયેલી દેખાય, તો ક્યારેક આપોઆપ ખીલી ગયેલાં અજાણ્યાં જંગલી ફૂલો સોનેરી તડકામાં હરખાતાં દેખાય. આવી જ રીતે ઊગી જતાં 'કૉસ્મૉસ' ફૂલોને હું નામથી, તેમજ રંગ-રૂપથી ઓળખવા માંડી ગઈ હતી. એમનો તો એકસાથે મોટો પથારો હોય. નાજુક પાંદડીઓથી આકાર સુંદર ગોળ હોય, અને રંગ હલકા ગુલાબી, જાંબલી, ને ક્યારેક ઘેરા ગુલાબી કે સફેદ હોય. ઉત્તર ગોળાર્ધમાં જેમ 'ડેઇઝી' ફૂલ ઊગે, તેમ અહીં આ 'કૉસ્મૉસ' ઊગતાં હતાં.

એ કહેવાય તો સાદાં ને સાધારણ. તોડ્યા પછી લાંબું ટકે પણ નહીં તેવાં ઋજુ. પૂજામાં કે શોભામાં ક્યાંય કશા કામનાં નહીં. પણ 'કૉસ્મૉસ' જેવું વિશિષ્ટ નામ હતું એમનું. મેં વાંચેલું કે પંદરમી-સોળમી સદીમાં સ્પૅનિશ ભૂમિ-શોધકોની સાથે આ ફૂલો અહીં આવેલાં. એમનું અહીં હોવું આવું ઐતિહાસિક હતું, તે જાણ્યા પછી હું એમને જુદી રીતે, અર્થપૂર્ણ સંદર્ભો સાથે જોવા માંડી ગઈ હતી.

નાનાં ચંપા ફૂલોનાં ઝાડ થોડાં જોયેલાં, ને બાગોમાં કેના, લિલિ, દાઉદી વગેરે પણ હતાં. ડર્બનની બહારના મહામાર્ગ પર માઈલો સુધી સળંગ શેરડી ઊગે છે. વસંત ઋતુમાં એમનો ફાલ ઘણો ઓછો હતો. એમની પ્રફુલ્લિત ઘનતા ડર્બનની પહેલી સફરમાં જોયેલી. બોગનવેલના ઘેરા રંગ તો હંમેશાં ઉત્સાહિત થયેલા લાગે પણ ખરા, અને જોનારને આનંદિત કરે પણ ખરા.

દક્ષિણ આફ્રિકાની સર્વશ્રેષ્ઠ વાસંતી સુંદરતા રહેલી છે જાકારાન્ડા ફૂલોમાં. મોટાં, ઊંચાં વૃક્ષોને આછા જાંબલી રંગનાં ફૂલો જાણે ઊભરાવી રહે છે. પાછળ ભૂરું આકાશ હોય ત્યારે તો એમનો શું નિખાર. ડળક ડળક ઝરીને જમીન પર પડ્યાં હોય ત્યારે એ જાજમ પણ અદ્‌ભુત સુંદર લાગે. મને કોઈએ કહ્યું કે જાકારાન્ડા ઇન્ડિયાથી અહીં આવેલાં. અરે વાહ, ખરેખર ? ગુલમૉર પણ ઇન્ડિયાથી જ અહીં આવેલાં. અહીં એ ''ફ્લૅમ્બૉયન્ટ'' કહેવાય છે. પૂર્ણવિકસિત ગુલમૉરથી ખીચોખીચ ઝાડ પણ ખૂબ જોયાં. એનું સંધાન મારા મનમાં હરહંમેશ દેશ સાથે રહેતું જ હોય છે. તેથી એમને જોઈને વિવિધ રીતનો હરખ થાય. પણ જ્યારે સાંભળ્યું કે જાંબલી જાકારાન્ડા અને કેસરી ગુલમૉર એક જ વૃક્ષ-પ્રકારનાં, એટલે કે એક જ કુટુંબનાં છે, ત્યારે વિસ્મયથી મૂક થઈ જવાયું.

કુદરતની લીલા ન્યારી છે. એના સાક્ષી થવા મળે તેમાં જ પરમ ભાગ્ય રહેલું છે.



## વ્યંગવિનોદ

# દેવ મંદિરે

**મંજુલા ગાડીત**

તે દિવસે રવિવાર હતો. અમૃતે ચૂંચી આંખે જોયું. બારીના કાચ વીંધીને તડકો તેના પલંગ સુધી પહોંચી ગયો હતો. તે એકદમ બેઠો થઈ ગયો. ઘડિયાળમાં જોયું... 'બાપ રે ! સાડા આઠ ! ભોગ લાગ્યા. રવિવાર બગડવાનો.'

રસોડામાંથી ઘંટડીનો અવાજ સંભળાયો... આરતીનો સમય !

'મારી બેટી લતાડી રવિવારે ય જંપીને સૂઈ નથી રહેતી. આ આરતી થાય છે એટલે નાહી-ધોઈને પરવારી ગઈ હશે.'

પેલાં મારાં બે અનમોલ રતન !

તેણે બીજા બેડરૂમમાં ડોકિયું કર્યું. બંને એકબીજાથી અવળી દિશામાં ઘાયલ યોદ્ધાની જેમ પડ્યાં હતાં.

'વાંધો નહિ. મોડા ઊઠનારાની ફૂલ મેજોરિટી છે.'

ઝટપટ બ્રશ કરીને છાપું લઈ સોફામાં ગોઠવાયો. હૃદયમાંથી ચાનો ચિત્કાર ઊઠતો હતો.

'વાંધો નહિ. આરતી એટલે પૂજાનું The End.' તેણે છાપામાં ડોકિયું કર્યું પણ ચા વિના ચેન નહોતું પડતું.

બોલો શ્રી કૃષ્ણ કનૈયાલાલકી જે.

'હાશ ! જે બોલાઈ ગઈ. હવે ચાનો જોગ ખાશે.'

ત્યાં તો...

**જય આદ્યા શક્તિ મા જય આદ્યા શક્તિ**
**અખંડ બ્રહ્માંડ દીપાવ્યા પડવે પંડે મા... જયો જયો.**

'બાપ રે ! બીજી આરતી ! અરે યાદ આવ્યું આજે રવિવાર. અંબામાની આરતી લાંબી ય બહુ ! માર્યા ઠાર. નવ વાગ્યે ય ચા નહિ મળે. આજે તો ઘરમાં જેટલા ભગવાન એટલી આરતી. ચાલ અમૃત આજે તો ચા વિના જ સ્નાન પતાવી લે.'

તે બાથરૂમમાં ઘૂસ્યો. દશેક મિનિટમાં નાહી-ધોઈને નીકળ્યો. તેણે રસોડામાં ડોકિયું કર્યું... કર્પૂર ગૌરં કરુણાવતારં...

ઓહ ! નવ ને દશ.

અંબે માતકી જે...

'જે બોલાઈ ગઈ. હવે વાંધો નહિ.'

જય યોગેશ્વર દત્ત દયાળ...

લતાનો બુલંદ સ્વર ઘરમાં ઘુમરાઈ રહ્યો.

બાપરે ! દત્ત બાવની ! બીજી દશ મિનિટ.

તેની કમાન છટકી.
'જા રે જા. આતે કંઈ ઘર છે ? રવિવારેય શાંતિ નહિ. સાલુ એક ચા માટે...! તેણે ઊંચા લોહીના દબાણે પેન્ટ-શર્ટ ચડાવ્યાં, ને બહાર નીકળી સ્કૂટરને કિક મારી.
.... ..... ..... .....
જેવો તે ઠક્કરની સોસાયટીમાં દાખલ થયો ત્યાં જ વળાંક પર ઠક્કર પોતે જ સ્કૂટર પર મળ્યો.
'અલ્યા તું ક્યાં ચાલ્યો ? હું તારે ત્યાં જ આવતો હતો.'
'મંદિરે જાઉં છું.'
'તું યે મંદિરે જાય છે ?'
'રવિવારે જ જઈ શકાય. રોજ તો ઑફિસ !'
'હત્ તારીની. ઘરની દાઝી વનમાં ગઈ તો વનમાં લાગી લ્હાય.'
'કેમ ? કેમ ? આજ સવારના પહોરમાં લતાભાભી જોડે ઠેરી ગઈ ?'
'અરે યાર, સવારના પહોરમાં એક કપ ચા નસીબ ના હોય એ તે કંઈ ઘર કહેવાય !'
'હવે બળાપો કર્યા વગર ચાલ. રોડ પર ચાની લારીએ ચા પીએ.'
ઠક્કરે ચાનો ઑર્ડર આપ્યો
'ઠક્કર, મન તો એવું થાય છે કે કાલ ને કાલ લતાડીનાં દેવલાંને તળાવમાં પધરાવી આવું.
'અલ્યા, આવું તો ક્યાંક વાંચ્યું છે.'
સાચ્ચે જ !
પણ યાદ નથી આવતું ક્યાં વાંચ્યું છે. ચાલ હવે ચા પીને ઠંડો પડ.
પૈસા ચૂકવીને બંને ઊઠ્યા.
'ચાલ અમૃત, મંદિરે આવવું છે ?'
'હું તો કોઈ દિવસ જતો જ નથી.'
'કોક વાર જવામાં નુકસાન તો નથી જ.'
'પણ ફાયદો શું ?'
'મનની શાંતિ.'
'અરે એ બધાં દેવલાંએ મારા ઘરમાં અશાંતિ ઊભી કરી. સાલુ આપણા લોકમાં ભગવાનેય કેટલા બધા ! જાતજાતના ને ભાતભાતના. લતાડીના જેટલાં સગાં જાત્રાએથી આવે ને એક ભગવાનની છબી પ્રસાદ સાથે આવે જ. તને ઠક્કર નવાઈ લાગશે, પણ લતાડીએ એ બધાંને સાંકડમુકડ એવા ગોઠવ્યા છે કે બિચારા મુંબઈની ચાલીમાં રહેતા હોય એમ લાગે.'
ઠક્કરને હસવું આવ્યું.
'અમૃત, આજે તો તું ચાલ જ.'
'ક્યાં ?'
'સોમનાથ.'
'યાર, હું તો ક્યારેય મંદિરે ગયો નથી. ત્યાં જઈને શું કરવું તેય ખબર નથી.'



'જે હું કરું તે, બે હાથ જોડતાં તો આવડશે ને !'
'હા યાર, એ સહેલું છે.'
વળી બંનેએ સ્કૂટરની કિક મારી તે સીધા સોમનાથ.
બહાર સ્કૂટર પાર્ક કરી મંદિરના દરવાજામાં ઘૂસ્યા. લોકોની અવરજવર ચાલુ હતી.
લાંબે સુધી પથરાયેલી મંદિરની વિશાળ જગ્યા જોતાં અમૃત ઉવાચ...
'યાર ઠક્કર, મંદિરનું કૅમ્પસ તો બહુ મોટું લાગે છે.'
'મંદિરનું કૅમ્પસ ના કહેવાય.'
'એ જે હોય તે જગ્યા વિશાળ છે.'
પગથિયા ચડતાં જ સામે મોટું શિવલિંગ અને તેને ગોળ ફરતે બીજા બાર શિવલિંગ. અને પાછળ વિરાટ કદની મહાદેવની પ્રતિમા. અને ફરતે ત્રણે બાજુની ભીંતના ગોખલામાં પાર્વતી, ગણેશ ને કાર્તિકેય.
'યાર ઠક્કર, કે'વું પડે ! મહાદેવજીને ફૅમિલી સાથે રહેવા મોટો હૉલ ફાળવ્યો છે !'
'તું મૂગો રહીશ !'
'ના, ના, જાણતો નથી ને ! એટલે પૂછું છું. આ મહાદેવજીને બે જ છોકરાં, નઈ ?'
'તને સરખી ભાષાય આવડતી નથી.'
'ભગવાનના સંતાનને સંતાન જ કહેવાય.'
'ચાલ એમ તો એમ પણ 'બે બસ'નો રિવાજ ત્યારેય હતો તે મને ગમ્યું. તને તો ખબર છે ને ! મારેય બે કુળદીપક....'
'હા, હા... બધું જાણું છું. તું આગળ ચાલ.'
મંદિરના બીજા ભાગમાં પહોંચ્યા. ઠક્કરે ભાવથી નમન કર્યું. તેને જોઈ અમૃતેય હાથ જોડ્યા.
'ઠક્કર, આ રાધાકૃષ્ણની જોડી કેવી સરસ શોભે છે ?'
'મૂરખ, આ રાધાકૃષ્ણ ન્હોય.'
'તો ?'
'તને શું લાગે છે ?'
'મને શું લાગે ?'
'ભગવાનના હાથમાં શું છે ?'
'ધનુષ છે.'
'કૃષ્ણના હાથમાં કોઈ દી ધનુષ જોયું છે ?'
'હા' લ્યા, તે તો સુદર્શન જ યુઝ કરતા. તે હેં ઠક્કર, સાંદીપનિ ઋષિ ધનુષબાણનો પિરિયડ લેતા ત્યારે તે ગુટલી મારતા'તા ?'
'જો અમૃત, આજે તને સાથે લાવ્યો તે લાવ્યો... ફરી કદી નહિ લાવું. માળા મૂરખ, ધનુષબાણવાળા રામ સાથે સીતા દેખાતાં નથી ?'
'અરે હા ! આ તો રામ ને સીતા. તે હેં ઠક્કર, મહાદેવજીની જેમ આ લોકો ફૅમીલી સાથે નથી રહેતાં ? આઈ મીન લવકુશ સાથે.'
'હવે ચૂપ મરીશ ?'

'કંઈ વાંધો નહિ હોય એ તો. લતાના બંને ભાઈઓ માબાપ જોડે કોઈ દી રહ્યા જ નથી. પહેલેથી એમને બન્યું જ નથી.'

સામે જ હનુમાનજીની વિશાળ મૂર્તિ હતી.

'આ મૂર્તિ શાની છે તેની તો તને ખબર છે ને ?'

'બિચ્ચારા !'

'કોણ ?'

'આ હનુમાનજી. આખી જિંદગી રામનું વૈતરું કર્યું ને મેળવ્યું શું ?'

'અમૃત, તને ક્યાં કયા શબ્દો વાપરવા તે જ ખબર નથી. સ્વામીની તો સેવા કહેવાય. વૈતરું ના કહેવાય.'

'ચાલને ભાઈ તેમ તો તેમ, પણ સ્વામીએ પણ સેવકનું કંઈક તો ભલું કરવું જોઈએ કે નહિ ?'

'શું ?'

'પોતે અયોધ્યામાં ઠરીઠામ થયા પછી તેમને કોઈ સારી કન્યા શોધી પરણાવી શક્યા હોત. પણ સેવક સંસારી બને તે સ્વામીને કેવી રીતે પોષાય ? રાવણ સીતાને ઉપાડી ગયો, ત્યારે પોતે કેવા રઘવાયા રઘવાયા સીતે સીતે કરીને આથડતા'તા, ત્યારે આ જ સેવકે તેની બૈરી આઈ મીન પત્ની શોધી આપી હતી.'

'અમૃત, એક સલાહ આપું ?'

'આપ.'

'આજ મંદિરે આવ્યો તે આવ્યો, ફરી કદી ન આવીશ. મંદિર તારા જેવા ખણખોદિયા માટે નથી. ખણખોદ સિવાય તને કંઈ સૂઝતું જ નથી.'

કહેતાં ઠક્કર જતો રહ્યો. થોડી વારમાં અમૃતે ઠક્કરને શોધી કાઢ્યો. મંદિરના બીજા ભાગમાં રાધાકૃષ્ણની મૂર્તિ સામે હાથ જોડીને ઊભો હતો. અમૃત તેની પાછળ જઈને ઊભો રહ્યો. ઠક્કરને પૂછવામાં તેને ડર લાગ્યો. હમણાં જ ધમકાવી કાઢશે. બાજુમાં બીજું કપલ ભગવાનને વંદન કરી રહ્યું હતું.

'આ રાધાકૃષ્ણ જ છે ને ?' તેણે ધીરે રહીને તેમને પૂછ્યું.

'હા, તમને નથી ખબર ?'

'હું પહેલવહેલો જ આવ્યો છું ને એટલે. રાધા એટલે પેલા ગોકુલમાં તેમની ગર્લફ્રેન્ડ હતી એ જ કે બીજી ?'

'ગર્લફ્રેન્ડ !' પેલાં બંને અવાક્ બની જોઈ રહ્યાં.

'મીન્સ બહેનપણી, સખી...'

ઠક્કર આગળ ઊભો આ ડાયલૉગ સાંભળતો હતો. તેનું મગજ ધમધમી રહ્યું હતું. તેણે તરત પાછા ફરીને અમૃતનો હાથ પકડીને ઘસડ્યો ને બહાર જઈને ઊભો રહ્યો.

'માળા, તને તે શું કહેવું ?'

'શું કહેવું ?'

'તને મૂંગા મરતા નથી આવડતું ! જ્યાં ત્યાં છબરડા વાળે છે !'

'છબરડા હું નથી વાળતો. છબરડા તારા કૃષ્ણ કનૈયાએ વાળ્યા છે. આટલી બધી રાણીઓ છોડીને બહેનપણી સાથે શા માટે ફોટા પડાવવા જોઈએ ? રાસ રમવા જોઈએ ? મારા જેવા કેટલાય કન્ફ્યૂઝ થતા હશે.'

'અરે મૂરખ, એ કૃષ્ણની લીલા છે... તને ન સમજાય.'

'એટલે કૃષ્ણ કરે તે લીલા ખરુંને !'

'સાડી સત્તર વાર. હવે તારે ઘરે આવવું છે ?'

'ચાલ.'

'ઊભો રહે અહીંયા જ. પ્રસાદ લઈ આવું.'

ઠક્કર પ્રસાદ લેવા અંદર ગયો. અમૃત આમતેમ ડાફોળિયા મારતો હતો. ત્યાં જ એક પાંચ-છ વર્ષના છોકરાએ એનો હાથ ખેંચ્યો.

'અંકલ, મારે ઘંટ વગાડવો છે.'

'ક્યાં છે ઘંટ ?'

'પેલો રહ્યો.'

અમૃતે જોયું તો જમણી બાજુએ નાનકડું મંદિર અલગ તરી આવતું હતું. થોડી ભીડ હતી. તે બાળક સાથે ગયો.

'અહીં તું રોજ આવે છે ?'

'હા, મારી મમ્મી જોડે હું રોજ આવતો'તો. મમ્મી તો હવે નથી. હવે આ જ મા છે.'

'મા છે ?'

'તમને ખબર નથી ! આ અંબામા છે. બધાંની મા.'

અમૃતથી અનાયાસ હાથ જોડાઈ ગયા.

તેણે બાળકને ઊંચક્યો... ઘંટ વગાડ્યો. બાળક ખુશ થઈ દોડી ગયો.

થોડી વારમાં ઠક્કર તેને ખોળતો આવી પહોંચ્યો.

'લે આ પ્રસાદ.'

'ઠક્કર, આપણને તો આ અંબામા ગમ્યાં. એયને બધાંની મા. તે ઠક્કર, તું અંબામા વિશે કોઈ સ્ટોરી જાણે છે ?'

'મૂરખ, સ્ટોરી ના કહેવાય, કથા કહેવાય.'

'એ જો હોય તે. તું જાણે છે ?'

'ના, હવે એટલું જાણું છું કે મારું માથું દુઃખે છે. ઘરે જઈને ફરી ચા પીવી પડશે.'

'ચાલ હુંય આવું.'

'ના, આજે તો નહિ જ.'

r

આસ્વાદ

# કવિના રમ્ય ઇશારા

**વિનોદ જોશી**

**જાહેરમાં એ દમામ કે પાસ આવવા ન દે,**
**અંદરથી એ સજાગ કે છેટે જવા ન દે;**

**છોડ એવા શ્વાસને કે કશો એમાં દમ નથી,**
**જે મોતનો પસીનો સૂકવવા હવા ન દે;**

**તુજ દર્દ જોઈએ છે મગર આટલું નહીં,**
**થોડી કચાશ કર, મને પૂરી દવા ન દે;**

**એના ઇશારા રમ્ય છે પણ એને શું કરું ?**
**રસ્તાની જે સમજ દે અને ચાલવા ન દે;**

**એવા કોઈ દિલેરની સંગત દે, ઓ ખુદા !**
**સંજોગને જે મારું મુકદ્દર થવા ન દે;**

**આનંદ કેટલો છે બધી જૂની યાદમાં !**
**કિન્તુ સમય જો એમાં ખયાલો નવા ન દે;**

**કેવો ખુદા મળ્યો છે ભલા શું કહું 'મરીઝ' ?**
**પોતે ન દે, બીજાની કને માગવા ન દે.**

**– 'મરીઝ'**

'મરીઝ' સાહેબની આ ગઝલનો પ્રત્યેક શે'ર ઊંડાણ ધરાવે છે. ગાફેલ રહીએ તો તેની અર્થઘનતા સમજમાંથી છટકી જાય. એક અદનો શાયર જીવન અને જગતને કેવી બારીકાઈથી અવલોકી શકે તે અહીં શબ્દે શબ્દે અનુભવાશે.

પહેલા શે'રમાં જ જીવન જીવવાની બેવડી રીતનો હિસાબ અપાયો છે. 'જાહેર' અને 'અંદર' એવા બે શબ્દોથી બે સ્થાન દર્શાવાયાં, પણ એ બન્નેને જોડતી વ્યક્તિ તો એક જ છે. એ વ્યક્તિ દમામ એવો રાખે છે કે કોઈ પોતાની પાસે ન આવે. પણ અંદરથી એવું ઇચ્છે છે કે કોઈ પોતાનાથી દૂર ન જાય. અંદરની ઇચ્છા બહારના વર્તનને નિયંત્રિત કરી શકતી નથી અને બહારનું વર્તન અંદરની ઇચ્છાને અનુકૂળ નથી. આ પરિસ્થિતિ અકળાવી મૂકનારી છે. હરકોઈ આ પરિસ્થિતિમાં મુકાયેલાં છે. છીએ એવાં વ્યક્ત ન થઈ શકાય અને વ્યક્ત થઈએ તેવાં હોઈએ નહીં તે વિરોધાભાસ મનુષ્યજીવનની ક્રૂર નિયતિ છે. આનાથી વધારે તનાવ જીવનમાં બીજો કોઈ હોઈ શકે નહીં. આ શે'રને કોઈ પ્રેમી પાત્રના અર્થઘટનમાં



ઢાળી દે તેવુંયે બને. તો એમ પણ તેનો મિજાજ અનુભવી શકાશે. એક શબ્દ પણ આઘોપાછો ન કરી શકાય તેવી ચુસ્તીથી આ શે'ર રચાયો છે. અહીં 'એ' કહીને ચીંધવામાં આવતી વ્યક્તિ કેન્દ્રસ્થાને છે તે દઢ કરવા જ જાણે વારંવાર 'એ'કારાન્ત પ્રયોજાયો છે તેવું લાગે છે.

શ્વાસ અને હવાનું સ્વરૂપ એક છે પણ બન્નેનો સ્વભાવ એક નથી. શ્વાસની સાથે જીવન અને મૃત્યુ જેવા આરંભ અને અંત સંકળાયેલા છે. હવા તો સતત વહેતી પ્રક્રિયા છે. કવિ બહુ માર્મિક રીતે શ્વાસને તિલાંજલિ આપવાનું ફરમાન કરે છે. કારણ એ કે એ મૃત્યુનો પસીનો સૂકવવા હાજર રહેતો નથી. શ્વાસની વિદાય એટલે જ મૃત્યુ એ સર્વસ્વીકૃત વાતને અહીં લાક્ષણિક રીતે મૂકી આપતા કવિ શ્વાસની ભંગુરતાનો ખ્યાલ તો આપે જ છે પણ શ્વાસની માયાને અર્થાત્ જીવનને વળગી ન રહેવાની ભલામણ પણ કરે છે. અહીં ગની દહીંવાલાની એક ગઝલનો મક્તા યાદ આવે છે :

**'જો હૃદયની આગ વધી ગની તો ખુદ ઈશ્વરે જ કૃપા કરી,**
**કોઈ શ્વાસ બંધ કરી ગયું, કે પવન ન જાય અગન સુધી.'**

દર્દના ઉપચાર માટે પૂરી નહીં, અધૂરી દવા માગનાર દરદી દર્દ હજી ટકી રહે તેવી અભિલાષા સેવે છે. એ વિચિત્ર વાત છે. છતાં દર્દ જ એવું મીઠાશવાળું છે કે એ લંબાયા કરે તેનો મોહ છૂટતો નથી. ઘાયલ સાહેબનો એક શે'ર છે :

**'દુઃખ પ્રીતનું જ્યાં ત્યાં ગાવું શું ? ડગલે પગલે પસ્તાવું શું ?**
**એ જોકે વસમી ઠોકર છે પણ ખાઈ જવામાં લિજ્જત છે.'**

જે વસમું પણ હોય અને લિજ્જત આપનારું પણ હોય તે પ્રેમનું દર્દ રહેવાય પણ નહીં અને સહેવાય પણ નહીં તેની પ્રતીતિ કરાવે છે.

ચોથા શે'રનું ભાષ્ય કરવા બેસીએ તો પાનાનાં પાનાં ભરાય. 'એના ઇશારા' એટલે કોના ? એ ઇશારાઓ રમ્ય લાગે છે એટલે પ્રિય પાત્રના જ હોય. શક્ય છે કે પ્રકૃતિના પણ હોય. પણ જે રમ્યતાપૂર્વક કશુંક ચીંધે છે તે સૌથી વધુ રહસ્યમય હોય છે. તેમાં કેવળ આંગળી ચીંધ્યાનું પુણ્ય કમાવવાનો હેતુ હોતો નથી. તેથી અતિરિક્ત એવું ઘણું ઘણું તેમાં હોય છે. રસ્તાની સમજણ મળ્યા પછી એ રસ્તા પર ચાલી ન શકાય તો તેવો રસ્તો જાણ્યાનો લાભ નથી. પણ કવિ રસ્તાની શોધમાં ફંટાઈ પેલા ઇશારાનો મહિમા કરવાનું વધુ મહત્ત્વનું સમજે છે. અમિત વ્યાસનો એક શે'ર ફરી ફરીને યાદ આવે છે :

**'છે ભૂલા પડવાનો એક જ ફાયદો**
**કેટલા રસ્તા પરિચિત થાય છે !'**

એક રસ્તો આ રમ્ય ઇશારાની દિશામાં ચાલવાનો પણ હોઈ શકે છે.

જે કંઈ સારું-નરસું થાય તે નસીબને ખોળે પધરાવી દેવાનું અને એ રીતે સંદર્ભથી મુક્ત થઈ જવાનું ઘણાંને બહુ ગમતું હોય છે. કવિ એવા મિત્રની સંગત ઇચ્છે છે જે નસીબના સકંજામાં ધકેલાતી પોતાની જાતને રોકી એને એક સંજોગ કે પ્રસંગનું નામકરણ આપે. સંજોગ ઊભો કર્યાનો મહિમા કરી એને 'નસીબનો ખેલ' જેવી બેજવાબદાર સંજ્ઞાથી બચાવે. એમ કહી શકાય કે સંજોગો જ નસીબમાં લખાય એવા જીવનથી મુક્ત કરનાર દિલેર મિત્રની કવિને ઝંખના છે.

જૂની યાદને સંભારવાનો આનંદ તો ત્યારે લઈ શકાય જ્યારે રોજ રોજ ઉમેરાતી નવી નવી બાબતો અટકે. પણ સમયની બલિહારી છે કે જૂની યાદોને સંભારવાનો આનંદ નવી ઉમેરાતી બાબતો ઝૂંટવી લે છે. જીવનમાં પ્રસંગોના સાતત્યનો કોઈ અંત કે આરોવારો નથી જ. જૂનું યાદ કરવાના પ્રયત્નમાં નવું હોય તે પણ જૂનું થતું હોય છે. પ્રત્યેક સ્મૃતિ વર્તમાનને ગળી જનારી હોય છે.

મક્તાના શે'રમાં કવિ ખુદાને વિશે ઉપાલંભભર્યા ઉદ્ગારો કરે છે. 'પોતે ન દે, બીજાની કને માગવા ન દે' એવા ખુદાને ઠપકો આપવો શક્ય નથી, તો એને સજા કરવી પણ શક્ય નથી. કવિ જાણે છે તેમ પોતે કોઈકની પાસે તો હાથ લંબાવવા જ પડશે. કારણ એટલું જ કે ઘણાંને ઘણું ચૂકવવાનું બાકી છે. પણ ક્યાંયથી કશુંય મળતું નથી એ પરિસ્થિતિમાં કવિ લાચાર બની જાય છે. તેનો ખુદા પ્રત્યેનો આક્રોશ 'કેવો ખુદા મળ્યો છે' તેવા લૌકિક અભિપ્રાયમાં વ્યક્ત થઈ જાય છે. ફરિયાદ બેવડી છે. એક તો એ કશું આપતો નથી, બીજું, કોઈની પાસે માગવા દેતો નથી ! મનુષ્ય સંજોગોનો કેવો ગુલામ હોય છે તેનો ખુદા નિમિત્તે કવિ હવાલો આપે છે. જ્યારે કોઈને વિશે ફરિયાદ ન થઈ શકે ત્યારે ખુદાને જ દોષિત કરવામાં મનને સમાધાન મળે છે. દયનીયતાનો કોઈ ઉગાર ન હોય ત્યારે એ રસ્તો જ આસાન છે.

'મરીઝ' પોતાની એક બીજી ગઝલમાં લખે છે તે શે'ર ટાંકીને જ વાતનો અંત લાવીએ :

**'દુનિયામાં કંઈકનો હું કરજદાર છું, 'મરીઝ',**
**ચૂકવું બધાનું ઋણ, જો અલ્લા ઉધાર દે !'**

r




## કવિતા

**આંગ્લ-કાવ્ય-દર્પણ-૧ :** ઇકબાલ એમ. રૂપાણી, ૧૯૯૯, પ્ર. લેખક પોતે, પૃ. ૪૧૦+૩૦, રૂ. ૨૫૦/-. **અહીંથી ત્યાં સુધી :** બી. કે. રાઠોડ, ૨૦૦૬, પ્ર. બી. કે. રાઠોડ, ૧૦, ચંદ્રનગર સોસા., વઢવાણ-૩૬૩૦૩૦, પૃ. ૬૮, રૂ. ૫૦/-. **પરમને પત્ર :** શૈલેશ ટેવાણી, ૨૦૦૬, પ્રવીણ પ્રકાશન, રાજકોટ, પૃ. ૬૪, રૂ. ૭૫/-. **મૌનનો પર્યાય :** દેવેન્દ્ર બ્રહ્મભટ્ટ 'દેવ', ૨૦૦૬, પ્ર. દેવેન્દ્ર બ્રહ્મભટ્ટ, જલિયાણ, તા. નિકલવાડા, જિ. નર્મદા, પૃ. ૯૬, રૂ. ૬૦/-. **ત્રિવેણી (ગીત, ગઝલ અને ભજનસંગ્રહ) :** જયેશ ઠક્કર, નટુભાઈ પંડ્યા, નિર્ભયરામ પંડ્યા, ૨૦૦૬, પ્ર. જયેશ ઠક્કર, 'જીવનસંગીત', સી-૧૬૨૭, આનંદ હોલ સામે, શ્રીરામનગર, ભાવનગર-૨, પૃ. ૧૨૮, રૂ. ૫૦/-. **પ્રેમ પત્રોની વાત પૂરી થઈ :** ભરત વિંઝુડા, ૨૦૦૬, નવભારત સાહિત્ય મંદિર, અ'વાદ, પૃ. ૧૦૫, રૂ. ૭૦/-.





**વિદેશી સાહિત્ય**

# છાશિયો પ્રેમ

**જેઇમ્સ જોય્સ, અનુવાદક : સુરેશ શુક્લ**

**(પૂર્વભૂમિકા)**

ફેબ્રુઆરી ૧૯૮૩માં આઇરીશ પ્રજાએ જોય્સની જન્મશતાબ્દીની ઉજવણી કરેલી એ દિવસોમાં એમની વાર્તાઓ, નવલકથા અને કાવ્યોનું ફરી મૂલ્યાંકન કરતા વિવેચનલેખો પૂર્વ અને પશ્ચિમનાં સાહિત્યિક સામયિકોએ અને સાપ્તાહિકોએ પ્રસિદ્ધ કર્યા. જોય્સનું લેખનકાર્ય તેમના સમકાલીન વાર્તાકારો અને નવલકથાકારો કરતાં ઘણું ઓછું હોવા છતાં તેમની વાર્તાઓ 'ડબલિનર્સ' અને મહાનવલ 'યુલિસિસ' દ્વારા અપૂર્વ સિદ્ધિ મેળવી.

જોય્સનું નાનપણ ડબલિનમાં વીત્યું. સ્વજનો અને સ્નેહીઓમાં જોય્સ એક સામાન્ય પાદરી તરીકે જીવન વિતાવશે એવા પ્રકારની છાપ હતી કારણ કે મા પાસેથી જ ધર્મભાવનાનો વારસો મળેલો. જોય્સના સાહિત્યમાં ડબલિન શહેર અને આઇરિશ અણઘડ પ્રજાનો વ્યવહાર જોવા મળે છે. જોય્સે તો આવા સમાજથી દૂર રહેવાનું પસંદ કરેલું. 'એરેબી'... 'છાશિયો પ્રેમ' (Calf-love) આજે પણ અનેક કાચી સમજણના યુવાનો ચંચળતાને લીધે મનોવ્યથા ઊભી કરીને વિચારોના વમળોમાં ખોવાયેલા રહે છે. અહીંયાં એક વાસ્તવિક ચિત્ર છે. એક યુવાન હૈયું લાગણીવશ બનીને કેવી દોટ મૂકે છે ! પણ એ અહમ્ ઓગળે ત્યારે જ સાચી સમજદારી આવે. એક આશાસ્પદ યુવાન શારીરિક, માનસિક અને આર્થિક રીતે કેવો ખરડાય છે એ શબ્દચિત્ર સૌ વાચકોને માટે રસપ્રદ બને છે.

S

સામાન્ય રીતે રિચમંડ સ્ટ્રીટમાં નીરવ શાંતિ હોય જ, પણ ક્રિશ્ચિયન બ્રધર્સની શાળા છૂટે ત્યારે આખાય મહોલ્લામાં કાંઈક ધમાલ જણાય. મોટાભાગનાં મકાનોમાં ઠીકઠીક વસ્તી હતી. પણ મહોલ્લાના ચોકઠાથી દૂર એક છેડા ઉપર બે માળનું મકાન હતું એ તદ્દન નિર્જન લાગતું.

એ મકાનના દીવાનખાનામાં પાદરીનું હૃદય બંધ પડતાં આકસ્મિક મોત નીપજેલું. મકાન લાંબો સમય બંધ રહેતું હોવાથી ત્યાંના ઓરડાની હવામાં સૌ કોઈને ગૂંગળામણ જ થાય એ સ્વાભાવિક છે. એ મકાનના રસોડામાં પસ્તીના ઢગલામાં મને વૉલ્ટર સ્કૉટનું 'ધી ઍબટ', 'ધ ડિવોટ કોમ્યુનિસ્ટ', 'ધ મેઇકર્સ ઑફ વોડીક' જેવાં પુસ્તકો મળ્યાં. મને છેલ્લું પુસ્તક બહુ જ ગમ્યું કારણ કે એ પુસ્તકનાં પાનાં પીળાં પડી ગયાં હતાં. એ મકાનના ફળિયામાં એક સફરજનનું વૃક્ષ હતું અને બીજાં ફૂલઝાડ હતાં, ત્યાં ભાડુઆતની કાટ ખાઈ ગયેલી સાયકલ અને સાયકલમાં હવા ભરવાનો પમ્પ પણ પડ્યાં રહેતાં. પેલા સદ્ગત પાદરી તો ખૂબ જ ઉદાર હશે કારણ કે તેમની ઘરવખરી જે કાંઈ નાનકડી મૂડી હશે તેના વારસદાર તરીકે તેમની નાની બહેનને આપવા માટેની ચીજવસ્તુઓની સ્પષ્ટતા એમના વસિયતનામામાં કરેલી હતી.

શિયાળાના ટૂંકા દિવસોમાં મહોલ્લાનાં લોકો સાંજનું વાળુ વહેલું પતાવી લેતા, અને મોટાભાગનાં મકાનો સાવ સૂનમૂન લાગતાં. અવનિમાં તારલાઓનો પ્રકાશ બદલાતો પણ શેરીની બત્તીઓ તદ્દન નિસ્તેજ લાગતી. ક્યારેક ઠંડીનો ચમકારો લોકોને ઘરમાં જ ગોંધી રાખતો પણ અમે ક્યારેક મહોલ્લામાં દોડધામ મચાવી દેતા. અમારી બૂમબરાડાના પડઘા ન પડે એ માટે અમુક અંશે સાબદા રહેવાનો અચૂક પ્રયત્ન કરતા. અમારી ટુકડીનો નેતા અમને બધાને છેક ગામના પાદરે માટીના નાનકડા વિસ્તારમાં લઈ જતો. ત્યાં રાખના ઢગલાની વિશિષ્ટ પ્રકારની વાસ આવતી. તબેલામાં રહેતા ઘોડાગાડીવાળાઓ રોજીરોટી કમાવવા પ્રવૃત્ત થતા એવા સમયે લોકોના રાંધણિયામાંથી નીકળતો ઘટ્ટ ધુમાડો મહોલ્લાની બત્તીઓ પર એવી રીતે છવાઈ જતો કે રસ્તા પર ભાગ્યે જ પ્રકાશ પડે. અમારા મહોલ્લાના એક જૈફ વયે પહોંચેલા વડીલને આવતા જોઈને છોકરાઓ ક્યાંક ખૂણેખાંચરે સંતાઈ જવાનો પ્રયત્ન કરતા. અમારા સાથીદારોમાં મેરજટ્ તેની બહેનના અવાજને પારખીને પણ ઘર તરફ દોડી જવાનું પસંદ ન કરતો અને ક્યાંય લપાઈ જતો. પણ મારી નજર તો મેરજટ્‌ની બહેને અડધા ખુલ્લા રાખેલા બારણામાંથી પડતા પડછાયા પર ટકી રહેતી. દાદરના કઠેડાના ટેકે ઊભો રહીને હું તેને ટગર ટગર જોયા જ કરતો તેના હાવભાવ કેશગુંફન કરેલા ચોટલાને આમતેમ આગળપાછળ અફળાવ્યા કરતી. આ પ્રકારના નખરા જોઈને હું બહુ જ સ્વાભાવિક રીતે માનસિક સ્થિરતા ગુમાવતો.

લગભગ દરરોજ સવારે હું તેને તેના ઘરના આંગણામાં કામ કરતા જોતો. પણ મારા ઘરની બારીઓને પડદા હોવાને લીધે ક્યારેક એ પડદાને સહેજ બાજુ પર કરી ચોરીછૂપીથી તેની આખા દિવસની પ્રવૃત્તિ પર નજર રાખવાનું ચૂકતો નહીં. જ્યારે પણ તે ઘરના આંગણાની આગળ આવે ત્યારે તેનું નિરીક્ષણ કરવામાં ભારે ઉમળકો આવતો. ઘણી વખત હું પુસ્તકો લઈને આમતેમ દોડ્યા કરતો પણ મારી નજર તો એ દિશામાં જ રહેતી. સામાન્ય રીતે એ પ્રીતિપાત્ર મારી નજરમાંથી દૂર ન જાય એવો પ્રયત્ન કરતો પણ સંજોગો બદલાયા અને અમારી કેડી બદલાઈ. મેં તેનાથી દૂર જવા મિથ્યા પ્રયત્ન કર્યો. આજ દિન સુધી મેં તેની સાથે સામાન્ય વાતચીત કરેલી. ક્યારેય પણ મને મારા મનની વાત કરવાની તક જ ન મળી. પણ કોણ જાણે કેમ સામાન્ય સંજોગોમાં તેનું નામ સાંભળતાં હું રોમાંચ અનુભવતો.

આમ છતાં જ્યારે હું એ ચંદ્રમુખીના સાંનિધ્યની કલ્પના કરતો ત્યારે એ જાણે પ્રતિકાર કરતી હોય એવો જ ભાસ થતો. સામાન્ય રીતે દર શનિવારે મારે કાકા સાથે બજારમાંથી ખરીદી કરેલી ચીજવસ્તુઓની થેલી ઊંચકવા જવું પડે. એ વખતે રસ્તે જતા નશાખોરોના અને બજારુ સ્ત્રીઓના વિવાદ સાંભળવા મળતા, ક્યારેક શ્રમજીવીઓનાં નિરાશાભર્યાં વેણ સાંભળવા મળતાં, ક્યારેક રમકડાંની હાટડીઓવાળા એમના કર્કશ અવાજમાં રાહદારીઓને આકર્ષવા પ્રયત્નો કરતા તો ક્યારેક ચારપાંચ ભિખારીઓની ટુકડી ગીતો ગણગણતી સંભળાતી. આ પ્રકારના વાતાવરણને લીધે હું ચિત્રવિચિત્ર લાગણીનો અનુભવ કરતો અને ક્યારેક એમ પણ લાગતું કે જીવનસંગ્રામમાં મારે અસંખ્ય પ્રતિસ્પર્ધીઓનો સામનો કરવો પડશે. હવે હું ખૂબ જ સાબદા રહેવાનો પ્રયત્ન કરતો. દેવળમાં કે પ્રાર્થનાસભામાં મારાથી પેલીનું નામ ક્યાંય બોલાઈ ન જાય એ માટે હું ખૂબ જ સાવચેતી રાખતો થયો. કેટલીય



વાર તેને યાદ કરીને હું છાનુંછપનું રડી લેતો, તેના સ્મરણમાત્રથી મારું હૈયું ભરાઈ આવતું. સાચે જ ! અકળામણને શબ્દોમાં મૂકવાનું ખૂબ જ કઠિન છે. મારા ભાવિ વિષે વિચાર કરવાની સૂઝ નહોતી રહી. શું હું મારા અંતરમનની વાત મુક્ત રીતે કહી શકીશ ખરો ? આ પ્રકારનો પ્રશ્ન મને સતત સંતાપતો ! પરિણામે મારામાં અમુક પ્રકારની નિષ્ક્રિયતા આવતી અને હું તદ્દન મૂઢની માફક બેસી રહેતી. તો ક્યારેક જાણે મારું શરીર પેલી વીણાના સપ્તક તારનું અકલ્પ્ય ગૂંજન કરતો હોય એવો ભાસ થતો.

એક દિવસ આકસ્મિક રીતે મારે પેલા ઓરડામાં જવાનું થયું કે જ્યાં પાદરીનું અવસાન થયેલું. એ દિવસે ઝરમર ઝરમર વરસાદ પડતો હતો, ત્યાં એ સિવાય બીજા કોઈ પણ પ્રકારનો અવાજ નહોતો. વરસાદના છાંટા બારીના કાચ પર પડતા હતા એ અવાજ સંભળાતો હતો. મહોલ્લાની બત્તીઓ તદ્દન નિસ્તેજ લાગતી હતી. જાણે આખાય વાતાવરણમાં એક પ્રકારની ગમગીની છવાઈ ગઈ હતી. કોઈ યોગીની માફક મનને એકાગ્રતાથી જકડી રાખવાની ઇચ્છા થઈ પણ એ સુવિચાર કઈ પળે સરી પડ્યો તેની જરા પણ ખબર નથી રહી. આ પ્રકારની વ્યથા અનુભવતાં મેં અજાણતાં બંને હથેળીઓને ઘસીને કોઈક ક્ષણિક છુટકારો મેળવી લેવાનો નિરર્થક પ્રયત્ન કર્યો. એ પળે જ વિસરાયેલા પ્રેમગીતની ધૂન સંભળાઈ.

અને તેણે છેવટે મૌન તોડ્યું. શરૂઆતમાં તેણે શું કહ્યું એ મને અત્યારે જરા પણ યાદ નથી. એ વખતે મને જવાબ આપવાની સૂઝ ન પડી. એક વાતને હું પકડી શક્યો કે તે જાણવા ઇચ્છતી હતી કે હું તેને એરેબેમાં મળીશ કે નહિ ! એ દિવસથી મેં નિશાળના વર્ગમાં એકાગ્રતા ખોઈ. કોણ જાણે કેમ દિવસ કે રાત્રિની મારી જે કોઈ પ્રવૃત્તિ હોય – બેઠકના ઓરડામાં બેસવાની કે શયનખંડમાં સૂવાની – એ સૌમ્યમૂર્તિ મારા મનપટ પરથી દૂર જતી નહિ ! તેણે મારો અકલ્પ્ય રીતે પીછો કરવા માંડ્યો એટલું જ નહિ પણ એના ઉચ્ચારણનું સંગીત મારા સ્મરણપટ પર એટલું તાજું હતું કે એ ઘેલછામાં હું સરખી રીતે જકડાઈ ગયો. પરિણામે દર શનિવારે મારી કાકી સાથે હટાણું કરવા જવાની આતુરતા વધી અને વધુ એકાદ વાર લટાર લેવાની ઇચ્છા થઈ.

મારા બદલાયેલા વર્તનનું નિરીક્ષણ કાકીએ કરેલું હોય એ વિષે શું અનુમાન કર્યાં હશે એ કહેવું મુશ્કેલ છે. આ રીતે મનોમન ઘર અને બહારના મારા વ્યવહારમાં જ શેકાઈ ગયો. હવે તો વર્ગમાં વર્ગશિક્ષકને સામાન્ય પ્રશ્નોના જવાબ આપવામાં નિષ્ફળ જતો. પરિણામે એ સાહેબની મારા ઉપર અસીમ કૃપા હતી તે ગઈ. હવે તો એ સાહેબ મારી તરફ એવી કરડી નજરે જોતાં જાણે કે હું તો આળસનો એક મોટો પિંડ. હવે મને કોઈ જવાબદારીવાળું કામ સોંપવા જ તૈયાર નહોતું. મેં સામાન્ય કામ કરવામાં પણ ધીરજ, નિષ્ઠા, ચોકસાઈ ગુમાવી દીધી. કોણ જાણે કેમ મારામાં એક પ્રકારની નિષ્ક્રિયતા, ઘાંઘાપણું અને આળસ ઘર કરી ગઈ. શનિવારે મેં પેલા મેળામાં જવા રજા માંગી.

'હં... છોકરા, મને તારા ચેનચાળાની ખબર છે !'

કોઈ સમજદાર છોકરો વડીલની ટકોરનો જવાબ ન આપે તે શોભા એ રીતે મેં બચાવ માટેનો પ્રયત્ન આદર્યો.

હવે મેં પણ ઘરની બારીએ કે દાદરના ટેકે ઊભા રહેવાનું બંધ કર્યું. મિત્રો સાથે

મહોલ્લાના ચૌટે ઊભા રહીને ગપસપ કરવાનું બંધ કર્યું. નિશાળે જતા મિત્રો સાથે ધીંગામસ્તી કે ટીખળવૃત્તિ ગઈ. મારા હાસ્યનું ઝરણું સુકાઈ ગયું. એ કાંઈ ખબર જ ન પડી ! જાણે મને શુષ્કતાએ ચોતરફથી ઘેરી લીધો હોય એમ લાગ્યું.

સાંજે હું ઘેર જમવા આવ્યો ત્યારે મારા કાકા કામ પરથી નહોતા આવ્યા. આજે મેં શાંત.. સ્વસ્થ રહેવાનો સભાનપણે પ્રયત્ન કર્યો પણ દીવાલ પરની ઘડિયાળના કટકટ અવાજે મને અકળાવી મૂક્યો. ત્યાંથી બચવા હું ઉપરના ખાલી ઓરડામાં ગયો. આગળની બાલ્કનીમાં નીચે નજર કરીને જોયું તો પેલા મારા બાળપણના મિત્રો મસ્તીથી રમતા હતા. ક્યારેક વાદવિવાદ કરતી ચિચિયારીઓના અસ્પષ્ટ અવાજ સંભળાતા હતા. પણ હું બારીના શીતળ કાચને ટેકે મારું માથું ટેકવીને ઊભો રહ્યો. એ રહેતી હતી તે ઘર સામે નજર કરીને લગભગ એકાદ કલાક સુધી હું ત્યાં જ ઊભો રહ્યો. મારી કલ્પનાનાં બીબાંઓએ તૈયાર કરેલી એ સૌમ્ય મૂર્તિને ત્યાંથી વિહરતી જોઈ. થોડી વાર એ ત્યાં ઊભી રહી પણ ફરી એક વાર આછા પ્રકાશમાં તે ક્યાં અદૃશ્ય થઈ ગઈ એ કહેવું મુશ્કેલ છે.

જ્યારે હું ઉપરથી નીચે આવ્યો ત્યારે શ્રીમતી મર્સર્ટ ઠંડીને લીધે તાપણું કરીને ગરમાવો લેતાં હતાં. એ શરાફીની વૃદ્ધા ખૂબ જ વાતોડિયણ હતાં. તે નાના છોકરાઓને ખુશ કરવા પોસ્ટની વપરાયેલી ટિકિટનો સંગ્રહ કરતાં. અમારે ત્યાં ચાપાણીના સમયે ભારે ગપસપ કરતાં. સામાન્ય રીતે શ્રીમતી મર્સર્ટ ઠંડા હવામાનને કારણે ઘરની બહાર ફરી શકતાં નહિ. એમના ઘેર ગયા પછી મેં ઘરમાં થોડા આંટા મારી પૂછ્યું : ‘અરે ભગવાન ! શું આ અઠવાડિયે મેળે નથી જવું !’

બરોબર આ સમયે મારા કાકા મુખ્ય દરવાજાનું બારણું ખોલવા ચાવી નાંખતા હોય એવો અવાજ સંભળાયો. પેલા બારણાના ઉલાળા સાથે એમનો કોટ ભરાઈ જતાં એમણે કાંઈક બબડાટ શરૂ કર્યો. એ કદાચ ઓવરકોટના વજનને કારણે હશે એવું મારું અનુમાન છે. જ્યારે કાકા એ ભોજન પતાવી લેવાની તૈયારીમાં હશે ત્યારે મેં મેળે જવા પૈસાની માગણી કરેલી.

‘અરે, તમે કેવા છો ! આ છોકરાની વાત સાવ ભૂલી ગયા !’ કાકીએ પૂછ્યું.

‘અરે, પણ મહોલ્લામાં લોકોની પહેલી ઊંઘ પૂરી થઈ ગઈ !’ તેમણે કદાચ કાકીને ધીરેથી બોલવા નિર્દેશ કર્યો.

આ દરમિયાન મેં તદ્દન મૌન રાખ્યું. પણ મેં જોયું કે કાકી ખૂબ જ ઉત્સાહપૂર્વક મારી ભલામણ કરતાં હતાં.

‘આજકાલ તમે કેટલું મોડું કરો છો ?! આ બિચારા છોકરાને શું કામ ટટળાવો છો ! તમે જલ્દીથી પૈસા આપો તો તે અહીંયાંથી ઊપડે તો ખરો !’

‘ઑલ વર્ક ઍન્ડ નો પ્લે ધેટ મેઇક્સ જેક અ ડલ બૉય...’

આવી કહેવતોમાં મારા કાકાને અપૂર્વ શ્રદ્ધા. કોઈ આરબ જેમ વછેરાને બીજાને ત્યાં વળોટાવે એવી રીતે મેં વિદાય લીધી. હું રસોડાની બહાર નીકળું ત્યાર પહેલાં મારાં કાકીને કોઈક જૂનું પ્રેમગીત સંભળાવતા હોય એમ મને લાગ્યું.

મેં જરૂરી છૂટા પૈસા હાથમાં રાખીને બકિંગહામ સ્ટેશન તરફ જલ્દીથી પગ માંડ્યા. સ્ટેશન પર લોકોની ભારે ભીડ હતી. મેં ત્રીજા વર્ગના ખાલી ડબ્બામાં બેઠક મેળવી લીધી. નિયત સમયના બદલે ગાડી થોડી મોડી ઊપડી. ધીરે ધીરે ટ્રેઇને ગતિ વધારતાં નાનાંમોટાં



નદીનાળાંઓ અને તૂટેલાં ઘરની હારમાળા પાસેથી પસાર થઈ. વેસ્ટેન્ડરોન સ્ટેશને ગાડી રોકાઈ. પ્લૅટફૉર્મ પરના હમાલોએ મુસાફરોની સાથે ધક્કામુક્કી કરી દરવાજાના બારણેથી દૂર કરતાં કહ્યું : ‘આ ગાડી તો મેળે જશે !’

મને લાગ્યું કે આ સ્ટેશનનો જીર્ણોદ્ધાર થતો લાગે છે. અહીં સુધી આખા ડબ્બામાં હું એકલો હતો. સ્ટેશનની ઘડિયાળમાં નજર કરતાં ખબર પડી કે સમય ઘણો થયો હતો. સ્ટેશનની સામે એક ભવ્ય ઇમારત હતી.

હું મેળે પહોંચ્યો પણ મોટા ભાગની નાનીમોટી હાટડીઓવાળા – દુકાનવાળા વસ્તી કરી એ દિવસની પરચુરણ આવકનો હિસાબ કરતા હતા. એ પરચુરણનો ખણખણાટ રાહદારીઓ સાંભળી શકતા હતા. રવિવારે દેવળમાં પ્રાર્થના પછી જે રીતે શાંતિ છવાઈ જાય છે, એ પ્રકારની શાંતિ લોકોની ખરીદી પૂરી થઈ ત્યારે વાતાવરણમાં હળવાશ જણાઈ.

આ મેળામાં આવવા માટે મેં કેમ દોટ મૂકી એ ભૂલી ગયો ! પણ નાનકડા સ્ટોલમાં ઘરસુશોભન માટેની ચીજવસ્તુઓ જોવા ગયો. ત્યાંના પ્રવેશદ્વારે એક નમણી યુવતી અને યુવાન કાંઈક વાતચીત કરતાં હતાં. મારું ધ્યાન એ લોકો તરફ જવાનું કારણ તેમનાં અંગ્રેજી ઉચ્ચારણ જ હતાં.

‘આ પ્રકારનું મેં કાંઈ કહ્યું નથી !’

‘અરે ! તમે કહ્યું છે !’

‘પણ આ રીતે હું ક્યારે પણ ન બોલું !’

‘શું આ વાત તેણે નહોતી કરી !’

‘અરે રહેવા દે !’

મારી દિશામાં નજર કરતાં એ યુવતીએ મારી નજદીક આવીને પૂછ્યું :

‘શું કાંઈ જોઈએ !’

એ પ્રશ્ન તરફ કાંઈક અણગમો થયો. આ પ્રકારની વિવેકશૂન્યતાનો મને અનુભવ નહોતો. કેટલાક નોકરિયાત વર્ગના લોકો ફરજ ખાતર જ ફરજ બજાવે અને વાતાવરણને પળવારમાં શુષ્ક બનાવે. મેં વિનમ્રપણે એ લોકો તરફ જોઈને પેલા પર ગોઠવેલી ફૂલદાનીઓ તરફ નજર કરી અને પ્રવેશદ્વારના આછા પ્રકાશમાં પહોંચતાં હું બબડ્યો :

‘ના, આપનો આભાર !’

પેલી યુવતી ફૂલદાનીઓને ઊલટસૂલટ ગોઠવવા પહોંચી ગઈ. ફરી એક વાર એ યુવાનોની ચર્ચાનો વિષય એ જ હતો. આ સમય દરમિયાન પેલી યુવતીએ મારા તરફ નજર કરીને જોયું.

હવે એ સ્ટોલ સામે જોઈને મારે પેલી યાતના તાજી કરવાની જરૂર નહોતી એટલું હું સમજ્યો. પેલા મેળામાં ધીમે ડગલે લટાર મારી ઘેર પહોંચવા જેટલી છ પેન્સની બચત મારા ગજવામાં સલામત હતી. હજુ પણ એ બાલ્કનીમાંથી કોઈ વાર બૂમ સંભળાય છે. પણ મેળેથી તો મેં હતાશાનું ભારણ વધારી ઘર તરફ ધીરે પગલે પ્રયાણ કર્યું. આજે પણ એ પ્રીતિપાત્રનું સંભારણું સુષુપ્ત મનમાં કઠે છે !

r

વિવેચન

# અજ્ઞાત કવિકૃત ‘વસંતવિલાસ’

**ચિનુ મોદી**

## દીર્ઘ કવિતાની દિશામાં :

‘ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા’ અંતર્ગત મધ્યકાળની કૃતિ ‘વસંતવિલાસ’નું પુનઃ મૂલ્યાંકન નહીં પણ, આસ્વાદકર્મ કરવાનો છું. કોઈ પણ કૃતિની text એ ભાવક અને લેખક વચ્ચેની મિટિંગ પૉઇન્ટ હોય છે. લેખકની કૃતિમાંથી લેખકને અભિપ્રેત સૌંદર્યબોધ તારવવો એવું અનિવાર્ય નથી. ઘણી વાર ઉત્તમ કૃતિઓમાં ભાવક તરીકે આપણી જેમ જેમ સજ્જતા વધે તેમ તેમ એ કૃતિઓનું ભાવ-વિશ્વ વધુ ને વધુ વિસ્તરતું, વધુ ને વધુ ઊંડાણમાં લઈ જતું જણાય. આવી કૃતિઓ બહુ અલ્પ હોય છે કે જે ભાવકસજ્જતા સાથે વિકસતી જ જતી હોય છે. મધ્યકાળમાં નરસિંહ, મીરાં, અખો, પ્રેમાનંદ અને દયારામ આવી તક આપણને સુલભ કરી આપે છે. અજ્ઞાત કવિ ‘વસંતવિલાસ’માં ફાગુનું સ્વરૂપ લે છે. ફાગુનું કાવ્યસ્વરૂપ કથાગંધી રહેલું છે. જૈન ફાગુમાં સ્થૂલિભદ્રકોશા, નેમિનાથ રાજુ, યુગલોના સ્નેહ સંબંધે ખાસ કરીને વસંત અને વર્ષાને પશ્ચાદ્ભૂમાં રાખવામાં આવેલ છે. જૈન ફાગુઓની કથાનો અંત જૈન ધર્મ અનુસાર જ હોય પણ, અંત સુધી પહોંચતાં પહેલાં સંભોગ-શૃંગાર અને વિપ્રલંભ શૃંગારના વસંત અથવા વર્ષા દ્વારા ઉદ્દિપ્ત થયેલાં સંવેદનોને પ્રસ્તુત કરે છે. કોઈ એક કથાનકને લઈને ફાગુ કાવ્યસ્વરૂપ ચાલ્યું છે. જૈનેતર ફાગુઓમાં પણ, કૃષ્ણ-ગોપીને નાયક-નાયિકા તરીકે કલ્પીને વસંતનું વર્ણન કરવામાં આવેલું છે. કૃષ્ણ-ગોપીના મિલન-વિરહને વસંતની પડછે ફાગુમાં વ્યક્ત કરવામાં આવ્યું છે. ‘વસંતવિલાસ’ પહેલાં અજ્ઞાત કવિકૃત નારાયણ ફાગુ રચાયેલો છે. ઈ.સ. ૧૩૮૯માં આ ફાગુ રચાયો હશે એમ વિદ્વાનોનું માનવું છે. આ ફાગુમાં પણ કૃષ્ણ અને તેની પટરાણીઓ વનવિહાર કરવા નીકળ્યાં છે અને વસંતથી શૃંગાર અનુભવી રહ્યાં છે એનું આલેખન છે. આમાં રુક્મિણી સાથેનો કૃષ્ણનો વસંતવિહાર વિગતે આલેખવામાં આવ્યો છે. આમ, ફાગુ સાથે કથા જોડાયેલી છે પણ આપણો અજ્ઞાત કવિ ‘વસંતવિલાસ’ રચે છે ત્યારે કોઈ એક નાયક કે નાયિકાને કેન્દ્રમાં રાખતો નથી. સુરેશ જોશીથી ટેવાયેલું મન અજ્ઞાત કવિને એટલે પ્રશંસે છે કારણ કે કથાકાવ્યના સ્વરૂપમાં ઘટનાતત્ત્વના લોપત્વની આ કવિએ દિશા પકડેલી છે.

સુરેશ જોશી ટૂંકી વાર્તા અને નવલકથા બેઉમાં ઘટનાઓના ઘટાટોપનો વિરોધ કરે છે અને ઘટનાઓ નહીં, પણ ઘટનાઓથી નીપજતી સંવેદનાઓનો ગ્રાફ આલેખવામાં રસ લે છે. સુરેશ જોશીની ‘છિન્નપત્ર’, ‘મરણોત્તર’ ઇત્યાદિ નવલકથાઓ અને એમની ઘણી ટૂંકી વાર્તાઓમાંથી પસાર થયેલો હોવાથી ૨૦૦૬માં હું ‘વસંતવિલાસ’ વાંચું છું ત્યારે એમાં ઘટતત્ત્વની લોપત્વનો મને અણસારો મળે છે. અજ્ઞાત કવિ ‘વસંત વિલાસ’માંથી એક, નાયક-નાયિકા દૂર કરીને ઘટનાતત્ત્વનો લોપ કરે છે અને ઘટનાને બદલે સંવેદન ઉપર સવિશેષ



દૃષ્ટિ માંડે છે. એક નહીં પણ અનેક પ્રકારનાં યુવાનો અને યુવતીઓ વસંતપ્રસરણને જે ભાવવિભાવ અનુભવે છે એનું આ અજ્ઞાત કવિ ઝીણવટપૂર્વક આલેખન કરે છે અને ‘વસંતવિલાસ’ને માત્ર ઋતુકાવ્ય થતાં બચાવે છે. ‘વસંતવિલાસ’ એ સંસ્કૃત પરિભાષા પ્રમાણે ચિત્રકાવ્ય અર્થાત્ અધમ કાવ્ય નથી. અહીં વન ખાતાના અધિકારીની વનનાં વૃક્ષોની કેવળ યાદી નથી. અહીં વનરાજિ ઉપર વસંતના આગમનથી થતા ફેરફારોની મનુષ્ય પર પડતી અસરોને આલેખવાનો કવિએ મહિમા કર્યો છે એટલે અહીં કોરાંકટ વનવર્ણનો નથી, કોરાંકટ વસંત-આલેખન નથી. અહીં તો ‘વસંત વિજય’નો કાન્ત યાદ આવે એવું વસંત-આલેખન છે.

**‘ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય,**
**ચોપાસે વલ્લિઓથી પરિમલ પ્રસરે, નેત્રને તૃપ્તિ થાય.**
**બેસીને કોણ જાણે ક્યાંહિ પરભૃતિકા ગાન સ્વર્ગીય ગાય,**
**ગાળી નાખે હલાવી રસિક હૃદયને વૃત્તિથી દાબ જાય.’**

અર્થાત્ ધીમે ધીમે છટાથી આવતા વસંતને કારણે વાયુમાં કુસુમરજ હોય છે. કુસુમરજને કારણે ચારે તરફ સુગંધી પ્રસરે છે એવામાં કોણ જાણે ક્યાંથી કોકિલાનો ટહુકો થાય છે અને એ ટહુકતી સાંજે જ રસિક હૃદયોને એ હલાવીને ગાળી નાખે છે અને કામદેવના મિત્ર વસંતનું સામ્રાજ્ય વ્યાપ્ત થાય છે અને સંયમમાં રાખેલી વૃત્તિઓ ઉપરથી દાબ જતો રહે છે. આ વનમાં જે કોઈ છે એ સૌ કામાતુર થઈ જાય છે, રતિરાગી થાય છે. કાન્ત ‘વસંત વિલાસ’ને ઉકેલવા કેટલો બધો ખપ લાગે છે ! કાન્તના બીજા ખંડકાવ્ય ‘ચક્રવાકમિથુન’ સાથે પણ ‘વસંત વિલાસ’ને પરોક્ષ સંબંધ છે. ઘટનાતત્ત્વના લોપત્વનું ‘ચક્રવાકમિથુન’ ખંડકાવ્ય છે. ‘વસંતવિલાસ’ પણ કોઈ એક ઘટનાને આધારે રચાયું નથી. ચક્રવાક અને ચક્રવાકીની સાથે જોડાયેલી કિંવદંતીના આધારે આ કાવ્ય રચાયું છે. અહીં પ્રકૃતિ પાત્ર થઈને આવે છે. પાષાણો વચ્ચે પ્રેમની વૃત્તિ રાખનાર આ બે પંખી ક્રૂકુઅલ ટાઇમ ક્રૂર કાળનો ભોગ બને છે.

**“ઊંડાણોમાં પડી સૂઈ જતો નિષ્ઠુર પ્રાણ કાલ,**
**આ ઐશ્વર્યે પ્રણયસુખની, હાય ! આશા જ કેવી !”**

આનાથી તદ્દન વિપરીત ‘વસંતવિલાસ’માં વસંત વિપ્રલંભ અને સંભોગ બંને શૃંગારનાં સંવેદનોને પ્રસ્તુત કરે છે. અહીં પણ સમય જ છે. પણ, વસંતઋતુનો સમય છે. લલિત, શઠ, ધૂર્ત તથા તોફાની વસંતનું અહીંયાં તરલ પાત્ર થયેલું છે. વિપ્રલંભ વખતે આ વસંત વિરહના બાળી નાખતાં સંવેદનોને કોમળ ક્રૂરતાથી રજૂ કરે છે. વિરહિણીને પજવી પજવી નાંખતો વસંત ઋતુ છે. જયંત ખત્રીની વારતાઓને કારણે પણ ‘વસંતવિલાસ’ના આસ્વાદની દિશાઓ ખૂલેલી છે.

મને બરાબર યાદ છે કે ઈ.સ. ૧૯૫૭માં આ કૃતિમાંથી પહેલી-વહેલી વાર પસાર થવાનું થયું અને એનો અનુવાદ કર્યો તથા ઈ.સ. ૧૯૬૦ની આસપાસ ‘વસંતવિલાસ’ની શૃંગારરસની નિસ્બત અંગે લેખ કર્યો હતો ત્યાં સુધી વસંતવિલાસના મૂલ્યાંકન વખતે કાન્ત, જયંત ખત્રી, સુરેશ જોશી ઇત્યાદિ અનિવાર્ય બનશે એવી મને ખબર ન હતી. ઈ.સ. ૧૯૬૦ સુધી તો હું ‘કુમાર’માં સૉનેટ લખી ખાતો કવિ હતો. આધુનિક સાહિત્ય સાથે મારે કોઈ

લેવા-દેવા નહોતી પણ ક્રમશઃ 'ક્ષિતિજ', 'વિશ્વમાનવ', 'રે', 'કૃતિ' સૌને કારણે આધુનિકતા સાથે મારે આઇસબ્રેક થયો. અછાંદસ કવિતા, થિયેટર ઑફ ઍબ્સર્ડ, અસ્તિત્વવાદ, પરાવાસ્તવવાદ અને કલ્પન, પ્રતીકવાદી વિદેશી કૃતિઓ સાથે સઘન પરિચય થયો. ઍબ્સ્ટ્રેક્ટ પેઇન્ટિંગ્સ, જેરામ-ભૂપેન અને સાગડરના કારણે જોવાનાં આવ્યાં. ટૉલ્સટોયના બદલે દોસ્તોવસ્કી, કાફકા, કામૂ અને ઇબ્સનને બદલે બેકેટ, હેરલ્ડ પિન્ટર અને આઇનેસ્કો સાથે ઘરોબો થયો. ઈ.સ. ૧૯૬૮માં પીએચ.ડી. નિમિત્તે ગુજરાતી ખંડકાવ્યમાંથી પસાર થવાનું આવ્યું અને એમાં 'વસંત વિજય' અને 'ચક્રવાક મિથુન'ને કારણે 'વસંતવિલાસ' યાદ આવે. સુરેશ જોશીની વાર્તાઓમાંથી અને ધૂમકેતુથી ઘડાયેલી મારી ટૂંકી વાર્તાની વિભાવના શીર્ણ-વિશીર્ણ થઈ ગઈ. ઘટનાઓનાં ગચિયાંઓને ઠેકાણે બની ગયેલા એક બનાવનું સંવેદન-આલેખન સુરેશ જોશી પ્રતીક કલ્પન દ્વારા પોતાની ટૂંકી વાર્તાઓમાં અંકિત કરતા હતા. પહેલી વાર ઘટનાતત્ત્વના લોપત્વનો વિવેચનપદસમૂહ કાને અથડાયો અને એનો અર્થ પામ્યો ત્યારે ફાગુ જેવા કથાકારોથી અજ્ઞાત કવિએ સદીઓ પહેલાં ઘટનાને બાકાત કરી હતી એ યાદ આવ્યું. જયંત ખત્રીની 'ખરા બપોર' અને 'લોહીનું ટીપું' વાર્તા વાંચતી વખતે પ્રકૃતિ પાત્ર આકાર ધારણ કરે છે એવું અનુભવાયું અને ફરી પાછા 'વસંતવિલાસ'માં પ્રકૃતિને તરલ પાત્ર બનાવવામાં આવેલું તે યાદ આવ્યું. આમ આપણી સજ્જતા સાથે જે કૃતિ વિકસતી જાય એવી કૃતિઓનો મારે મન ભારે મહિમા છે. 'સાગર અને શશી' જેવાં વિરલ કાવ્યોની જેમ 'વસંતવિલાસ' પણ આપણી સજ્જતા અનુસાર વધુ ને વધુ ઊઘડતું જાય છે.

૮૪ કડીનું 'વસંતવિલાસ' ફાગુકાવ્ય છે અને એની રચનાસાલ લગભગ ઈ.સ. ૧૩૪૪ છે. અર્થાત્ નરસિંહ પૂર્વે ઝળહળ કાવ્યત્વની કોઈ કૃતિ હોય તો એ 'વસંતવિલાસ' છે. ફાગુ કથાકાવ્યનું સ્વરૂપ છે અને એમાં ઋતુવર્ણના એ મુખ્ય આશય છે. કથાને કારણે જૈન અને જૈનેતર ફાગુઓ પ્રમાણમાં ખાસ્સાં મોટાં છે. 'વસંતવિલાસ'માં કોઈ ઘટના નહીં હોવાને કારણે આ રચના લાઘવયુક્ત અને સુશ્લિષ્ટ છે. કેવળ ૮૪ કડીમાં આ ફાગુ પૂર્ણ થાય છે. એટલે અજ્ઞાત કવિએ આ કાવ્યને લંબાવ્યું નથી. અનિવાર્ય એટલી જ પંક્તિઓથી એમણે કાવ્યવિશ્વ ઊભું કર્યું છે. 'વસંતવિલાસ' એ કદાચ દીર્ઘ કવિતાની દિશા ચીંધનારું આપણું પહેલું કાવ્ય છે. મધ્ય કાળમાં અખાનું 'અનુભવબિંદુ', અર્વાચીન કાળમાં ઉમાશંકરનું 'વિશ્વશાંતિ', લાભશંકરનું 'માણસની વાત', સિતાંશુનું 'જટાયુ', ચિનુ મોદીની 'બાહુક' અને 'વિ-નાટક' દીર્ઘ કવિતાના નમૂનાઓ છે. આમાં સુરેશ જોશીના 'મૃણાલ' કાવ્યનો પણ સમાવેશ કરી શકાય. આધુનિક સમયમાં રચાયેલાં દીર્ઘ કાવ્યો વાંચ્યાં પછી 'વસંતવિલાસ'ને વાંચીએ ત્યારે એનું લાઘવ તરત ધ્યાન ખેંચે છે. આખીયે રચના પૂર્વયોજિત માળખાવાળી છે. ડૉ. કે. બી. વ્યાસે એના અગિયાર ભાગ પાડ્યા છે :

૧. મંગલાચરણ
૨. વસંતાવતારનું વર્ણન (૨થી ૭);
૩. કામીજનોના લાક્ષણિક વસંતવિલાસ (૮થી ૧૫);
૪. વનનગરમાં પુષ્પધન્વા અનંગરાજનું અપ્રતિહત સામ્રાજ્ય (૧૬થી ૨૨);
૫. કામદૂતી સમી કોકિલાનો માનિનીઓને અનુનય (૨૩થી ૨૬);
૬. સર્વત્ર વિહસતી વનશ્રીને નીરખતાં એકાકિની વિરહિણી નારીની તીવ્ર મનોવેદના (૨૭થી ૩૭);
૭. વિરહ કરાલિત વિરહિણીનો પ્રલાપ (૩૮થી ૪૫);
૮. વિરહિણીને થતા શુભ શુકન અને પ્રિયતમનું આગમન (૪૬થી ૫૦);
૯. પ્રિયમિલને હર્ષભરી સુંદરીના શૃંગારમંડન અને પ્રેમવિલાસ (૫૧થી ૬૯);
૧૦. પ્રિયતમને લાડપૂર્વક ટકોરતી વિદગ્ધ નાયિકાની અન્યોક્તિઓ (૭૦થી ૮૩);
૧૧. શ્રોતાગણને ધન્યવાદ આપતું ઉપસંહારાત્મક મંગલવચન (૮૪).





પહેલી અને છેલ્લી કડી એ પરંપરા અનુસાર પ્રારંભનાં મંગલાચરણ અને અંતના ઉપસંહારાત્મક મંગલ વચનની છે. અન્ય કોઈ દેવ-દેવીને નહીં પણ આ અજ્ઞાત જૈનેતર કવિ જેના જમણા હાથમાં વીણા છે અને જેને હંસનું વાહન છે તે સરસ્વતીની અર્ચના કરીને વસંતવિલાસ રચવાનો પ્રારંભ કરે છે. ૩૩ કરોડ દેવતામાંથી માત્ર સરસ્વતીને આ શુદ્ધ કવિ સ્મરણમાં લે છે. એ ઘણી મોટી વાત છે. એ જ રીતે ૮૪મી કડીમાં પણ ફલશ્રુતિમાં કોઈ ધર્મલાભ અથવા આ કે તે કામનાઓ ઈશ્વર પૂરી પાડશે એવી આશા વ્યક્ત કરતો નથી. આ અજ્ઞાત કવિ તો કહે છે કે વસંતના વિલાસનું વર્ણન કરીને જે ગુણીજન ગાન કરે છે તે ધન્ય છે. એ ભાવકને કોઈ લાલસા કે લાલચ આપતો નથી. મંજુલ વચનથી પ્રિયનું હૃદયરંજન કરવાના ઉપક્રમને જ આ કાવ્યનું એ શ્રેય લેખે છે. આમાં અજ્ઞાત કવિ પહેલી અને છેલ્લી બંને કડીમાં પોતાના પૂર્વજ અને અનુજ કરતાં ઊફરો ચાલેલો છે. એ ધર્માભિમુખ નથી અને કેવળ સૌંદર્યાભિમુખ છે એ મારા જેવા નાસ્તિકને અને સૌંદર્યાનુભવ માટે સતત ઇચ્છુક જીવ માટે નિરતિશય આનંદનો વિષય છે.

'મંગલાચરણ' પછી એ વસંતના અવતારનું વર્ણન કરે છે અને એને માટે ગણીને ૬ કડી રાખેલી છે. વસંતઋતુ આવી ગઈ છે. રાત્રિ અને દિવસનું સરખેસરખું કાલમાપ છે. તે શિવરાત્રિ પછી વસંત ઋતુ આવે; દિવસ પણ બાર કલાકનો અને રાત્રિ પણ બાર કલાકની, અર્થાત્ વસંતના વૈભવને પ્રસરેલો જોવા માટે આખો દિવસ, તો એના પ્રભાવ નીચે આવી કામોત્તેજના અનુભવવા માટે પણ રાત્રિના બાર કલાક – વસંત આવે એટલે દશે દિશામાં પરિમલ અને આકાશ નિરભ્ર બને. શૃંગાર વખતે બધું સ્વચ્છ જોઈએ. આકાશ પણ નહિતર બે ચંદ્ર સાથે કેવી રીતે દેખાય ? હેમંત ઋતુ ગઈ છે. વસંતનું અવતરણ થયું છે. પુષ્પમાંના મધુને પીને મધુકરો ગુંજારવ કરી રહ્યા છે અને આમ્રવૃક્ષો મહોરી ઊઠે છે. કોયલના ટહુકાઓ ત્રણે ભુવનમાં વસંતનો જયજયકાર કરી રહ્યા છે. પાણીમાં રહેલી પોયણી પરિમલ પ્રસારી રહી છે, જાણે કે સ્નાનસુંદરી ન હોય ! પદ્મા-પોયણી મલયગિરિથી આવતો સમીર મંદ મંદ વાઈ રહ્યો છે અને કામદેવ પથિકોના પથને રોકી રહ્યો છે અને છતાં વસંત વિશે પથિકો ઘર તરફ દોડી રહ્યા છે, તો બીજી તરફ રૂપના અભિમાનવાળી માનુનીઓના મનને મલયગિરિથી આવતો આ પવન ચલિત-ચલિત કરી રહ્યો છે, તો આ પવન એકબીજામાં, ઓતપ્રોત રહી સૂરત સંગ્રામને અંતે શ્રમિત થયેલા છે એને શાતા આપી રહ્યો છે. અજ્ઞાત કવિનો કૅમેરા એક પછી એક સ્નેપ્સ લીધા કરે છે. અહીં સુધી તો બધું બરાબર પણ સાતમી કડીમાં એ કહે છે કે આ વાયુ તો મુનિજનના મન પણ ભેદી નાખે છે. માનમાં ને માનમાં રહેતી રૂપવતી સ્ત્રીઓના માનને એ છેદી નાખે છે. એટલું નહીં, આ વસંતલ વાયુ કામીજનોના હૃદયમાં તો આનંદ-આનંદ ભરી દે છે અને **કંદએ પથિકપરાણ** અર્થાત્

પથિકના પ્રાણને ખાંડી નાખે છે, ખાંડવું ક્રિયાપદ કેવું દશ્ય ઊભું કરી આપે છે ? આ ૬ કડી વસંતાવતારનું વર્ણન કરે છે તો પછી ૮થી ૧૫ કડીમાં કામીજનોના લાક્ષણિક વસંતવિલાસને નિરૂપે છે. કેવો છે આ લાક્ષણિક વસંતવિલાસ ?

વનમાં કેળના મંડપ બનાવવામાં આવ્યા છે અને ઉપર આસોપાલવનાં તોરણ બાંધવામાં આવ્યાં છે. અને વિશ્રામ માટે જાળીવાળા ગોખ બનાવવામાં આવ્યા છે. વાવના આ પાણીમાં કસ્તૂરી અને કપૂર નાખવામાં આવ્યાં છે. કામક્રીડા માટે આખી રંગભૂમિ તૈયાર કરવામાં આવી છે અને એ ભૂમિ ઉપર કેસર ઘોળેલું પાણી છાંટવામાં આવ્યું છે. ચંપક વૃક્ષ ઉપર સોનાની સાંકળો જોડીને હિંડોળા બાંધવામાં આવેલા છે અને ત્યાં સૌ યુગ્મ સ્વરૂપે વિહરી રહ્યાં છે. પ્રત્યેક પુરુષ કામદેવ છે તો પ્રત્યેક સ્ત્રી રતિ. કન્યાઓનું એક ટોળું છે અને એના હાથમાં કચોળા છે જેમાં ચંદન છે. એનાથી એ પોતાના ઊરુમંડલને (સ્તનને) અર્ચવાની છે. ચંદનના વન વીંધીને અને સરોવરના જળમાં નાહીને સૌરભભર્યો શીતલ વાયુ દક્ષિણથી વાઈ રહ્યો છે, અહીં વન નગર સમાન થઈ ગયું છે. કમળ એ ભુવનરૂપ છે અને મધુકરો ચોકી કરી રહ્યા છે. અલિગણની અહીં આણ વર્તાઈ રહી છે. આખું દશ્ય જોતાં એમ લાગે આ વનમાં મનુષ્યો નહીં, દેવ-દેવીઓ ઊતર્યાં છે.

સોળથી બાવીસમી કડીમાં આ વનરૂપી નગરમાં પુષ્પધન્વા અનંગરાજનું અપ્રતિમ સામ્રાજ્ય સ્થપાઈ ગયું છે. અજ્ઞાત કવિ કહે છે : 'કામીજનોને માટે અતિશય પ્રાણપ્રિય બનેલ વન એક નગરમાં પરિવર્તિત થઈ ગયેલું છે. આ નગરનો રાજવી અનંગ છે અને રંગેચંગે રાજ કરે છે, પણ કોના પર ? અહીં નગરજનો તરીકે ભ્રમરો છે અને વસંત અમાત્ય છે. તરુવરો નિવાસસ્થાનો છે અને કામદેવના રાજ્યની ધજા કંઈ ? તો કહે કે કૂંપળ – સતત ફરકતી. અહીં કામદેવ, રતિ અને પ્રીતિ (નામની પત્નીઓ) સાથે વનમાં વિહરી રહ્યો છે. ચંદન અને ચંદ્ર એના મિત્ર છે. એ તો મહિપતિ છે. એનો તાપ-પ્રતાપ સહી શકાય એવો નથી હોતો. એ નવી નવી યુક્તિઓથી સૌ કોઈના મનમાં કામની પીડાને ભરી દે છે. એના હાથમાં પુષ્પનું ધનુષ્ય છે. આ ધનુષ્યની પણછ ભ્રમરોની હારમાળાથી બનેલી છે અને એ ધાર્યું નિશાન વીંધે છે. એના બોલ ઉથાપવાની કોઈનામાં શક્તિ નથી. એ કૂંપળની કટારીથી કોઈ પણ, રૂપગર્વિતાને રાડ પડાવી દે છે. રૂપગર્વિતાઓ પોતાનો ગર્વ ત્યજી દે છે તે કેવળ કામદેવની સત્તાના પ્રભાવે – ત્રેવીસથી છવ્વીસ કડીમાં કામદૂતી તરીકે કામ કરતી કોકિલા રૂપગર્વિતા નારીઓને કહે છે કે, ''કામદેવના આદેશનું પાલન કર. જો તારા પયોધર સુદઢ નથી રહેવાના. વય જતાં શિથિલ બનવાના છે ત્યારે એ ગમાર સ્ત્રી શેના માટે માન માંગે છે ? તારા નાથનો તિરસ્કાર ન કર, આવા વખતે ક્રોધ સમેટી લે. વસંત ઋતુ ચાલે છે. મદનની આણ પ્રવર્તે છે. એની સામે કાંઈ થઈ શકતું નથી. હે અજ્ઞાની સ્ત્રી ! તારા હૈયાને એ હણી નાખશે માટે કામદેવને વશ થા અને કામક્રીડામાં લીન થા.'' કોયલના આ સંદેશાઓથી યુવતીઓના મનોરથ પૂર્ણ થાય છે. વિયોગિની સ્ત્રીઓ કોયલનો આ સ્વર સાંભળીને ધ્રૂજે છે અને કામદેવ કૂજે છે.

સૌથી વધારે રસપ્રદ સત્યાવીશથી આડત્રીસ કડી છે. ખરું કવિકર્મ અહીં છે. ચારે બાજુ વસંતનો વૈભવ વ્યાપી ગયો છે. અનેક યુગલો વનમાં વિહાર કરી કામક્રીડા કરી રહ્યા છે અને ત્યારે એક એકાકીની વિરહિણી નારી એકલતાના શાપે દુઃખી દુઃખી થઈ ગયેલી



છે. જેમ જેમ વનરાજિ ખીલતી જાય છે તેમ તેમ રૂપગર્વિતાઓનો પ્રણયપ્રકોપ ઓસરતો જાય છે. સૌ યૌવનના આવેગથી મદમત્ત થાય છે. કેટલાંક દંપતી ગજગતિએ ચાલે છે અને એમને જોઈને વિરહિણી નારી વિરહના અગ્નિથી દાઝી પ્રલાપ કરે છે. મધુકરો કેસરયુક્ત અનેક કળીઓ ઉપર ઘૂમી રહ્યા છે. જાણે રતિપતિ કામદેવની સવારી પ્રસંગે, સુભટો શંખ ફૂંકીને ન આવ્યા હોય ! બકુલના પુષ્પમાં બદ્ધ થયેલા ભમરાઓ ગુંજારવ કરી રહ્યા છે; એમ સમજોને કે બંદીજનો ગુણગાન ગાઈ રહ્યા છે.

**'ચાંપુલા તરુઅરની કલી નીકલી સોપ્રન વાનિ ।**
**મારમારગઉદીપક દીપક કલીય સમાન ॥'**

ચંપાનાં વૃક્ષોની કળી સુવર્ણ જેવા રંગે પ્રસ્ફુરિત થઈ છે અને તે કામદેવના રસ્તાને અજવાળતી દીપિકા જેવી લાગે છે. પાટલના ત્રાંસાં ફૂલ કામદેવે તીક્ષ્ણ તીરોનું બાંધેલું ભાથું છે અને પરાગ તે અમૂલ્ય બાણનો સમૂહ છે. આંબાની મંજરી પર ભમરાની હાર ઊડી રહી છે. વિરહી જનોના હૈયે કામદેવ જાણે અગ્ન્યાસ્ત્ર ના ફેંકી આવ્યા હોય ! કિંશુકની કળી બહુ વાંકી, કામદેવ એ આંકડીથી તો વિરહિણીના કાળજાને તત્ક્ષણ બહાર ખેંચી કાઢે છે. આ કુસુમાયુધ ભારે યોદ્ધો છે. અશોકવૃક્ષ એનું અસ્ત્ર છે. નવી કૂંપળ એની તલવાર છે. વિરહિણીઓ તો એને જોઈને જ ભડ ભડ ભડકે બળે છે. આ તે સુકોમળ કેતકીપત્ર છે કે પથિકોને બિવડાવનાર ધૂમકેતુ ! આ તો વિરહીઓના હૃદયને ક્ષણે ક્ષણે કાપનાર કરવતની ધાર છે. વિરહિણીઓને મન વસંત મહોરેલું વન કેવું વિભીષણ થાય છે. એનું કવિએ સરસ આલેખન કર્યું છે. આવી વિરહી નારીઓને રાત્રે જેમ જેમ નાથ યાદ આવે છે તેમ તેમ એમની આંખો આંસુઓથી ભરાઈ જાય છે. સત્તાવીસથી આડત્રીસ કડીમાં ૨૯, ૩૧ અને ૩૪મી કડી વારંવાર યાદ કરવામાં આવે છે. કારણ એમાંનું કેવળ અલંકાર-આયોજન નહીં – પણ લય આયોજન કારણરૂપ બને છે. ૩૭થી ૪૫માં વિરહિણી નારીનો પ્રલાપ છે. અનેક રીતે એ મનના ઊભરા કાઢે છે. સુંદર વસ્ત્રો અને આનંદપ્રમોદને તે તૃણવ લેખે છે. એ કોયલને કહે છે કે ટહુકવાનું બંધ કર, શું બહુ બોલ-બોલ કરે છે ? હજી મારા નાથ તો આવ્યા નથી અને એથી આ વસંતના વૈભવ મને ગમતા નથી. આ છાતી પર લટકતો હાર મને ભારરૂપ લાગે છે અને શરીરના શણગાર અંગારા મારતા લાગે છે. સ્તનો ઉપરનો ચંદનનો લેપ શીતલ નથી લાગતો અને આ ચંદ્ર સહેજે મનોહર નથી લાગતો. દરેક દીકરીને દુઃખમાં મા સાંભરે... આ વિરહિણી નારીને પણ મા યાદ આવે છે. આમ તો મા સાથે પ્રેમની પીડાની વાત થાય નહીં, તો પણ દુઃખ જ એટલું છે કે એ વિવેક ભૂલી ગઈ છે. એ કહે છે કે, 'મા, મારું દુઃખ કેમેય પૂરું થતું નથી. સુંદર વસ્ત્ર દીઠાંય ગમતાં નથી. ભોજન તો આકરાં લાગે છે અને પાણીનો સ્વાદ મીઠો લાગતો નથી. હે ચંદ્ર ! તું ચોસઠે કળાનો પારંગત છે. પણ આમાં મારા શરીરને શીદને સતાવે છે ? તું તો કલંકિત છે; મને હેરાન કરીશ તો તને પાપ લાગશે' અને પછી ભ્રમરને કહે છે, 'તું મારો કેડો કેમ નથી મૂકતો. વિરહથી અમે જર્જરિત થઈ ગયા છીએ જોતો નથી ?' પ્રમત્ત થયેલી નાયિકાનો આ બબડાટ છે, જલ્પન છે, બેબલિંગ છે. એટલે અહીં કોઈ ક્રમ નહીં હોય, લૉજિક નહીં હોય. ચંદ્રને એક વાર ભાંડી ચૂકેલી બીજી વાર ચંદ્રને પણ ભાંડે. ચંદ્રને કહે છે કે : 'મારા શરીરને તું સંતાપે છે પણ તારે ને મારે શું વેર છે ?' અને પછી અચાનક

જ સખી તરફ મુખ રાખીને કહે છે કે : 'જોને આ કામદેવ, મારા મનને વલોવી રહ્યો છે, મનને મથી રહ્યો છે. વલોવવાનું અટકાવતો જ નથી. મારા પ્રત્યેક અંગને એ શોષી રહ્યો છે અને શત્રુતા વધારતો જ જાય છે. હે સખી ! તું મારા પ્રિયતમની વાત કર. કેમ કે એના વગર મારી રાત જતી જ નથી. આ મકરધ્વજ (કામદેવ) અસહ્ય છે અને મારું ચિત્ત ઠરીઠામ થતું જ નથી. પણ, કહું ? છેલ્લી બે ઘડીથી મારી જાંઘ ફરકી રહી છે. હવે નક્કી મારાં દુઃખ પૂરાં થશે અને નક્કી મારા પ્રિયતમના સમાગમનું હું સુખ પામીશ !'

ઉપરની ૪૬મી કડીથી ૫૦મી કડી સુધી નાયિકાને શુકન-અપશુકન થતાં હોય એમ લાગે છે. ઘડીકમાં એની જાંઘ ફરકે છે તો ઘડીકમાં કાગડાને બોલતો જોઈને વિરહ દૂર જતો લાગે છે. જેને કારણે આ વિરહ દૂર થતો લાગ્યો તે કાગડાને વિરહિણી નારી કહે છે : 'તારી ક્રા-ક્રાને ધન્ય છે. તને હું દહીં-ભાતનાં ભોજન આપીશ. કારણ કે તારે કારણે તો પિયુ આવવાનો સંદેશો મળે છે. જો મારો પિયુ મારી સાથે ને સાથે રહેશેને તો હું રોજ તને દહીંભાત જમાડીશ. કાગવાસ નાખીશ ને એ પણ કપૂરની સુગંધવાળી નાખીશ. તું ફરીથી ક્રા ક્રા બોલ, તારી ચાંચને હું સોને ઘડી આપીશ અને તારી બંને પાંખ રૂપાની બનાવી આપીશ.' અને ત્યાં તો શકુન પ્રમાણે વાલમ આવ્યા અને નાયિકા હરખભેર પોતાના પ્રિયતમને આલિંગનબદ્ધ કરે છે. આ મિલનશૃંગાર ૫૧થી ૬૯ કડી સુધી ચાલે છે.

કહે છે કે સુંદરી હર્ષથી રંગે રમી રહી છે એના પ્રપુષ્ટ સ્તન એને નમણી બનાવી રહ્યા છે. નાતના સહવાસથી એ જે સુખ પામે છે તે વર્ણવી શકાય એમ નથી. પ્રિયના સમાગમથી એનાં અંગો મનોહર થયાં છે. નાયિકાએ અંબોડામાં કેતકીનાં પુષ્પો નાખ્યાં છે અને પારદર્શક શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં છે. તેના અંગને કારણે તે મદાલસા લાગે છે. એના કાને વીજળી ચમકી રહી છે અને ભાલે બીજનો ચંદ્ર, તેના ગૌર ગાલ કલંકિત ચંદ્રનો ઉપહાસ કરે છે. ગોરાંદેના ગાલને ચંદ્રની જેમ ડાઘ નથી. એના મુખ પાસે નલિન પુષ્પ મલિન લાગે છે અને કવિ કહે છે કે કમળપુષ્પ ! તારે જો આ સુંદરીના મુખ સામે ટકવું હોય તો જળમાં જઈને સ્નાન કરી આવ અને એ દાડમ ! તું તો તારા દાણા દેખાડીશ જ નહીં, એની શ્વેત દંતપંક્તિ પાસે તું ઝાંખું ઝાંખું લાગીશ. એના કાને મણિજડિત કુંડળ છે. એના કંઠમાં પંચમ સ્વર છે અને ગળામાં મૌક્તિકની માળા છે. કવિ કહે છે કે 'એની અલગ લટને હું ભૂજંગ કહું કે, કામદેવની ઝૂલતી તલવાર, એનાં નેત્રો ઉપરની ભ્રમર એ તો કામદેવનું ધનુષ્ય છે. સેંથામાં સિંદૂર, લટમાં મોતી, માણેકથી જડેલું શીશફૂલ અને આ શીશફૂલ નાગને માથે મણિ ન હોય એવું લાગે છે. ખેર, એના મુખના સૌંદર્યથી તો મુનિવરોનાં મન પણ ચલિત થાય છે. એ નાયિકા જાણે કામદેવનો રથ ન હોય એમ લાગે છે અને એના બે કુંડળ રથના બે ચક્ર ના હોય ! દષ્ટિથી એ હરણને હરાવે છે. એના હોઠથી પરવાળા ઝાંખા-ઝાંખા થઈ જાય છે. એનું નાક તલના પુષ્પ જેવું પાતળું અને સીધું છે અને કેડ મૂઠીમાં સમાય એવડી. કૂંપળ જેવા કોમળ હાથ અને હથેળી તો મહેંદી લગાડી હોય એવી રાતીચોળ. એના બાહુઓ કમળની દાંડલી જેવા છે અને પાતળી કટિના કારણે સિંહ પણ પરાસ્ત પામે છે અને એના મુખ માટે કોઈ ઉપમાન શોધવું શક્ય જ નથી. એના બે સ્તન જાણે અમૃતના કળશ છે અને સ્તન ઉપરનો એનો હાર એ જાણે કામદેવની થાપણ ઉપર રક્ષણ માટે મૂકેલો સાપ છે. સૂરત-સંગ્રામમાં યોદ્ધા જેવા એના સ્તન સહેજે નમતા નથી



અને પતિ સામે ચોળીરૂપી બખ્તર પણ એ ત્યજી દે છે. નાયિકાની નાભિ એ તો ઊંડું સરોવર છે. એના ઉદર ઉપર પડતી ત્રિવલ્લી એ તો જાણે સરોવરના તરંગ છે અને એણે કંદોરો પહેરેલો છે જે એની ઊરુઓને શોભાવે છે. એની ઊરુ કહેતા જંઘાને કોઈ ઉપમા આપી શકાય એવી નથી. એના કરમાં કંકણ છે, પગમાં નૂપુર છે અને બાહુઓમાં બાજુબંધ પહેર્યો છે અને એક કોલાજ કવિ જાતભાતના સ્નેપ્સ લઈને આંખવગો કરી આપે છે. કોઈ એક સુંદરી લટકા સાથે લોચન મીંચી રહી છે. તો બીજી હિંડોળા પર હીંચી રહી છે તો અન્ય પોતાના પ્રિયને પ્રેમ વ્યક્ત કરવા કમળની દાંડીથી પ્રહાર કરી રહી છે અને ચોથી જલક્રીડા કરી રહી છે. આ ૬૯મી કડી કૉલાજ રચતી પહેલી કવિતા છે એનો અનુવાદ મેં કંઈક આમ કર્યો છે :

**'લટકે લોચન મીંચતી, હિંચે હિંચકે એક,**
**કમળ વડે પિયુ પીઢડતી જળથી ઘેલી છેક.'**

૭૦થી ૮૩મી કડી અન્યોક્તિની છે. કોઈ એક નાયિકા મુખ મચકોડે છે અને નાયકના લલિત સુકુમાર અંગને મટકે છે. વાનથી સુવર્ણને ઝાંખું પાડે છે. કંટકોથી ભરચક એવા કેવડામાં પેસીને રસિક ભમરો કેવડાના પરિમલને પામે જ છે. પાટલ પુષ્પની કળી અતિ કોમળ છે. પણ, હે ભ્રમર ! તું એને ચૂંથી નાખીશ નહીં, તું એનાથી આકર્ષાયો છે, બરાબર છે પણ હજી એ કાચું દહીં છે એને વલોવ નહીં. નાયિકા હજુ પૂરા વેશમાં ન આવી હોય અને કાચી કળી હોય અને આવી કાચી કળીને કોઈ ધીટ નાયક મેળવવા પ્રયત્ન કરતો હોય, એવી નાટ્યાત્મક પરિસ્થિતિમાં કોઈ નારીની આ ઉક્તિ છે. બીજા નાયકને ઠપકો આપતાં કહેવામાં આવે છે કે, તું બોરસલ્લીમાં આસક્ત થયો છે, પણ બિચારી માલતીને તું વિસરી જ ગયો છે. માલતી પાસે હવે યૌવનસંપત્તિ નથી એટલે આ ભ્રમર મને તો મારા સ્નેહમાં રત લાગેલો. પણ, ખરેખર તો સખી એ નમણા ડમરાનાં પુષ્પોને ભોગવી રહ્યો છે. ડમરાને તો રોજ રોજ ભોગવાય પણ, આ અપૂર્વ મોગરાને ભોગવવા એ ભમ્યા જ કરે છે. જાણે, કસ્તૂરી મૃગ ન હોય ! વાવમાં પ્રવેશવાનો માર્ગ મળતો નથી કારણ કે તું કોઈ મિથ્યા સંબંધની કામના કરી રહી છે. હે કેસૂડા ! રખે અભિમાન લેતો કે મારા પર આવીને ભ્રમર બેઠો છે; એ તો માલતીવિરહથી એટલો દગ્ધ થયો છે કે તને અગ્નિ જાણીને આત્મહત્યા કરવા ત્યાં આવ્યો છે. હે સખી ! ભ્રમર ચંપાની તો પાસે પણ જતો નથી કારણ કે એનામાં સુવાસનો અભાવ છે. સુંદર વસ્ત્રોનું કેવું દુર્ભાગ્ય હોય છે ! અગરનું વૃક્ષ, વાંસ આ બધાંને કોરતો ભમરો અહીંથી ભમ્યા કરે છે. અરે એ મૂર્ખ ભ્રમર ! પ્રેમથી સુંદર દેખાતી જાઈ ચાલી ગઈ. તું એનો વિચાર ના કર. એ બાલા સંગે પ્રીતિ જોડ. એક થડ ઉપર બે લતાઓ નથી હોતી ? તું શું કામ આ બંનેની વચ્ચે અથડાઈને દુઃખી થાય છે ? બંનેને ભોગવને ! જો આ કમલિની છે. એનામાં ભરચક મકરંદ છે. આ રસ ગ્રહણ કરી દે. જો આ ક્ષણે ચૂકીશ તો પછી એનાં દર્શન શક્ય નહીં બને. તું આ બધાંને છાંડી દે. પલાશ, આંબા, આંબલી જો – સ્તનભારથી નમેલી આ કરેણ સાથે વિલાસ કર. ભમરો ડમરાના ગુણમાં મદમત્ત બન્યો છે. એના રૂપમાં આસક્ત થયો છે. એ અનેક કુસુમોને રમાડી રહ્યો છે અને અન્ય પુષ્પોનો સંગ ત્યજી ચૂક્યો છે. ટૂંકમાં, ભ્રમરને કામજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું છે. વસંતવિલાસકાર ખૂબીથી કામશાસ્ત્રની કારિકાઓ ઉપર કારિકાઓ પ્રસ્તુત

કરે છે. વસંતના આગમનની એંધાણીઓથી શરૂ થયેલું કાવ્ય વસંતના પરિપૂર્ણ પ્રાગટ્ય ટાણે પૂર્ણતા પામે છે. બહુ ઝીણવટથી 'વસંતવિલાસ'ની સૃષ્ટિને જાણ્યા, માણ્યા અને નાણ્યા પછી એમ અચૂક કહી શકાય કે આ અજ્ઞાત કવિને લાઘવની ફાવટ છે – એની ગતિ શર ગતિ છે. અંકોડે અંકોડા અહીં એકબીજા સાથે ચુસ્ત રીતે ભિડાયેલા છે. આ કાવ્યને ફિલ્મની ટેક્નિક મુજબ એડિટ પણ કરવું હોય તો માંડ ૪થી ૬ કડી જ કાઢી શકાય એમ છે. અહીં ક્રમશઃ કથાનો ગ્રાફ ખૂલતો જાય છે. એક પણ, ઘઠના ન હોવા છતાં વસંત, કામદેવ વનરાજિ, ભ્રમર, કોકિલા, એકાધિક નાયક-નાયિકા આ આખીયે કૃતિને ભરચક-ભરચક કરી દે છે. વસંતની પશ્ચાદ્ભૂમાં કવિએ કામક્રીડાને આલંબન બનાવી નાનીમોટી અનેક ઘટનાઓ સર્જી છે. અહીં નાયિકાનો રોષ પણ છે. સખીઓની ભ્રમર દ્વારા નાયકોને વઢીને શિખામણ આપવાની નાટ્યાત્મક પરિસ્થિતિઓ પણ છે. કેટલાક ધીટ નાયકોને કાચું દહીં નહીં વલોવવાની શિખામણ પણ છે. જે છે એને તત્કાલ ભોગવી લેવાની અજુગતી લાગતી ભલામણો પણ છે અને છેવટે ભ્રમર અર્થાત્ નાયક અજ્ઞાત કવિની તાર્કિક દલીલથી છેવટે બધું જ મૂકી દઈને વસંતે વ્યાપ્ત ગમતાં પુષ્પને ભોગવી લે છે. અહીં અજ્ઞાત કવિ કાવ્યની ઇતિ લેખે છે. સુશ્લિષ્ટ અને સંઘેડાઉતાર આ કૃતિ છે.

અપૂર્વ અલંકાર-આયોજન, અપૂર્વ રસમિશ્રણ અને કામ અંગેની અપૂર્વ વિભાવનાઓ આ કાવ્યને સમગ્ર ગુજરાતી સાહિત્યમાં નોખું સ્થાન અપાવે છે. આ કાવ્યના સંદર્ભમાં એકાધિક કાવ્યમર્મજ્ઞોએ પોતાના મત પ્રગટ કર્યા છે. શ્રી કેશવ હર્ષદ ધ્રુવનું આ કૃતિ અંગેનું વાક્ય છે, ''વસંત વિલાસ' ચમક ચમક થતી ચાંદરણાં જેવું કાવ્ય છે. કવિની બાની અત્યંત મધુર અને ભાવભરી છે. ઉજ્જ્વલ શબ્દાલંકાર અને અર્થાલંકાર તેના માધુર્ય અને રસનું પોષણ કરે છે. શૈલી સંસ્કારી છે.'' તો ઉમાશંકર જોશી કહે છે : ''અર્વાચીન કાવ્યસાહિત્યમાં રસસિદ્ધિની દષ્ટિએ 'વસંતવિજય (કાન્ત)'નું જેવું મહત્ત્વનું સ્થાન છે તેવું જ આપણા જૂના કાવ્યસાહિત્યમાં 'વસંતવિલાસ'નું છે.'

આજે આ કૃતિનું પુનઃમૂલ્યાંકન થઈ રહ્યું છે ત્યારે આ કૃતિની વિશેષતાઓ વિશે ચર્ચિત વાત પણ કરીએ :

આ કૃતિનું અલંકારસૌંદર્ય વારંવાર વખણાયું છે. અહીં અનેક એવી પંક્તિઓ છે જેમાં પ્રજ્ઞાશીલ, પ્રતિભાસંપન્ન કવિકર્મ પ્રગટ થયું છે. શબ્દાલંકાર અને અર્થાલંકાર બંનેનો સમુચિત ઉપયોગ આ કવિએ કરેલો જ છે. કેટલીક અપૂર્વ ઉપમાઓમાં એકત્રીસમી કડી, પાંત્રીસમી કડી ખૂબ અગત્યની છે. એકત્રીસમી કડીમાં એ કહે છે :

**'ચાંપુલા તરુઅરની કલી નીકલી સોવન વાનિ ।**
**મારમારગઉદ્દીપક દીપક કલીય સમાન ॥'**

ચંપાના વૃક્ષની કળી સુવર્ણ રંગની લાગે છે અને એ કામદેવના માર્ગને અજવાળતી દીપિકા સમાન છે. કામદેવના પથની દીપિકા જેવી ચંપાની કળી લાગી રહી છે. એ ઉપમા અતિશય તાજી છે, આજે પણ. ચોત્રીસમી કડીમાં કિંશુકની કળીની વાત છે. કિંશુકની કળી વાંકડી છે. જાણે કે સૌના હૃદયને છેક અંદરથી ખેંચી કાઢવાની કામદેવની આંકડી ના હોય ! એ વિરહિણી નારીના કાળજાને તત્ક્ષણ બહાર ખેંચી કાઢે છે. આડત્રીસમી કડીમાં વિરહમાં ભાન ભૂલેલી યુવતી સુંદર વસ્ત્ર કંચુકી તથા સુખના સૌ આયામોના તણખલાની તોલે



લખે છે. કદાચ સૌથી પહેલી વાર તૃણ તોલઈ ઉપયોગમાં લેવામાં આવ્યું છે. અહીં, ઉપમાની માફક ઉત્પ્રેક્ષાઓ પણ, એટલી જ ક્રિએટિવ છે. કામદેવ વનઋષિ નગરનો રાજા છે તો ભમરાઓ શંખ ફૂંકતા સુભટ છે (૨૯). કામદેવના પ્રતાપથી વિરહીઓના હૃદયના ઊના નિસાસા વરાળ થઈને બહાર આવે છે. કવિને તે આમ્રમંજરી ઉપરની ભ્રમરપંક્તિ લાગેલી છે. અહીં રૂપક અલંકારનો પણ સમુચિત ઉપયોગ કર્યો છે. વનને નગરનું રૂપક આપીને નિવાસસ્થાનરૂપે વૃક્ષો, નિવાસસ્થાન ઉપર ફરકતી ધજાઓ એટલે કૂંપળો એ તંતોતંત કલ્પી શકે છે. પણ, આ સૌમાં અજ્ઞાત કવિ છાસઠમી કડીમાં વાત્સ્યાન મુનિને ગમી જાય એવું માદક રૂપક યોજે છે. નાથરૂપી મહાભડવીર સામે સૂરતસંગ્રામે ચઢેલી નાયિકા પોતાના બે પયોધર વડે જંગ આપવાની છે અને એના પયોધર ક્યારેય હાર માનવાના નથી. એ તો ઉન્નત જ રહેવાના છે. આવા પયોધરને પહેરાવવામાં આવેલું કંચુકીરૂપી બખ્તર પણ આ યુવતી કાઢી નાખે છે. આવું પૂર્ણ રૂપક ભાગ્યે જ કોઈ કવિએ યોજેલું હશે. 'વસંતવિલાસ' કારે યોજેલો વ્યતિરેક અલંકાર તો એના અનેક અનુજોને ખપ લાગ્યો છે. ૫૬મી કડીમાં આ કવિ કહે છે કે, 'નાયિકાના મુખ પાસે કમળ તો મલિન છે અને એને જળમાં સ્નાન કરવા જવાનું કહે છે, જ્યારે નાયયિકાની દંતપંક્તિઓ સામે દાડમને એના દાણા ન બતાવવા કહે છે. આમ તો કોઈકની પ્રશસ્તિ માટે કમળમુખી એમ કહેવાય. નાયિકાના દાંતની પ્રશસ્તિ કરવી હોય તો એને દાડમ જેવા કહેવાય. જ્યારે આ કવિ કમળ અને દાડમ બંનેને નાયિકા સામે ઉતારી પાડે છે. અહીં કેટલીક અન્યોક્તિઓ પણ અદ્ભુત છે. ૭૩મી કડીમાં પ્રેમમાં અધીરો બની ગયેલો કોઈ નાયક લઘુવયની કોઈ કિશોરી સાથે દેહસંબંધ ઝંખે છે ત્યારે નાયકને કવિ કહે છે કે આ તો કિશોરી છે, કાચું દહીં છે, વલોવીશ નહીં. આવી અન્યોક્તિઓ આપણી ભાષઆમાં કેટલી ? ભાગ્યે જ વપરાતો સસંદેહ અલંકાર અને ભ્રાંતિમાન અલંકાર અહીં ઉપયોગમાં લેવામાં આવ્યો છે. કાંટાળી ધારવાળા કેતકીના દલ તે વિરહી પથિકો માટે ધૂમકેતુ છે કે હૃદયવિધારક કરવતધાર ? (૩૬) અઠ્ઠાવનમી કડીમાં એ કહે છે કે 'આ નાયિકાની અલગ લટને હું ભૂજંગ કહું કે મદનની ઝૂલતી તલવારો ? ૭૭મી કડીમાં ભ્રાંતિમાન અલંકાર અદ્ભુત રીતે ઉપયોગમાં લેવામાં આવ્યો છે. કહે છે કે 'હે કેસૂડા ! તારી પાસે ભ્રમર આવ્યો છે. એથી ગર્વ ન કર, એ તો માલતીના વિરહમાં બળી મળવા તારી પાસે આવ્યો છે.' આવા એકાધિક અર્થાલંકારો અને શબ્દાલંકારોથી આ કાવ્ય વિભૂષિત છે અને પદ્ય પ્રવાહી અને ગાઈ શકાય એવું છે. ઉમાશંકરનાં કેટલાંક નિરીક્ષણોથી આ વ્યાખ્યાન પૂરું કરીએ. 'વસંતવિલાસ' વિશે એમનાં કેટલાંક વિધાનો છે :

- 'લાઘવ તો આ કવિનું જ છે.'
- 'આખાય કાવ્યનું કલ્પન અને મૂર્તિવિધાન બહુ સુભટ છે.'
- 'કાવ્યસૃષ્ટિગત વિવિધ અંશોના એકીભવન' (યુનિટી)ની છાપ ચિત્ત ઉપર પ્રબલ રીતે પડ્યા વગર રહેતી નથી.

મારા મતે આ રચના વધુ રસિક રીતે પ્રસ્તુતિ માગી લે છે. નૃત્ય- સંગીતના સંયોજન દ્વારા આ કૃતિના પદ્યાનુવાદ ઉપરાંત ગદ્યસારાંશ પણ કૃતિને વિશેષ ભાવકપ્રિય બનાવશે. ફાગુ આમેય તે ગાયન-નર્તન દ્વારા પ્રસ્તુત કરી જ શકાય એવો કાવ્યપ્રકાર છે.

r

## વ્યાખ્યાન

# 'શનિમેખલા' વિશે

**નરોત્તમ પલાણ**




ગુજરાતી સાહિત્યના કથાકાવ્ય જેવાં અતિ પ્રચલિત સાહિત્યસ્વરૂપોના સીમાડાની બહાર વિસ્તરતાં સર્જનો, ગુજરાતની ભીતરી સમૃદ્ધિની ઝલક દેખાડી જતાં હોય છે. 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' (ગાંધીજી : ૧૯૨૫), 'જીવનનો આનંદ' (કાકાસાહેબ : ૧૯૩૬), 'અમાસના તારા' (કિસનસિંહ : ૧૯૫૩), 'સંત સેવતાં સુકૃત વાધે' (નારાયણ દેસાઈ : ૧૯૬૭) તથા બે પત્રસંચયો 'સ્વામી અને સાંઈ' (સં. હિમાંશી શેલત : ૧૯૯૩) અને 'સેતુબંધ' (સં. વિજયશીલચંદ્રસૂરિ : ૨૦૦૨) તેમજ હમણાં પ્રસિદ્ધ થયેલ 'સ્મૃતિભ્રંશના પગલે પગલે' (ગણેશદેવી : ૨૦૦૬) વગેરેને જરા હટીને જોઈએ તો આપણી ભાષાનું અને વિરાસતનું ગૌરવ કરતાં પ્રકાશનો જણાશે. આ નોખી-અનોખી પરંપરામાં ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત 'શનિમેખલા' (મધુસૂદન ઢાંકી : ૨૦૦૫) એક વધુ ઉમેરો છે. પોરબંદરના સપૂત મધુસૂદન ઢાંકી ભૂગોળના વિદ્યાર્થી પણ વ્યવસાયે મ્યુઝિયમના ક્યુરેટર બન્યા અને રસરુચિથી રત્નોના જાણસર, પશુપંખી, વનસ્પતિવિદ્ તથા સાહિત્ય-સંગીત-શિલ્પસ્થાપત્ય અને દર્શનશાસ્ત્રના મર્મી તરીકે ઉત્તરોત્તર વિકસી આવ્યા. એમણે પોતાના જીવનનાં વિનોદાત્મક સંસ્મરણો, અભ્યાસલેખો, પશુપંખી – ફૂલ સાથેની મૈત્રી અને સંગીતના ભૌતિક-અભૌતિક અનુભવો, જે સમયે સમયે લખ્યા તે અહીં 'શનિમેખલા' એવા રહસ્યમય આકાશી પદાર્થના નામાભિધાન સાથે ગ્રંથસ્થ કર્યા છે. 'શનિમેખલા'માં મૂળભૂત પદાર્થ જેવા શનિના સ્થાને એક કાલ્પનિકા, નામે 'તામ્રશાસન' છે અને તે અતીન્દ્રિયાનુભવના વલયની શોભા સમા મોડી રાતે 'માલકૌંસ' ગાતાં 'જિન્નત' આવ્યાનો આભાસ તથા 'દિવ્યાનુભૂતિના સાક્ષાત્કાર' જેવા લેખો છે. ઢાંકી જાણે ઇહ અને પરના સીમાડા ઉપર વિહરે છે. આ વિહાર 'ઑર્કિડ' છે, જેને શ્રીઅરવિંદ આશ્રમ, પૉંડિચેરીના માતાજી 'ઍટેચમેન્ટ ટુ ધ ડિવાઇન' નામથી ઓળખાવે છે.

અલબત્ત, બધા જ લેખો આ કક્ષાના નથી. અંગ્રેજી અને અમેરિકી પ્રજાની 'સુસભ્યતા' વર્ણવતા લેખો, 'યાદગાર બનાવો' અને 'વિનોદપ્રેરક ઘટનાઓ' સામાન્ય છે, ક્યાંક તો જાતમહિમામાં સરી પડતી સસ્તી ઉક્તિઓવાળા છે ! સારું છે કે 'ચાર પ્રસંગચિત્રો'માં હિન્દુસ્તાની પ્રજાની સુસભ્યતાની નોંધ લેવાઈ છે, અન્યથા 'ઇંગ્લૅન્ડમાં ક્વચિત્ જોવા મળતો કાનૂનભંગ.' (પૃ. ૫) હિન્દુસ્તાનીની જે છબી ઉપસાવે છે તે જ કાયમ રહેત !

'મેલોડી કી મૌત', 'શાસ્ત્રીય સંગીતની સૃષ્ટિમાં પ્રવેશ', 'એ સલૂણી સંગીતમય સાંજો' અને 'બડી મોતી' – ઢાંકીના અગાઉના સંગ્રહ 'સપ્તક' (૧૯૯૭)માં મૂકવા માટેના છે, પણ હાલ તે શક્ય નહિ હોઈ અહીં મુકાયેલ છે. આટલી સામગ્રી કિસનસિંહ ચાવડાના 'અમાસના તારા' તથા બચુભાઈ રાજાના 'ઊર્મિનવરચના'માં ક્રમશઃ પ્રસિદ્ધ થયેલા 'સિદ્ધેશ્વરીદેવી' વગેરે સંગીતકારોના અનુભવજન્ય વૃત્તાંતોના વર્ગની ગણી શકાય, ખાસ કરીને 'બડી મોતી' આ વર્ગનું એક સુંદર, સરળ અને ભાવવાહી રેખાચિત્ર છે. સંગીત-વિષયક આ લખાણોમાં ઢાંકીની સંગીતપટુતા, શાસ્ત્રીય રાગો શીખવાની અદમ્ય ઝંખના અને ક્ષમતા, જે રીતે પ્રગટ થાય છે તેમાંથી ઉચ્ચ વિદ્યામાં – રસમાં રમમાણ એક વિદ્વજ્જનની કેવી કેવી રોમહર્ષણ ગતિવિધિ હોય છે તેનું વિસ્મયકર દર્શન આપણે પામી રહીએ છીએ ! હા, 'સડી રહેલા કૂતરાના શબની ગંધથી માંડીને મરેલ માછલીની મહેક' (પૃ. ૯૬) સુધીનાં અતિ આવર્તનો ટાળવા જેવાં હતાં.

'ઑર્કિડનું સખ્ય' તથા 'મૃગપક્ષી અને મત્સ્યનું સખ્ય' આ સંગ્રહનાં ઉત્તમ લખાણો છે. અન્યત્ર અનુભવવા મળતો આયાસ કે 'દિવ્યાનુભૂતિ'માં છે તેવી થકવી નાખતી અલંકારોની આતશબાજી અહીં નથી. સુંદર, સરળ, સહેજ પણ બોઝિલ બન્યા વિનાની પ્રવાહી રજૂઆત આમ એકદમ આપણને પશુપંખી – ફૂલની મહોબતમાં તાણી જાય છે ! ઢાંકીના લાગણીશીલ કોમળ વ્યક્તિત્વની સર્વત્ર પથરાયેલી છાયા, આ લખાણોને અલગ તરી આવતાં અને જીવંત બનાવી મૂકે છે. કૂતરા 'રોકી'ની 'વૈદૂર્ય શી કાળી – કથ્થાઈ આંખો' / વાછડા 'લાખણિયા'ના 'લાંબા બદામના પાન જેવા કાન' / બિલાડી 'બગી'ના 'રૂંવાદાર સફેદ શરીર પર કોકાટી રંગનાં અનેક ચાઠાં' / 'ચકલીનું આછા ભૂરા બદામી રંગનું નાનકડું બચ્ચું' અને મોરલો 'દિગુ' 'હળવે હળવે, રોકાતાં રોકાતાં ડગલાં માંડતો' આવે વગેરેમાં આપણે પણ સૃષ્ટિને માણી રહીએ છીએ. કહો કે ઢાંકીની આસ્વાદક્ષમ રજૂઆત માણતાં માણતાં આપણે થાકતા જ નથી ! બધા જીવો અહીં એકદમ આત્મીય લાગે છે, લેખક પણ ! 'મૃગપક્ષી અને મત્સ્યનું સખ્ય' આ સંગ્રહનો સૌથી લાંબો અને સૌથી સારો હળવો ફૂલ લેખ છે.

'પરબ' જાન્યુઆરી ૨૦૦૪માં પ્રસિદ્ધ થઈ ત્યારથી સતત વંચાતી-ચર્ચાતી અને આસ્વાદાતી રહેલી ઢાંકીની કાલ્પનિકા 'તામ્રશાસન' એકવીસમી સદીના પ્રથમ દાયકાનું એક અવિસ્મરણીય સર્જન છે. અહીં આખેઆખા ઢાંકી, એની બધી જ જાણકારી અને રસદૃષ્ટિ સાથે 'Total Materialization' (પૃ. ૧૩૯) પામ્યા છે ! વાસ્તવ અને કલ્પનાના તાણાવાણામાં વણાયેલ 'તામ્રશાસન'નું જમા પાસું, અદ્યાપિ સર્જનાત્મક સાહિત્યના પોતમાં ખપમાં નહિ લેવાયેલું મંદિરસ્થાપત્યનું ઉપકરણ છે. અહીં પ્રથમ વાર વાર્તાની મુખ્ય ઇમારત સાથે મંદિરસ્થાપત્ય મુકાયેલું છે અને સહેજ પણ અશાસ્ત્રીય બન્યા વિના સફળતાપૂર્વક તેનું વહન થયેલું છે. મંદિરસ્થાપત્ય, શિલ્પ અને તેનાં અંગોપાંગના વિશિષ્ટ શબ્દો સાથે સંગીતાદિ કળાઓ – 'આખા સાંઢિયા જેવો 'ળ'કારનો – ઉચ્ચાર વગેરેનો વિનિયોગ, આ કાલ્પનિકાને જે રીતે સ્વરૂપ પ્રદાન કરે છે તે કલાપક્ષની દૃષ્ટિએ પણ ધ્યાનાર્હ છે. આવી રીતે આમ સર્વ કલાઓના સંભારથી સર્જાયેલી ગુજરાતી ભાષાની આ પ્રથમ અને હાલ તો અદ્વિતીય એવી કાલ્પનિકા છે.

ઇતિહાસ અને પુરાતત્ત્વ જેવાં નિર્મમ શાસ્ત્રોના સહારે આ કૃતિનું સર્જન થયેલું છે

એટલે એ નજરે થોડું ઝીણું કાંતીએ તો 'વ્યાલકાંચિ' કે 'કાંચિક વ્યાલ' મૂળરાજનું બિરુદ નહિ, દાદાનું નામ છે મૂલરાજપુત્રી ચાચિણીદેવી, આપણા ઇતિહાસ અને સાહિત્યમાં 'વાચિનીદેવી' તરીકે પ્રખ્યાત છે. ધૂમકેતુએ ૧૯૪૫માં 'વાચિનીદેવી' નામથી નવલકથા પણ આપી છે. 'ઘુમલિના ૧૩મા શતક'માં (પૃ. ૧૩૩) મુદ્રણ અને માહિતી – બન્ને દોષ છે. 'ઘૂમલી' અને '૧૧મું શતક' જોઈએ. સ્થાનિક પાત્રોના મુખમાં મૂકવામાં આવેલી 'બોલી' – 'શંકર'નું 'હંકર' મૂકો તો 'સંચોડા'નું 'હંચોડા' આવે – ઉચિત નથી. ક્યાંક વાક્યરચના પણ 'માતૃભાષા તામિલનું પણ ઘેર શિક્ષણ લીધેલું' (પૃ. ૧૨૬) અહીં 'તામિલનું શિક્ષણ પણ ઘેરબેઠા લીધેલું' એવી સરળતા સાધી શકાત. સૌધર્મન્નાં પત્ની ચંદ્રમાલિની નૃત્ય શીખેલાં, 'પણ પરણ્યા પછી સાસુ પાસે સંગીતની વિશેષ તાલીમ લઈ રહ્યાં હતાં.' (પૃ. ૧૨૬) અહીં આરંભે 'પણ' અનાવશ્યક છે. ઢાંકીની એકસાથે બધી જ માહિતી ઠાલવી દેવાની ટેવ અહીં પણ અસ્વાભાવિકતા સર્જે છે. અવાવરુ મંદિરમાં 'ઝાંખરાં' ઊગી ગયેલાં કહી દીધાં પછી 'આવળ, ગાંડા બાવળ, કેરડાં, થોર, બોરડી, ખાખરા, આંકડા, ધતૂરા, મહુડા' – સુધી જવાની જરૂર નો'તી. આમ છતાંય ઢાંકીનો મહિમા એમની ભાષાશૈલી, વિગતપ્રધાન છતાં રહસ્યમય રજૂઆત અને વિવિધ વિદ્યાશાખાઓની જાણકારી છે.

'શનિમેખલા'માંથી પસાર થતાં જે અનેકાનેક રસબિન્દુઓનું અનુભાવન આપણે પામીએ છીએ, તેમાં સવિશેષ પ્રસન્નકર તો પાને પાને છલકાતો જીવનનો સ્વીકાર છે ! ઢાંકીથી એક સ્થળે અનાયાસ 'કોણાર્ક' અને તાજમહલની તુલના થઈ જાય છે તે જુઓ : 'અહીં (કોણાર્કમાં) તાજમહલની નિષ્ક્રિય પૂર્ણતા નહોતી, તાજની ભીતરી ખાલીખમ ગમગીનીભરી ટાઢાશ કે એના ભોમભીતર ભૂમિદાહગૃહની પિરામિડીય ભેંકારતા પણ નહોતી, અહીં હતો અસ્તિત્વનું ગાન ગાતા ખંડરનો ઉલ્લાસ, ત્યજાયેલા મધપૂડા શા એના બદામી પીળા ખોખાના ખૂણેખૂણાના કોશોમાં જીવન તરફની મમતાનું મધ ભરેલું છે : એની ફાંસનાના કાળા ભૂરા ઓળાઓમાંથી ઓગળી ઓગળીને આજે પણ એ ચૂઈ રહ્યું છે.' (પૃ. ૨૮)

ઢાંકીનું સંપૂર્ણતયા હકારાત્મક જીવનદર્શન, એકથી વિશેષ વિદ્યાઓમાં રમણ કરાવતું આપણને પુલકિત કરી મૂકે છે. કોઈ એક કૃતિમાં આટલું સામર્થ્ય હોવું તે નિઃશંક, સૌભાગ્યની વાત છે. 'શનિમેખલા' ગુજરાતી ભાષાના સૌભાગ્ય તરીકે હંમેશાં સ્મરણમાં રહેશે.s

---

s શ્રી મનુભાઈ પંચોળી – દર્શક ફાઉન્ડેશનના ઉપક્રમે ગુજરાતી સાહિત્ય પરિષદના 'ગોવર્ધન ભવન'માં તા. ૨૨-૩-૨૦૦૭ના રોજ યોજાયેલા 'ગ્રંથવિમર્શ'માં રજૂ થયેલો વિમર્શ.

[**'શનિમેખલા'** (નિબંધ અને લેખસંગ્રહ) : મધુસૂદન ઢાંકી, પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ૨૦૦૫, કિં. રૂ. ૯૦, પૃ. ૧૭૧]

r





## એક સમાજમિત્રનું નજરાણું | જોસેફ મેકવાન

[**કુટુંબદીપ્તિ :** ફાધર વર્ગીસ પૉલ, પ્ર. આર. આર. શેઠની કું., અમદાવાદ, જાન્યુ. ૨૦૦૫, પૃ. ૮+૮૮, કિં. રૂ. ૫૦/-]

ફાધર વર્ગીસ પૉલ કેરલના એક સભ્રાન્ત પરિવારમાંથી આવે છે. કિશોરવયમાં એ જેસુઇટ સાધુસંઘમાં જોડાઈને ગુજરાતમાં આવ્યા. ગુજરાત યુનિ.માંથી તેઓ ગુજરાતી વિષય સાથે સ્નાતક થયા. પૂનાની જ્ઞાનદીપ વિદ્યાપીઠમાંથી 'તત્ત્વજ્ઞાન'માં અને રોમની ગ્રેગોરિયન યુનિ.માંથી તેઓ થિયૉલોજીની ઉચ્ચ ડિગ્રીઓ ધરાવે છે. બ્રિટન અને અમેરિકામાં એમણે પત્રકારત્વનો અભ્યાસ કર્યો છે. વિશાળ વાંચન અને ઊંડા અધ્યવસાયે એમને વિશદતા તથા બહુશ્રુતતા સંપડાવી છે. માતૃભાષા મલયાલમ પર અને અંગ્રેજી વિષય પર અસાધારણ પ્રભુત્વ હોવા છતાં તેઓ 'ગુજરાતી'માં જ લખવા કૃતસંકલ્પ થયા એ ગુર્જરગિરાનું ગૌરવ છે. વરસો લગી તેઓ સામાજિક- ધાર્મિક વિચારપ્રવર્તન કરતા 'દૂત' માસિકના તંત્રી રહ્યા હોઈ ગુજરાતના જનજીવન અને વિવિધ સામાજિક જૂથોનો તેમને સારો એવો પરિચય અને અનુભવ છે. એનો નિચોડ 'કુટુંબદીપ્તિ'માં વિચાર અને ચિંતનરૂપે થયો છે.

આ પુસ્તકમાંના કુલ સત્તર લેખોમાંથી અર્ધા ઉપરાંત લગ્ન, દામ્પત્ય, પારિવારિક સ્નેહ અને લગ્નજીવનમાં પડતી તિરાડ અંગેના છે. બાકીનામાં દેશકાળ, અધ્યાત્મ ને જાગતિક ચિંતાઓ વ્યક્ત કરાઈ છે.

ફાધર વર્ગીસમાંની સાધુતા સદૈવ જાગરૂક રહે છે. એમનું સાહિત્ય હિતનું – સાર્વત્રિક હિતનું સંવર્ધન તાકે છે. 'કુટુંબદીપ્તિ'ના હરેક લેખમાં એક સંવેદનશીલ સર્જક ઉપરાંત સૌનું – વ્યક્તિમાત્રનું શ્રેય ઝંખતા શ્રેયસાધક તરીકે એમની આભા ઊભરે છે. આ જ કારણે મેં એમને લોકયાત્રાના પ્રહરી કહ્યા છે.

પુસ્તકનું નામાભિધાન એમણે કુટુંબ પછી 'દીપ્તિ' ઉત્તરપદ જોડીને સાર્થક સમાસરચના કરી છે. અર્થ નીપજે છે; કુટુંબનો પ્રકાશ અર્થાત્ કુટુંબમાંથી ઉદ્ભવતો આલોક ! પંચતત્ત્વનું એક પ્રબળ તત્ત્વ છે 'તેજ'. 'તેજ' ત્યારે જ પ્રગટે જ્યારે 'સ્નેહ' સીંચાય ને દિવેટ – 'બત્તી' જલે. રૈદાસે ગાયું છે :

**પ્રભુજી તુમ દીપક હમ બત્તી**
**જાકી જ્યોત જલે દિન-રાતી**
**તુમ ચંદન હમ પાની.**

પારસ્પરિક પ્રેમ, વિશ્વાસ, એકમેક કાજે ખપી ખૂટવાની તમન્ના અર્થાત્ ત્યાગપૂર્ણ બલિભાવના હોય તો જ કુટુંબ પંડના પ્રકાશે દેદીપ્યમાન બને. આના અનુમોદનમાં લેખક પુસ્તકના ઉઘાડમાં જ શ્રદ્ધા, પ્રેમ, શાંતિ અને શ્રમ જેવાં સનાતન મૂલ્યોને પરિવારની પાયાની

જરૂરિયાત ગણાવે છે. શ્રેષ્ઠ કલાકારે ધર્મવેત્તાને પૂછ્યું : 'સૌથી મનોહર વસ્તુ કઈ ?' જવાબ મળ્યો : 'શ્રદ્ધા.' અસંતુષ્ટ કલાકારે એ જ સવાલ એક યુવતીને કર્યો. પ્રતિભાવ સાંપડ્યો : 'પ્રેમ.' આ જ પ્રશ્ન એક યુવકને કરતાં એ બોલ્યો : 'શાંતિ !' ચિત્રકાર ઘેર ગયો. એણે પોતાનાં બાળકોની આંખોમાં 'શ્રદ્ધા' જોઈ. પત્નીનાં લોચનમાં 'પ્રેમ' જોયો. શ્રદ્ધા અને પ્રેમના પ્રતિફળરૂપે એણે પોતાના કુટુંબમાં 'શાંતિ'નો અનુભવ કર્યો. અથાગ પરિશ્રમ કરીને એણે એક બેનમૂન ચિત્ર સર્જ્યું. તે એક આદર્શ કુટુંબનું ચિત્ર હતું.

'કુટુંબદીપ્તિ'ને પાને પાને આવાં સ-રસ ચિત્રો આકારાયાં છે. પહેલા જ લેખમાં એ ટૉલ્સ્ટૉયને ટાંકે છે : 'સુખ-સૌભાગ્ય માણતાં બધાં કુટુંબોમાં સર્વસામાન્ય લક્ષણો હોય છે. જ્યારે દરેક દુઃખી કુટુંબ પોતપોતાની રીતે જ દુઃખ વેઠીને જીવે છે. એટલે સુખની જેમ દુઃખનાં કોઈ સર્વસામાન્ય લક્ષણો નથી.' એ પછી લેખક સુખસમૃદ્ધિ માણતાં કુટુંબોમાં સામાન્ય કહી શકાય એવાં; પ્રાર્થના, સમૂહભોજન, સંવાદ, વિશ્વાસ, આદર – વ્યક્તિસ્વાતંત્ર્ય, જવાબદારી, સંપત્તિનો યોગ્ય ઉપયોગ, આતિથ્ય, સમસ્યાનો સ્વીકાર અને સારા-નરસાનું શિક્ષણ એવાં દસ લક્ષણ તારવે છે.

શહેરની હૉસ્ટેલમાં રહીને ભણતી, ત્રણેક વર્ષથી એક યુવાનના પરિચયમાં આવેલી યુવતી લગ્ન કરવા માટે લેખકની સલાહ માગે છે. લેખક એને પોતાનાં મા-બાપની સલાહ લેવા સૂચવે છે અને પછી ગામડે રહેતાં માતા-પિતા કેવી સલાહ આપશે એ ચર્ચે છે. આ રીત તાર્કિક નથી. પેલી યુવતીની જેમ જ ભાવકને પણ લેખક પોતે શી સલાહ આપે છે, એમાં રસ હોય છે. જવાબદારીથી ચાતરી જઈને અંગૂઠે કમાડ ઠેલી મેલવા જેવી આ વાત થઈ. વર્ગીસ જેવા સમાજચિંતકે આ વીસરવું ના જોઈએ.

'લગ્નજીવનની તૈયારી'વાળા લેખમાં લેખક નવ જેટલાં કારણો ગણાવે છે. પણ તારવી આપે છે કે પરસ્પર મનમેળ, એક-મેકની સ્વમાન સાચવવાની ખેવના અને ઉદારતા હોય તો લગ્ન આજીવન ટકે છે. ખ્રિસ્તી ધર્મ લગ્નને પવિત્ર સંસ્કાર માને છે. એ અતૂટ રહે એ જ ધર્મ્ય લેખાય છે. ત્રણ-ચાર દાયકા પહેલાં ગુજરાતી ખ્રિસ્તી સમાજમાં ફારગતીનો દર માંડ ત્રણ ટકા હતો તે હવે બિહામણો બની રહ્યો છે. પશ્ચિમનો અને આધુનિકતાનો એ પ્રભાવ છે. ચર્ચ એથી ચિંતિત છે. ફાધર વર્ગીસ જેવા ધર્મગુરુઓ લગ્નો ટકાઉ બને, દામ્પત્યજીવન સુચારુ બને એવા પ્રશસ્ય પ્રયાસો – વિચારોનું પ્રવર્તન આદિ કરે છે એનાં અનેક ઉદાહરણો 'કુટુંબદીપ્તિ'માંથી મળી રહે છે, જે સમષ્ટિ માટે લાભદાયક છે.

'સફળ લગ્નજીવન' માટે લેખક, લેખિકા ચેરી કાર્ટર સ્કૉટના દસ નિયમોના ગ્રંથ 'ઇફ લવ ઇઝ એ ગેઇમ, ધિસ આર ધ રૂલ્સ.' – 'જો પ્રેમ એક રમત હોય તો તેના આ નિયમો છે.' નો હવાલો આપે છે. હવે બીના એમ છે કે લગ્ન પછી પત્ની મા-બાપના સાથથી અઢી વરસમાં બે વાર ગર્ભપાત કરાવી નાંખે છે ને છેલ્લે ખાધાખોરાકીનો દાવો માંડ્યો છે. ભગ્ન હૈયે હતાશ યુવક ફાધરની કુમક માગે છે. ફાધર માત્ર એક જ પક્ષની વાત જાણતા હોઈ તટસ્થ બની રહે છે અને ચેરી સ્કૉટના નિયમો ચર્ચે છે.

જો પુસ્તકોમાં ટાંકેલા નિયમો જ કારગત નીવડતા હોત તો લગ્નભંગાણના આંકડા આટલા વકરી ગયા ન હોત. હકીકતે સંસાર અને સમાજજીવનના વળ-વ્યવહાર બહુ સંકુલ હોય છે. એમાં થાબડભાણાંથી કામ નથી ચાલતું. ધર્મગુરુઓની તકલીફ એ છે કે પોતે



અપરિણીત હોઈ પેલા વળ સમજવામાં સફલ નથી થતા.

'આપણું સુખ શેમાં છે ?'માં લેખક ધનપ્રાપ્તિ પાછળની પાગલ દોટનાં કુપરિણામો છણે છે તો 'માને વેચવી છે ?'માં વાર્ધક્યની કરુણ લાચારી વર્ણવાઈ છે. લેખક અહીં ટેન કમાન્ડમેન્ટ્સમાંથી શોધી આજ્ઞા – 'મા-બાપને માન આપ.' કામે લગાડે છે ને લગ્નવેળા સંત પૉલના શબ્દો : 'હવેથી તે (યુવક) પોતાનાં મા-બાપને છોડી દેશે, પણ પોતાની પત્નીને વળગી રહેશે.'ને સમજાવવાનો પ્રયાસ કરે છે. સંત પૉલના શબ્દો યહૂદી સમાજરચનાને આધારે કહેવાયા હશે અને ભારતમાં કે ગુજરાતમાં એ લેખે ના લાગે. ઘણા નઘરોળ યુવાનો એ કથનનો આશરો લે છે. મેં જોયું છે કે ઘણા ધર્મગુરુઓ લગ્નવિધિ કરાવતી વેળા સંત પૉલનો આ પત્ર વાંચવાથી વેગળા રહે છે. કારણ પુરુષને આધીન રહેવાની સ્ત્રીની ફરજો એને ગુલામડીની કક્ષામાં મૂકી દે છે ! અહીં લેખક વારંવાર સ્ત્રીના સ્વમાન અને સ્વાયત્તતાની જે દુહાઈ દે છે એનો છેદ ઊડી જાય છે. લેખકે આયે વિચારવું જોઈએ :

''રાજાને ગમે છે એટલે એક માણસ સારો છે, કે એક માણસ સારો છે એટલે એ રાજાને ગમે છે ?'' (ફિલસૂફ પ્લેટોનો પ્રશ્ન, ૨૦૦૨ની ગુજરાતની ઘટનાઓની ચર્ચા.)

''પૃથ્વીની ભેદની પરસ્પર આપ-લે કરવાથી તમે અખૂટ સમૃદ્ધિ મેળવશો અને સંતોષ પામશો. પરંતુ જો એ આપ-લે પ્રેમપૂર્વક અને ઉદાર ન્યાયબુદ્ધિથી નહીં થાય તો તેથી કેટલાક લોભી બનશે અને બીજાઓને ભૂખમરો જ વેઠવો પડશે.''

('ધ પ્રોફેટ'માં ખલીલ જિબ્રાન)

(પૈસા પાછળ પડેલ વિશ્વમાં ન્યાયી અને ગરીબલક્ષી વહેંચણીની ચર્ચા.)

'જીવન એ એક એવું ગીત છે કે મૃત્યુ એનું ધ્રુવપદ છે.' મૃત્યુથી માનવજીવન પરિપૂર્તિ પામે છે અને એ જ માનવજીવનને અર્થબદ્ધ બનાવે છે.'

– વિક્ટર હ્યુગો

'હું મૃત્યુને વહાલ કરું છું તો મારે મન મૃત્યુ જીવનનો અંત નથી. હું મૃત્યુથી પર એક નવા જીવનમાં માનું છું. પરંતુ પરલોક જીવનની મારી માન્યતાને લઈને આ ફાની દુનિયાના જીવનની કોઈ પણ રીતે ઉપેક્ષા કરવામાં હું માનતો નથી. ઊલટું, હું તો આ દુનિયાના જીવનને ભરપટે જીવવામાં માનું છું.' (ફાધર વર્ગીસ પૉલ)

આજનો તરણોપાય :

'આજે આપણે માટે એક જ ઉપાય રહ્યો છે – માણસમાત્રમાં છૂપી કે ખુલ્લી રહેલી પાશવતાથી સભાન બનીને માણસાઈ તરફ વળવું. માણસાઈમાં સત્ય છે. માણસાઈમાં ન્યાય છે. માણસાઈમાં પ્રેમ છે. માણસાઈમાં સભાનતા છે. માણસાઈમાં અંતર્યામી ભગવાન છે. અપરાધ માટે માણસાઈમાં જ પશ્ચાત્તાપ છે. ગુનાનો એકરાર છે. માણસાઈમાં ભરપાઈ કરવાની વૃત્તિ છે. માણસાઈમાં ભરોસો છે. માણસાઈમાં ધર્મોના ભેદ નથી. માણસાઈમાં જ સાચી ધાર્મિકતા સામેના ખતરાનો જવાબ છે.'

– લેખક પોતે

આ પુસ્તકમાં ઠેર ઠેર આવી રત્નકણિકાઓ વિચારપૂર્વક પરોવાઈ છે. માનવ-ઇતિહાસમાં જેટલી પુરાણી કુટુંબસંસ્થા ટકી રહે અને દીપ્તિ થકી ઝળહળતી રહે એવી લેખકની અભ્યર્થનાને આવકારીએ – અભિનંદીએ.

## લબુને ઊડતાં શીખવતી વાર્તા | નટવર પટેલ

[**કબૂતરનાં બચ્ચાં : લબુ-ઢબુ :** સાંકળચંદ પટેલ, પ્રકા. રન્નાદે, પ્ર.આ. ૨૦૦૨, પૃ. ૧૬, કિં. રૂ. ૧૫/-]

સાંકળચંદ પટેલ અહીં કબૂતરનાં બે બચ્ચાં – લબુ અને ઢબુની બાળસહજ વાર્તા લઈને આવ્યા છે. વાર્તા ૧૪ પેજમાં પૂરી થઈ જાય છે. વળી દરેક પેજમાં અડધો-પોણો ભાગ તો ચિત્ર જ રોકે છે. આ રીતે જોતાં વાર્તા પાંચ-છ પાનાંથી વધારે મોટી ન ગણાય.

વાર્તા કંઈક આવી છે : એક કૂવામાં કબૂતરે માળો કર્યો છે. તેનાં બે બચ્ચાં લબુ અને ઢબુ રહે છે. એક વાર કૂવા પરથી હેલિકૉપ્ટર પસાર થાય છે. તેનો વિચિત્ર અવાજ સાંભળી લબુ ગભરાઈ જાય છે. ઢબુ હિંમતવાળો હોવાથી તે ગભરાતો નથી. ઢબુ તો બહાર પણ ઊડવા જાય છે. છેવટે ઢબુનાં લગ્ન લેવાય છે. બધા જાનમાં જાય છે પરંતુ લબુ જતો નથી. ગીધ ને સમડી લબુને ચાંચમાં પકડીને લઈ આવે છે. લબુને જે ખુરશી પર બેસાડ્યો હોય છે તેની નીચે ટેટાની લૂમ ગોઠવેલી હોય છે. લબુના બાપના ઇશારે કાગડો ચિનગારી ચાંપે છે ને છેવટે બચવા ખાતર લબુ પાંખો ફફડાવી ઊડે છે. આમ તે ઊડતાં શીખી જાય છે.

વાર્તાનો વિષય બાળસહજ આનંદ આપે તેવો છે. કથા પણ સળંગ કહેવાઈ છે તેથી બાળવાચકને રસભંગ થવાનો ડર નથી. પાને પાને ચિત્રો છે, પરંતુ આ ચિત્રો મોટેભાગે બીબાઢાળ (મોનોટોનસ) લાગે છે. બધા જ ચિત્રોમાં કૂવાની બખોલ જ નજરે ચડે છે. બે-ચાર ચિત્રો જોયા પછી બાળવાચકની ચિત્રો જોવાની જિજ્ઞાસાવૃત્તિ મરી પરવારે એવું પણ બને. વાર્તામાં કબૂતરનાં બચ્ચાં ધીરે ધીરે મોટાં થઈ રહ્યાં છે તે બતાવતાં વર્ણનો સારાં છે. આ જુઓ :

> ‘હવે બંને બચ્ચાં મોટાં થઈ ગયાં. એમની આંખો લાલ લાલ ચણોઠી જેવી દેખાતી હતી. એમની પાંખો રાખોડી રંગની થઈ ગઈ હતી. પાંખો પર કાળા રંગના પટા ફૂટી રહ્યા હતા.’ (પૃ. ૫)

અહીં માબાપ ગભરુ બચ્ચાને નીડરતાનો પાઠ શીખવે છે. આવા જ પ્રકારની એક વાર્તા ‘હું નહીં તરું’ ધીરુબહેન પટેલની છે. આ વાર્તામાં બતકનું નાનું બચ્ચું પાણીમાં તરવા પડતાં બીએ છે. તે માબાપને ખોટેખોટાં બહાનાં બતાવે છે. છેવટે તેનાં મા-બાપ ધક્કો મારે છે ને તે ડૂબતાં-ડૂબતાંય તરતાં શીખી જાય છે. જોકે ધીરુબહેનની એ વાર્તામાં જોડકણાં તથા નાનાં વાક્યો હોવાથી નાનાં બાળકોને વાર્તા માણવાની મજા પડે છે. સાંકળચંદ પટેલે આવો પ્રયોગ અહીં કર્યો હોત તો ?

r





## પરિષદવૃત્ત

**સંકલન : અનિલા દલાલ**

### ગુજરાતી સાહિત્ય પરિષદનું આગામી અધિવેશન

ગુજરાતી સાહિત્ય પરિષદનું આગામી અધિવેશન ગાંધીનગરની શૈક્ષણિક અને સાંસ્કૃતિક સંસ્થાઓના સહયોગથી ગાંધીનગર કલ્ચરલ ફોરમના ઉપક્રમે તા. ૨૨-૧૨-૨૦૦૭થી તા. ૨૪-૧૨-૨૦૦૭ સુધી ગાંધીનગર ખાતે યોજાશે.

### શ્રીમતી તારાબહેન મહેતા વ્યાખ્યાન

તા. ૨૯-૩-૨૦૦૭ : શ્રીમતી તારાબહેન મહેતા વ્યાખ્યાનશ્રેણીનું વ્યાખ્યાન શ્રીમતી પ્રીતિબહેન શાહે કાનનદેવીની આત્મકથા ‘સર્વને મારા નમસ્કાર’ એ વિશે આપ્યું. અધ્યક્ષસ્થાને પરિષદપ્રમુખશ્રી કુમારપાળ દેસાઈ હતા. ‘મુક્તિ’, ‘વિદ્યાપતિ’, ‘જવાબ’ જેવી ફિલ્મોમાં ઉત્તમ અભિનયથી પ્રસિદ્ધિ પામેલાં અભિનેત્રી, તેમજ પોતાના મધુર કંઠથી સૌને મુગ્ધ કરતાં ગાયિકા કાનનબાલા, કાનનદેવીના આદરણીય સ્થાને પહોંચ્યાં હતાં. ‘સબારે આમિ નમિ’ – સર્વને મારા નમસ્કાર – શીર્ષક ધરાવતી કાનનદેવીની આત્મકથા પર પ્રીતિબહેને કાનનદેવીના વ્યક્તિત્વને વિશ્લેષિત કરતું રસલક્ષી વ્યાખ્યાન આપ્યું હતું. શ્રી બોરીસાગરે આભાર વ્યક્ત કર્યો હતો.

### શ્રી રમણીક સોમેશ્વરનું વ્યાખ્યાન

તા. ૩૦-૩-૨૦૦૭ના રોજ પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિરના ઉપક્રમે શ્રી રમણીક સોમેશ્વરે શ્રી એન. ગોપી લિખિત તેલુગુ દીર્ઘકાવ્ય ‘જળગીત’ના પોતે કરેલા અનુવાદ વિશે વક્તવ્ય આપ્યું. અનુવાદ દરમ્યાન આવતા પ્રશ્નોને પોતે કેવી રીતે ઉકેલતા ગયા તેની વિશદ ચર્ચા કરી કાવ્યમાં આવતા કથ્યને સમજાવતા ગયા. અંતે કવિશ્રી લાભશંકરે કરેલી ચર્ચા અને પૂર્તિથી કાર્યક્રમ વધારે જીવંત બન્યો. નિયામકશ્રી રમેશ દવેએ આરંભમાં ભૂમિકા રૂપે પ્રાસંગિક વાત કરી હતી.

### ‘મારું શાંતિનિકેતન’ પર શ્રી અમૃતલાલ વેગડનું વક્તવ્ય

તા. ૭-૪-૨૦૦૭ : રવીન્દ્રભવનના ઉપક્રમે શ્રી અમૃતલાલ વેગડે પોતાના શાંતિનિકેતનના કલાભવનમાં અભ્યાસકાળ દરમ્યાનની સ્મૃતિઓ વિશે, પોતાને થયેલા અનુભવો વિશે અને ત્યાં મળેલી વ્યક્તિઓ વિશે વિગતે વાત કરી, ચિત્રકાર નંદલાલ બોઝના વ્યક્તિત્વને ઉપસાવ્યું હતું. શ્રી ભોળાભાઈએ આરંભમાં પરિચય આપ્યો હતો.

### મુંબઈમાં સાહિત્યગોષ્ઠિ

ગુજરાતી સાહિત્ય પરિષદ અને ભારતીય વિદ્યાભવનના ઉપક્રમે ‘સાહિત્યગોષ્ઠિ’ (સર્જક સાથે સંવાદ)ની બેઠક ભવન્સ કેમ્પસ (અંધેરી, મુંબઈ)ને તળાવકાંઠે તા. ૧-૪-

૨૦૦૭ના રોજ ગોઠવાઈ હતી, જેમાં સો જેટલા સર્જકભાવકોએ ઊલટથી ભાગ લીધો હતો. જવાહર બક્ષી, હેમંત ધોરડા, દીપક દોશી, ઉદયન ઠક્કર, જયંતિ દલાલ, લલિત વર્મા ઉપસ્થિત હતા. મૂકેશ વૈદ્ય, ચિંતન નાયક, જ્યોતિ હીરાણી, ભૂમા વશી, સુરેશ ઝવેરી, લલિત શાહ, મીનાક્ષી દીક્ષિત, હિતેશ પંડ્યા, બકુલ રાવલ વગેરેએ રજૂઆત કરી હતી. ૬ મે, રવિવાર સાંજે પાંચ વાગ્યે આ જ સ્થળે યોજાયેલી બેઠકમાં હરીશ નાગ્રેચા પણ ઉપસ્થિત રહેશે. સૌ સર્જકોને કૃતિના પઠન માટે આમંત્રણ છે.

## પાક્ષિકી અને સર્જકો સાથે સંવાદ

'પાક્ષિકી'ના ઉપક્રમે તા. ૧૨-૪-૦૭ના રોજ રાજેન્દ્રભાઈ પટેલે તેમની વાર્તા 'ધુમ્મસમાં ડોલતાં વૃક્ષો'નું પઠન કર્યું હતું. ઉપસ્થિત વાર્તાકારો – સાહિત્યરસિકોએ વાર્તાનાં મર્મસ્થાનોની ચર્ચા કરી હતી. તા. ૧૭-૪-૦૭ના રોજ સર્જકો-નવોદિતો સાથેના સંવાદમાં કાવ્યરચનામાં છંદનો અભ્યાસ કેવી રીતે મહત્ત્વ ધરાવે છે તે વિશે સહચિંતન થયું; તેમજ વાર્તાલેખન માટેની ધ્યાનાર્હ બાબતો વિશે પણ વિચારણા કરવામાં આવી. રાજેન્દ્રભાઈ પટેલ અને પારુલબહેન દેસાઈની ઉપસ્થિતિમાં કાર્યક્રમો યોજાયા હતા.

## હાસ્યોત્સવ

ગુજરાતી સાહિત્ય પરિષદ અને પ્રગતિ મિત્રમંડળ(બોરિવલી-કાંદીવલી)ના સંયુક્ત ઉપક્રમે હાસ્યરસનો અનોખો ઉત્સવ તાજેતરમાં ઊજવાયો હતો. પ્રગતિ મિત્રમંડળના પ્રમુખ અરુણ મહેતાના સ્વાગતપ્રવચન પછી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ ડૉ. કુમારપાળ દેસાઈ, પરિષદનાં ભૂતપૂર્વ પ્રમુખ ધીરુબહેન પટેલ અને કોષાધ્યક્ષ રાજેન્દ્ર પટેલે પ્રાસંગિક વક્તવ્ય આપ્યાં હતાં. નવલકથાકાર વર્ષા અડાલજાએ રમૂજભર્યા સંચાલનમાં લાંબા સમય માટે હાસ્યલેખકોને સ્ટેજ સોંપી દીધું હતું.

પ્રસિદ્ધ હાસ્યલેખક રતિલાલ બોરીસાગરના સંચાલન હેઠળ કૃષ્ણ દવે અને હાસ્યકાર અને કાર્ટૂનિસ્ટ નિર્મિશ ઠાકરે મર્માળી હાસ્યકવિતાઓ રજૂ કરીને શ્રોતાઓની દાદ મેળવી હતી. કાર્યક્રમના બીજા દોરમાં ઉદયન ઠક્કરના સંચાલનમાં ડૉ. તુષાર શાહ અને પન્ના અધ્વર્યુની વ્યંગરચનાઓ રજૂ કરી હતી અને શ્રોતાઓને પ્રસન્ન કરી દીધા હતા. શ્રોતાઓની ભરચક હાજરીમાં આ હાસ્યોત્સવ ઊજવાયો હતો.

## ઍનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ

ઍનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિના ઉપક્રમે આ વર્ષે વાર્તા-લેખનની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. વાર્તા-લેખિકાઓને આ સ્પર્ધામાં ભાગ લેવા હાર્દિક નિમંત્રણ છે. વાર્તા આશરે ૩૫૦૦ શબ્દોની આસપાસની હોય તે ઇષ્ટ છે. મૌલિક, અપ્રકટ વાર્તા તા. ૧૬ ઑગસ્ટ, ૨૦૦૭ સુધીમાં પરિષદની ઑફિસમાં મોકલી આપવી. કવર ઉપર 'ઍનીબહેન સરૈયા વાર્તા-સ્પર્ધા' એવો નિર્દેશ કરવો.

## 'પરબ' અપીલ : દાન આવક

| ક્રમ | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| ૧. | વિનુભાઈ જી. પટેલ | નડિયાદ | ૧,૮૫૦ |
| ૨. | કિરણ જે. મહેતા | અમદાવાદ | ૧,૦૦૦ |
| ૩. | હરીશ ખત્રી | અમદાવાદ | ૧,૮૦૦ |
| ૪. | સૌરભ શાહ | અમદાવાદ | ૨,૫૦૦ |
| ૫. | ગુણવંત ઠક્કર | સુરત | ૧,૫૦૦ |
| ૬. | શાંતાબહેન શંભુપ્રસાદ ચે. ટ્રસ્ટ | ચાણસ્મા | ૫૦૦ |
| ૭. | છેલભાઈ વ્યાસ | અમરેલી | ૧,૫૦૦ |
| ૮. | લવકુમાર દેસાઈ | વડોદરા | ૫૦૦ |
| ૯. | કૌશિક ગોર | જામનગર | ૫૦૦ |
| ૧૦. | પ્રફુલ્લ કે. શાહ | મુંબઈ | ૧,૦૦૦ |
| ૧૧. | રમેશ ત્રિવેદી | કડી | ૫૦૦ |
| ૧૨. | રામજીભાઈ કડિયા | કડી | ૫૦૦ |
| ૧૩. | સુધા ચિંતન ભટ્ટ | અમદાવાદ | ૫૦૦ |
| ૧૪. | ડૉ. વિપીન એમ. દેસાઈ | વડોદરા | ૨,૫૦૦ |

## ગોવર્ધન ભવન નવનિર્માણ માટે મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | તપન અમીન | અમદાવાદ | ૧૧,૦૦૦ |
| ૨. | ડી. વી. દેસાઈ ઍન્ડ કું. | અમદાવાદ | ૫,૦૦૦ |
| ૩. | ડેવલોપમેન્ટ ૨૦૨૦ | અમદાવાદ | ૧૨,૩૮૦ |

| | | |
|---|---|---|
| જયંતી એમ. દલાલ ષષ્ટિપૂર્તિ ફાઉન્ડેશન (સ્થાયી ફંડ) (મુંબઈ) | | ૫૧,૦૦૦ |
| સ્વામી સચ્ચિદાનંદ સેવાસમાજ ટ્રસ્ટ પારિતોષિક પૂરક દાન | દંતાલી | ૧,૦૦,૦૦૦ |
| આચાર્ય કાકાસાહેબ કાલેલકર ગ્રંથાવલી પ્રકાશન સમિતિ | અમદાવાદ | ૨,૦૦,૦૦૦ |

## સાહિત્ય પરિષદમાં 'ગ્રંથાગાર'

ગુજરાતી સાહિત્ય પરિષદભવનમાં વર્ષોથી ચાલતું પુસ્તક-વેચાણકેન્દ્ર હવે ૨૦૦૬ના વર્ષથી આ ક્ષેત્રમાં જાણીતા પુસ્તકવિક્રેતા 'ગ્રંથાગાર'ને સોંપવામાં આવ્યું છે. 'ગ્રંથાગાર'માં ગુજરાતી સાહિત્ય પરિષદનાં બધાં જ પ્રકાશનો ઉપરાંત બીજા પ્રકાશકોનાં ગુજરાતી-અંગ્રેજી પુસ્તકો ઉપલબ્ધ છે. સાહિત્યરસિકોને 'ગ્રંથાગાર'ની મુલાકાત લેવા વિનંતી.

સવિનય જણાવવાનું કે ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલય જાહેર રજાઓ સિવાય બધા જ દિવસોમાં ખુલ્લું રહેશે.

**કવિશ્રી સુન્દરમ્ શતાબ્દીવર્ષ નિમિત્તે**

૨૫ પુસ્તકોનો એક સેટ કૉલેજો તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓને ઉપયોગમાં આવે તે હેતુથી મેળવવા પોતાની સંસ્થાનો અધિકારપત્ર લઈ નીચેના સ્થળે અને સમયે આવવું. સાહિત્યકાર મિત્રો પણ આ સેટ મેળવી શકે છે.

સ્થળ : ગુ.સા.પ. કાર્યાલય

સમય : ૧લો, ૩જો શનિવાર; ૧૨થી ૫




### નાટક

**એઝ યુ લાઇક ઇટ :** બ્લૅન્કવર્સી ૨૦૦૬, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અ'વાદ

### નવલકથા

**પતિત પાવના થઈ :** આનાતોલ ફ્રાંસ, પ્ર. વિચારવલોણું, ૧૦૩, સુયોજન કોમ્પ્લેક્સ, નવરંગપુરા, અ'વાદ-૯, પૃ. ૩૬, રૂ. Nil. **કથાગોષ્ઠિ :** બાબુ દાવલપુરા, ૨૦૦૬, પ્ર. બાબુ દાવલપુરા, 'વિવેક', યુનિયન બૅંક પાછળ, વલ્લભવિદ્યાનગર, પૃ. ૧૬૮, રૂ. ૧૧૦/-.

**ઉમરાવજાન અદા :** મિર્ઝા રુસ્વા, ૨૦૦૭, સાહિત્ય અકાદેમી (મુંબઈ), પૃ. ૧૮૮, રૂ. ૧૦૦/-. **અરવલ્લી :** કિશોરસિંહ સોલંકી, ૨૦૦૭, પાર્શ્વ પબ્લિકેશન (અમદાવાદ) પૃ. ૨૮૫, રૂ. ૧૮૦/-.

### નવલિકા

**'અભિષેક' :** જિતેન્દ્ર પટેલ, ૨૦૦૬, પાર્શ્વ પબ્લિકેશન, અ'વાદ, પૃ. ૧૭૨, રૂ. ૯૦/-.

**લેણદેણ :** ડૉ. કેશુભાઈ દેસાઈ, ૨૦૦૭, પ્રકા. અમૃતપર્વ સમિતિ (મહેસાણા), પૃ. ૧૭૬, રૂ. ૧૨૦/-. **મોહન પરમારની પ્રતિનિધિ વાર્તાઓ :** સંપા. રાધેશ્યામ શર્મા, ૨૦૦૬, રન્નાદે પ્રકાશન (અમદાવાદ), પૃ. ૩૦૦, રૂ. ૧૭૦/-. **ટહુકાઘર :** ભારતી મોદી, ૨૦૦૬, લિમ્બાચિયા ઉત્કર્ષ મંડળ, સોલા રોડ (અમદાવાદ), પૃ. ૫૪, રૂ. ૨૦/-. **ઝબકતા તારલા (અતીતના) :** વિઠ્ઠલરાય શ્રીમાળી, ૨૦૦૬, પ્રકા. વિઠ્ઠલરાય શ્રીમાળી, પૃ. ૧૨૮, રૂ. ૭૫/-. **રેડ કાર્પેટ :** વિઠ્ઠલરાય શ્રીમાળી, ૨૦૦૬, પ્રકા. વિઠ્ઠલરાય શ્રીમાળી, પૃ. ૧૬૮, રૂ. ૯૫/-.



## આપ સાહિત્યકાર છો ? તો આ વિનંતી જરૂર વાંચો !

(૧) જે સાહિત્યકારોનો જન્મ ઈ.સ. ૧૯૩૬થી ૧૯૫૦ દરમ્યાન થયો છે અને જેમનું ઓછામાં ઓછું એક સાહિત્યિક પુસ્તક પ્રગટ થયું છે – એ સૌ સાહિત્યકારોનો સમાવેશ 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ગ્રંથશ્રેણીના સાતમા ગ્રંથમાં થશે. આ ગ્રંથમાં સમાવેશ પામનારા સાહિત્યકારોની યાદી ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિર દ્વારા તૈયાર કરાવીને નીચે છાપી છે. સરતચૂકથી જો તેમાં કોઈ સાહિત્યકારનું નામ ન નોંધાયું હોય તો એ સાહિત્યકાર વિશેની માહિતી, યાદીના અંતે છાપેલા માહિતીપત્રક અનુસાર ભરીને નિયામક, ક. લા. સ્વાધ્યાય મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૯ને મોકલી આપવા હાર્દિક વિનંતી છે.

(૨) આ યાદીમાં સમાવેશ પામેલા પરંતુ જેમણે આજ સુધી નીચે છાપેલું માહિતીપત્રક ભરીને મોકલાવ્યું નથી એ સૌ સાહિત્યકારો પણ એમની માહિતી સૂચિત માહિતીપત્રક ભરીને મોકલી આપે તેવી હાર્દિક વિનંતી છે.

(૩) આ યાદીમાં સમાવેશ પામેલા કેટલાક સાહિત્યકારોએ ગુજરાતી સાહિત્યકોશ ખંડ : ૨ માટે ૧૯૮૫ના વર્ષમાં, નીચે છાપેલું માહિતીપત્રક ભરી મોકલાવેલું છે. તેમાં ૧૯૮૫ પછી પ્રકાશિત થયેલાં તેમનાં પુસ્તકોની માહિતી ન જ હોય એ સ્વાભાવિક છે. તો એ સૌ સાહિત્યકારો તેમના ૧૯૮૬થી આજ સુધીમાં પ્રગટ થયેલાં પુસ્તકોની ગ્રંથશીર્ષક, ભાષા, સાહિત્યસ્વરૂપ-વિષય, પ્રકાશનવર્ષ, પ્રાપ્ત પુરસ્કાર જેવી માહિતી લખી મોકલાવે તેવી હાર્દિક વિનંતી છે.

**અ**કેલા / અક્ષરાનંદ સરસ્વતી સ્વામી / અચરતબા /અજય ચીમનલાલ કોઠારી / અજિત મોતીલાલ પોપટ / અજિત વૃંદાવનદાસ શેઠ / અજિતસિંહ ઈશ્વરસિંહ ઠાકોર / અતુલચંદ્ર પ્રમોદચંદ્ર પાઠકજી / અધ્યાત્માનંદ સરસ્વતી / અનવર આગેવાન / અનંત વ્યાસ / અનંતરાય વજેશંકર દવે / અનંતરાય જે. રાવળ / અનિરુદ્ધ તન્ના / અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ / અનિલ કડકિયા / અનિલ જાની / અનિલ પ્રધાનભાઈ કોઠારી / અનિલ રમાનાથ જોશી / અનિલકુમાર યોગેન્દ્ર ત્રિપાઠી / અનિલા અમૃતલાલ દલાલ / અનુપચંદ્ર મલુકચંદ્ર / અબ્દુર્રશીદ અબ્દુલગફાર શેખ / અબ્દુલરશીદ અબ્દુલમજીદ હાંસોટી શેખ / અબ્દુલકરીમ ભીખુભાઈ શેખ / અબ્દુર્કાદિર મોહમ્મદભાઈ ફ્રાતીવાલા / અબ્દુલગફાર ઇસ્હાક પોશલા / અબ્દુલગફાર કાસમમિયાં કાજી 'બેન્યાઝ ધોલવી' / અબ્દુલરશીદ મહમ્મદભાઈ મુનશી 'રશીદ મુનશી' / અબ્દુલસત્તાર ઈસા પરિયાણી / અબ્બાસઅલી કે. તાઈ / અભેસિંહ હરિભાઈ પરમાર / અમર / અમી રાવલ / અમીદાસ પરમાણંદદાસ કાણકિયા / અમીન કુરેશી / અમીરમહમ્મદ દીનમહમ્મદ સિંધી 'મુસાફિર પાલનપુરી' / અમુભાઈ ઝાલા / અમૃત ભગવાનજી ગંગર / અમૃતભાઈ ભાણાભાઈ રાણા / અમૃતલાલ ગોવામલ વેગડ / અમૃતલાલ છ. શાહ / અમૃતલાલ મકનજી રાણિંગા / અમૃતલાલ મનસુખલાલ ઉપાધ્યાય / અમૃતલાલ મોતીલાલ વ્યાસ / અમૃતલાલ રતનશી દક્ષિણી / અરવિંદ કાયસ્થ / અરવિંદ કાંટિયા / અરવિંદ જયંતીલાલ ઓધારિયા 'રાહી ઓધારિયા' / અરવિંદ પ્રભાશંકર દવે / અરવિંદ પારેખ / અરવિંદ હર્ષદરાય જોશી / અરવિંદ વેગડા / અરવિંદ હિંમતલાલ

ઉપાધ્યાય / અરવિંદભાઈ લીલચંદભાઈ શાહ 'ધૂની માંડલિયા' / અરિસિંહ નાથાભાઈ વાળા / અરુણ જયંતીલાલ પારેખ / અરુણ પટેલ / અરુણ મોજીરામ દેશાણી / અરુણ રમણલાલ વામદત / અરુણા મનહર બક્ષી / અરુણા સુરેન ચોકસી / અરુણિકા મનોજભાઈ દરૂ / અરુણોદય નટવરલાલ જાની / અવન્તિકુમાર જયદેવરામ દવે 'અવન્તિ દવે' / અવિનાશ કાલાણી / અવિનાશ પારેખ / અવિનાશ ભોગીલાલ મણિયાર / અવિનાશ યશશ્ચંદ્ર મહેતા / અશરફ ડબાવાલા / અશોક ચંચલ / અશોક જયાશંકર જોશી / અશોક ઠાકોર / અશોક રતનસી હર્ષ / અશોક મેઘાણી / અશોક વાસન / અશોક વિદ્વાંસ / અશોક શાહ / અશોકપુરી હીરાપુરી ગોસ્વામી / અશ્વિન કીકુભાઈ દેસાઈ / અશ્વિન રણછોડજી દેસાઈ / અશ્વિનભાઈ ડુંગરદાસ પટેલ / અશ્વિની હરિપ્રસાદ ભટ્ટ / અસિત શુક્લ / અહમદમહમદ હથુરાણી / અંજની નરવણે / અંજની ભગવતી / અંજની સુરેન્દ્રભાઈ મહેતા / અંજલિ પ્રદીપભાઈ ખાંડવાલા / અંજુમ ઉજયાનવી / અંબાલાલ એસ. પાટણવાળા / અંબુભાઈ દેસાઈભાઈ પટેલ / અંબુભાઈ શાહ

**આ**ત્માનંદ સ્વામી / આત્માનંદગીરી / આત્મારામભાઈ કાનજીભાઈ પટેલ / આદમ નૂરમોહમ્મદ સુમરો / આદમ મુસા પટેલ 'અદમ ટંકારવી' / આનંદ વિઠ્ઠલદાસ ચંદે / આપાજી બાવાજી અમીન / આપાભાઈ હમીરભાઈ / આબિદ ગુલામહુસેન સૂરતી / આરતી વિષ્ણુભાઈ પંડ્યા / આરા શાહ / આહમદ લાલમહમ્મદ મકરાણી

**ઇ**કબાલ મોતીવાલા / ઇકબાલહુસેન મુર્તુઝામિયાં સૈયદ / ઇજ્જતકુમાર રેવાશંકર ત્રિવેદી / ઇન્દુકુમાર જાની / ઇન્દુબહેન જશવંતલાલ મહેતા / ઇન્દ્રદેવ ગાયત્રીપ્રસાદ આચાર્ય / ઇન્દ્રવદન કાશીનાથ દવે / ઇન્દ્રવદન કિશોરચંદ્ર છાયા / ઇન્દ્રવદન ગુણવંતભાઈ ત્રિવેદી / ઇન્દ્રવદન મણિલાલ પંડ્યા / ઇન્દ્રવદન વિષ્ણુપ્રસાદ ત્રિવેદી / ઇન્દ્રસિંહ કરણસિંહ પુવાર 'ઇન્દુ પુવાર' / ઇબ્રાહિમ હસન કટારિયા / ઇમામુદ્દીન મુર્તઝાખાન બાબી 'રુસ્વા મઝલૂમી' / ઇલા આરબ મહેતા / ઇલા ઉર્વીશ પાઠક / ઇલા નાયક / ઇલા રમેશચંદ્ર ભટ્ટ / ઇલા રસિકલાલ શાહ / ઇસ્માઈલ ઇબ્રાહિમ પટેલ / ઇસ્માઈલ ઇબ્રાહિમ મકવાણા / ઇસ્માઇલ હાસમ શેખ / ઈશ્વર પંડ્યા / ઈશ્વર સુથાર 'શિલ્પી' / ઈશ્વરચંદ્ર ભગવાનભાઈ ભટ્ટ / ઈશ્વરભાઈ દામજીભાઈ પરમાર / ઈશ્વરભાઈ મૂળજીભાઈ પટેલ / ઈશ્વરલાલ કરુણાશંકર મહેતા / ઈશ્વરલાલ ગિરધરલાલ ઓઝા / ઈશ્વરલાલ મણિલાલ મહેતા / ઈશ્વરલાલ વસંતલાલ કાન્તિલાલ / ઈસુદાસ ડાહ્યાભાઈ મકવાણા

**ઉ**પેન્દ્ર ઉમિયાશંકર રાવલ / ઉપેન્દ્ર કાકા / ઉપેન્દ્ર ભવાનીશંકર દવે / ઉપેન્દ્ર રવિશંકર ભટ્ટ / ઉપેન્દ્ર રામશંકર ભટ્ટ / ઉપેન્દ્રપ્રસાદ નટવરલાલ દવે / ઉમરઅહમદ ઉઘરાતદાર 'અઝીઝ ટંકારવી' / ઉમાકાન્ત વજેશંકર રાજ્યગુરુ / ઉમેશ જયંતીલાલ જોશી / ઉષા અરુણ ચતુર્વેદી / ઉષા ઠક્કર / ઉષા રમેશભાઈ શેઠ / ઉષા રાજે / ઉષાકાન્ત ચમનલાલ મહેતા

**ઊ**જમશી છગનલાલ પરમાર / ઊર્મિ ઘનશ્યામ દેસાઈ / ઊર્મિ પરીખ / ઊર્મિલા ગૌતમભાઈ શાહ / ઊર્મિલા વિશ્વકર્મા

**એ**કલવ્ય / એની ચંદ્રકાન્ત સરૈયા / એસ. ડી. પરમાર / એસ્થર ડેવિડ / એ. એફ. શેઠ /



એ. બી. શાહ / એલ. ડી. જોશી

**ઓ**ચ્છવભાઈ શાહ / ઓચ્છવલાલ અંબાલાલ ગાંધી

